પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૦-૧-૨૦૨૫, શુક્રવાર
વર્ષઃ ૧૩, અંક : ૨૫૭

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

પરિસ્થિતિ કેવી હશે એ ભલે આપણા હાથમાં ના હોય પણ એનો સામનો કેમ કરવો એતો આપણા હાથમાં જ છે.

**સરકારના નવતર પ્રયોગ થકી ત્રણ વર્ષમાં ૧૬૧૫૫ કરોડનું ૮૭૬૦૭ કિલો ડ્રગ્સ ઝડપાયું**

(વાંચો છેલ્લા પાને)






## આશારામની મુશ્કેલી વધી

# યૌન શોષણ કેસના મુખ્ય સાક્ષીના હત્યાના આરોપીને કર્ણાટકથી દબોચી લેતી ક્રાઈમ બ્રાન્ચ

### ૨૩ મેં ૨૦૧૪ના રોજ રાજકોટના સંત કબીર રોડ પર અમૃત પ્રજાપતિની ગોળી મારી કરાઈ'તી હત્યાઃ વૈદ્ય પાસે દર્દી બનીને આવેલા શખ્સે ફાયરિંગ કરતા ઘવાયેલા અમૃત પ્રજાપતિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું'તું

**અબતક, રાજકોટ**


યૌન શોષણ કેસમાં આજીવન કેદની સજા ભોગવતાં આસારામની મુશ્કેલીઓમાં વધારો થયો છે. યૌન શોષણ કેસના મુખ્ય સાક્ષી વૈદ્ય અમૃત પ્રજાપતિને ૨૩ મેં ૨૦૧૪ના રોજ રાજકોટના સંત કબીર રોડ પર ગોળી મારી દેવામાં આવી હતી. જે બાદ ઈજાગ્રસ્ત હાલતમાં અમૃત પ્રજાપતિને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા પરંતુ સારવાર દરમિયાન ૨૦માં દિવસે અમૃત પ્રજાપતિનું મોત થઈ જતાં બનાવ હત્યામાં પલટાઈ ગયો હતો. જે મામલે અમૃત પ્રજાપતિએ હત્યારા તરીકે આશારામના છ શિષ્યોના નામ અગાઉ પોલીસને આપી દીધા હતા. જે મામલે હવે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી કરતા હત્યા કેસના આરોપી કેશવ નામના શખ્સને કર્ણાટકથી ઉઠાવી લીધો છે.

પ્રાપ્ત વિગત અનુસાર આસારામના ભૂતપૂર્વ અનુયાયી અને આસારામની કાળી કરતુતોનો પર્દાફાશ કરનાર અમૃત પ્રજાપતિની વર્ષ ૨૦૧૪ની ૨૩મેંના રોજ ગોળી ધરબી હત્યા નીપજાવી દેવામાં આવી હતી. અમૃત પ્રજાપતિ અગાઉ આશારામના જ અનુયાયી હતા. તેઓ આશારામના અમદાવાદ આશ્રમના પ્રમુખ વૈદ્ય હતા. દરમિયાન આશારામની કાળી કરતુતો અંગે જાણ થતાં અમૃત પ્રજાપતિએ આશ્રમ છોડી દીધો હતો અને આશારામની લંપટ લીલાઓનો પર્દાફાશ કર્યો હતો. જે બાદ તેઓ રાજકોટ ખાતે સંત કબીર રોડ સ્થિત શાંતિ આયુર્વેદિક હોસ્પિટલમાં દર બીજા અને ચોથા શુક્રવારે દર્દીઓને જોવા આવતા હતા. ૨૩ મેં, ૨૦૧૪ના રોજ બપોરે એક વાગ્યાંના અરસામાં એક રાજુ નામનો શખ્સ દર્દી તરીકે આવ્યો હતો અને અમૃત પ્રજાપતિ પાસેથી તેમની બીમારીની દવા લીધી હતી. જે બાદ અમૃત પ્રજાપતિ જમવા માટે બહાર જઈ રહ્યા હતા તે દરમિયાન આ શખ્સે પેન્ટમાં છુપાવેલ રિવોલ્વર કાઢી ગોળીબાર શરૂ કરી દીધો હતો અને ફાયરિંગ કર્યા બાદ નાસી ગયો હતો.



ફાયરિંગના કારણે અમૃત પ્રજાપતિને ગળા અને મોઢાના ભાગે ગોળીઓ વાગતા તેઓ લોહીથી લથપથ ત્યાં જ ઢળી પડ્યા હતા. જે બાદ તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ઓપરેશન બાદ તેઓ ભાનમાં આવતા આશારામના અનુયાયીઓના નામો આપ્યા હતા. જે બાદ સારવારના ૨૦માં દિવસે અમૃત પ્રજાપતિનું મોત નીપજ્યું હતું. જે મામલે પોલીસે ઘટનાસ્થળેથી બે હથિયાર અને ૧૦ કાર્ટિસ કબ્જે કર્યા હતા.

**રાજકોટમાં દસ વર્ષ પૂર્વે બનેલી હત્યાની બહુચર્ચિત હત્યા કેસમાં ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા**



મૃતક - અમૃત પ્રજાપતિ

મળી છે. પોલીસ કમિશ્નર બ્રજેશ ઝા અને ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શનમાં પીઆઈ એમ આર ગોંડલીયા અને પીઆઈ એમ એલ ડામોરની ટીમો ચકચારી હત્યા કેસના ફરાર આરોપીઓને શોધી કાઢવા ટીમો અલગ અલગ દિશામાં તપાસ કરી રહી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર દરમિયાન ટેક્નિકલ અને હ્યુમન રિસોર્સની મદદથી એક આરોપી કર્ણાટક તરફ હોવાનું જાણવા મળતા જ ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ કર્ણાટક તરફ દોડી ગઈ હતી. જ્યાં સતત વોચ રાખીને આરોપીની ઓળખ મેળવી ભારે જહેમત ઉઠાવીને ક્રાઈમ બ્રાન્ચની ટીમે કેશવ નામના આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. જે આરોપીને લઈને પરત આવવા ટીમ કર્ણાટકથી રવાના થઈ ગયાનું વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું હતું.

### વર્ષ ૨૦૧૬માં કાર્તિક નામના શાર્પ શૂટરની એટીએસએ કરી'તી ધરપકડ

જોધપુર જેલમાં બંધ યૌન શોષણ ઉત્પીડનના આરોપી આસારામ વિરૂધ્ધના કેસમાં સાક્ષીઓના મોતનું કોકડું ઉકેલાયું છે. અગાઉ ગુજરાત પોલીસે શાર્પ શૂટર કાર્તિકને ઝડપી લીધો હતો. ગુજરાત એટીએસે જુબાની આપનારા ત્રણ લોકોની હત્યાનો પર્દાફાશ કરતાં કાર્તિક નામના શાર્પ શૂટરને વર્ષ ૨૦૧૬માં ઉઠાવી લીધો હતો. આશારામને ભગવાન માનનાર કાર્તિક પર ત્રણ સાક્ષીઓની હત્યા ઉપરાંત અન્ય લોકો ઉપર જીવલેણ હુમલા કરવાનો પણ આરોપ હતો. પશ્ચિમ બંગાલના રહેવાસી કાર્તિક આસારામ જેલમાં ગયા બાદ પોતાનું ઠેકાણું ઘણીવાર બદલ્યું હતું. સાક્ષીઓની હત્યા માટે તે ગુજરાત, બિહાર અને હરિયાણામાં ચક્કર કાપતો હતો.

### આશારામ ૩૧ માર્ચ સુધી 'બહાર' અને પૂર્વ શિષ્ય 'અંદર'

બળાત્કારના કેસમાં લાંબા સમયથી જેલમાં રહેલા આસારામના ત્રણ દિવસ પૂર્વે જ કોર્ટે પેરોલ મંજુર કર્યા હતા. આસારામને ૨૦૧૩માં બળાત્કારના કેસમાં ગાંધીનગરની નીચલી અદાલતે આજીવન કેદની સજા ફટકારી હતી. ત્યારથી આસારામ જેલમાં છે. સુપ્રીમ કોર્ટે તબીબી આધાર પર ૩૧ માર્ચ સુધીના પેરોલ મંજુર કર્યા છે. સુપ્રીમ કોર્ટએ આસારામને પેરોલ આપતાં કેટલીક શરતો પણ મૂકી છે. ત્યારે હવે પૂર્વ શિષ્યની ધરપકડ થતાં આશારામની મુશ્કેલીઓ વધશે તેવી પ્રબળ શક્યતા છે.


# અર્થતંત્ર રંગ લાવ્યુંઃ ૨૦૨૪માં આઈપીઓમાં ૩.૪ લાખ કરોડથી વધુનું રોકાણ આવ્યું

### કુલ ૯૧માંથી ૩૫ આઈપીઓને ૫૦ ગણાથી વધુ સબસ્ક્રિપ્શન મળ્યું જ્યારે ૬૬ આઈપીઓને ૧૦ ગણાથી વધુ સબસ્ક્રિપ્શન મળ્યું

**અબતક, નવી દિલ્હી**

૨૦૨૪માં ભારતીય ઈકિવટી ફંડ એકત્રીકરણ રૂ. ૩.૯૯ લાખ કરોડ સુધી પહોંચ્યું છે. જેનું મુખ્ય કારણ પ્રારંભિક શેર વેચાણ એટલે કે આઈપીઓનો સેલાબ આવ્યો હતો. કારણ કે રોકાણકારોનો રસ સમગ્ર વર્ષ દરમિયાન મજબૂત રહ્યો. રાઈટ્સ ઈશ્યૂને બાદ કરતાં, ઈક્વિટીમાંથી એકત્ર કરાયેલી રકમ રૂ. ૩.૭૩ કરોડ રહી, જે પાછલા વર્ષના સમયગાળાની સરખામણીમાં ૧૫૯% નો વધારો દર્શાવે છે.

અહેવાલ મુજબ, ૯૧ ભારતીય કંપનીઓએ બંને એક્સચેન્જ પર લિસ્ટેડ આઈપીઓ દ્વારા રૂ. ૧.૫૯ લાખ કરોડ એકત્ર કર્યા. આ ૨૦૨૩ માં કંપનીઓ દ્વારા એકત્ર કરાયેલી રકમ કરતા ૩ ગણું વધારે છે. આ વર્ષે હ્યુન્ડાઈનો સૌથી મોટો આઈપીઓ પણ આવ્યો, જેણે ૨૭,૮૫૯ કરોડ રૂપિયા એકત્ર કર્યા. નવા યુગની ટેકનોલોજી કંપનીઓએ ૨ વર્ષ શાંતિ બાદ ૮ આઈપીઓ સાથે ૨૧,૪૩૮ કરોડ રૂપિયા એકત્ર કર્યા.




જનતા તરફથી એકંદરે ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો કારણ કે ૯૧ માંથી ૩૫ આઈપીઓ ને ૫૦ ગણાથી વધુ સબસ્ક્રિપ્શન મળ્યું હતું અને તેમાંથી ૬૬ આઈપીઓને ૧૦ ગણાથી વધુ પ્રતિસાદ મળ્યો હતો. રિટેલ રોકાણકારો તરફથી આઈપીઓ માટે રસનું સ્તર પણ આસમાને પહોંચ્યું કારણ કે ૨૦૨૪ માં રિટેલ તરફથી અરજીઓની સરેરાશ સંખ્યા વધીને ૧૮.૮૭ લાખ થઈ

(અનુ. આઠમા પાને)


રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com
(મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)

વ્યાજદર ફક્ત ૯.૨૫%* થી
GST સરોગેટ ઓવરડ્રાફ્ટ સુવિધા

છેલ્લા ૧ વર્ષનું GST રિટર્નના વેચાણનાં ૩૦%નું ધિરાણ
સિક્યુરીટી કવરેજ ૧૨૫%
રૂા. ૨.૫૦ કરોડ સુધી ધિરાણની સુવિધા
જામીનની જરૂરિયાત નહિ
*શરતોને આધિન

નાના માણસની મોટી બેંક
સહકારથી સમૃદ્ધિ





આ વર્ષની થીમ: 'એક વૈશ્વિક અવાજ અને સાંસ્કૃતિક ગૌરવ'

# વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષામાં હિન્દી ચોથા ક્રમે: આજે વિશ્વ હિન્દી દિવસ

## ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૯ ના રોજ ભારતની સંવિધાનીક સભામાં હિન્દીને રાષ્ટ્રભાષા ઘોષિત કરવામાં આવી હતી: વિશ્વમાં ભારત સહિત અન્ય દેશોના એક અબજ થી વધુ લોકો હિન્દી ભાષા બોલે છે: હિન્દી ભાષાના પ્રચાર-પ્રસારમાં ફિલ્મો, ટીવી ધારાવાહિક સાથે ફિલ્મી ગીતોએ મહત્વનો ભાગ ભજવ્યો છે

**ભારત સહિત વિશ્વના ૫૦ થી વધુ દેશોમાં થોડા ઘણા ફેરફારો સાથે હિન્દી ભાષા બોલાય છે: હિંદી અને હિન્દ તે સંસ્કૃત શબ્દ સિંધુનો અપભ્રંશ છે: હિન્દી અને ઉર્દૂ ભગિની ભાષા કહેવાય છે, દેવનાગરી લિપી હિન્દી છે, શબ્દાવલીના સ્તર પર જોઈએ તો મોટા પ્રમાણમાં સંસ્કૃતનો શબ્દ પ્રયોગ વધુ થાય છે**

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આપણી શિક્ષણ પદ્ધતિમાં પણ પાયાનાં શિક્ષણથી જ ગુજરાતી ભાષા સાથે હિન્દી વિષય છાત્રોને શીખવવામાં આવે છે ,ત્યારે આ મીઠી ભાષા લોકોને બોલવી ખૂબ જ ગમે છે, આપણા ગુજરાત રાજ્ય કરતા અન્ય રાજ્યના લોકો હિન્દી બહુ જ સારી રીતે બોલી શકે છે. આજના ઈન્ફોર્મેશન ટેકનોલોજી યુગમાં અંગ્રેજીનું ભલે પ્રભુત્વ રહ્યું ,પણ વૈશ્વિક સ્તરે વધુ બોલાતી ભાષાના ટોપ ફાઈવમાં હિન્દી ભાષા સ્થાન ધરાવે છે. આજે વિશ્વ હિન્દી દિવસ છે, સમગ્ર વિશ્વમાં ઘણા દેશોમાં હિન્દી ભાષા ચલણમાં છે. ૨૦૦૬ થી આ વૈશ્વિક દિવસ ઉજવાય છે. આ વર્ષની ઉજવણી થીમ ''એક વૈશ્વિક અવાજ અને સાંસ્કૃતિક ગૌરવ'' છે જેનો હેતુ ભાષાકીય અને આંતરરાષ્ટ્રીય આદાન-પ્રદાન માટે હિન્દી ભાષાના ઉપયોગને પ્રકાશિત કરે છે.

હિન્દી અને ઉર્દૂ ભગિની ભાષાઓ કહેવાય છે, તેના વ્યાકરણ અને શબ્દ ભંડોળમાં ઘણી સમાનતા જોવા મળે છે. ભાષાકુળ જોઈએ તો ઈન્ડો યુરોપિયન, ઈરાનિયન, આર્યન, મધ્યક્ષેત્ર હિંદી, પશ્ચિમી હિંદી, ખડીબોલી સાથે સ્વરૂપોમાં જોઈએ તો સૌરસેની પ્રાકૃત અને તેની અપભ્રંશ જુની હિન્દી છે. બહેરા મુંગા લોકો માટે સંકેતાત્મક હિંદી પણ છે. વિદેશોમાં ગયાના, મોરેશિયસ, ટ્રીનીનાડ, બ્રિટન, ફ્રાન્સ, નેપાળ, અમેરિકા, જેવા દેશોમાં હિન્દી ભાષાનું બોલચાલમાં ઉપયોગ થાય છે. ૨૬ જાન્યુઆરી ૧૯૬૫ ના રોજ હિન્દી ને ભારતની રાષ્ટ્રભાષા ઘોષિત કરવામાં આવી હતી. સંસ્કૃતિની અસર તળે હિન્દીમાં ઘણા ફારસી શબ્દોનો સમાવેશ થાય છે. આપણી હિન્દી ફિલ્મોએ વિશ્વના અન્ય દેશોમાં પણ ભાષાનો પ્રસાર કર્યો છે.

ચીની ભાષા પછી હિન્દી વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષા છે. ભારત અને વિદેશના લોકો સહિત અંદાજે એક અબજથી વધુ લોકો આ ભાષા બોલે છે, અથવા લખે છે. ફિજી, ગયાના, નેપાળ, સુરીનામ અને મોરેશિયસ જેવા દેશોમાં મોટાભાગની પ્રજા હિન્દી બોલે છે, ત્યાંની હિન્દી આપણી હિન્દી કરતાં થોડી જુદી છે. આપણા દેશમાં નાગપુર ખાતે ૧૯૭૫ માં પ્રથમવાર હિન્દી પરિષદ યોજવામાં આવી હતી જેમાં ૩૦ દેશના ૧૨૨ પ્રતિનિધિઓ જોડાયા હતા. ભારત ઉપરાંત ફિજી દેશની પણ હિન્દી સત્તાવાર ભાષા છે.

આ ભાષાની બોલીમાં અવધ, વ્રજ, કનૌજી, બધેલી, બૂંદેલી, ભોજપૂરી, હરિયાણવી, રાજસ્તાની, માળવી, મૈથિલી, કુમાઉ ભાષા પણ એક પ્રકારે હિન્દી જ ભાષા છે. આજે હિન્દી-ફિલ્મી ગીતો ટીવી સીરીયલ્સ બધામાં હિન્દી ટોચના સ્થાને છે.સંસ્કૃતમાંથી ઉત્પન થયેલી ભાષાને ઈન્દો આર્યન ગણાય છે. ઉર્દૂ-કશ્મીરી-બંગાળી-ઉડીયા-પંજાબી-મરાઠી જેવી ભાષાઓ ઈન્ડો આર્યન જ છે. આપણી સૌથી પ્રાચિનભાષા સંસ્કૃત છે. વૈદિક સંસ્કૃતનો ક્રમબધ્ધ વિકાસ એટલે હિન્દી, ભાષા વિકાસમાં બૌદ્ધ, જૈન પ્રાકૃત, મૌર્ય, બ્રાહ્મી, આદી સંસ્કૃત, સિધ્ધ માત્રિકા લિપીનો વિકાસ છે. ૯૯૩ માં લખાયેલ દેવસેનની શવકચર કદાચ હિન્દીનું પહેલું પુસ્તક હશે તેવું મનાય છે. ભારત સહિત વિશ્વના ૫૦ થી વધુ દેશોમાં થોડા ઘણા ફેરફારો સાથે હિન્દી ભાષા બોલાય છે.




અપભ્રંશનો અસ્ત થયોને આધુનિક હિન્દીનો વિકાસમાં આમિર ખુસરો, હંસવાલી, કબીરની રચના, અપભ્રશના છેલ્લા મહા કવિ રઘુ, નવલદાસની ભક્ત માલા, બનારસીદાસ, ગુરૂ અર્જુન દેવ, તુલશીદાસ, જારમલે, રામચંદ્ર શુકલા જેવા મહાન લોકોના પ્રયાસો થકી હિન્દી ભાષાનો વિકાસ થયો છે.ભાષાવિદો હિન્દી અને ઉર્દૂને એક ભાષા સમજે છે. હિન્દી દેવનાગરી લિપીમાં લખાય છે. ૧૯૬૫ સુધીમાં હિન્દી સરકારી કામગીરીની ભાષા બની ગઈ હતી. આજે ભલે અંગ્રેજીના પ્રભાવમાં હિન્દી દબાઈ ગઈ હોય તેવું લાગે પણ અંગ્રેજી ભક્તો પણ હિન્દી ફિલ્મો જોવે છે, હિન્દી ગીતો સાંભળે છે. ગાંધીજીએ હિન્દીને એકતાની ભાષા કરી હતી. વિદેશોમાં અભ્યાસક્રમોમાં, યુનિવર્સિટીઓમાં હિન્દીનો સમાવેશ થયો છે. જ્યારે આપણા દેશમાં તેની બાદબાકી થતી જાય છે.રાષ્ટ્રીય હિન્દી દિવસ કે વિશ્વ હિન્દી દિવસ ઉજવણીનો હેતુ હિન્દી ભાષાના પ્રચાર-પ્રસાર માટે જનજાગૃતિનો છે, અને તેને આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે રજૂ કરવાનો છે.

હિન્દી દિવસ અને વિશ્વ હિન્દી દિવસને લઈને ઘણા લોકોમાં અસમંજસ હોય છે. બંનેનો હેતું હિન્દી ભાષાનો પ્રચાર-પ્રસાર કરવાનો છે. રાષ્ટ્રીય હિન્દી દિવસ ૧૪ સપ્ટેમ્બરનાં રોજ ઉજવાય છે, જ્યારે વિશ્વ હિન્દી દિવસ ૧૦ જાન્યુઆરી આજે ઉજવાય છે. ભારતની આઝાદી બાદ ભાષાને લઈને મોટો સવાલ હતો કેમકે, આપણાં દેશમાં કેટલાય પ્રકારની ભાષાઓ, પ્રાદેશીક ભાષા અને બોલીઓ બોલવામાં આવતી હતી. સર્વાનુમતે નિર્ણય લઈને હિન્દી અને અંગ્રેજીને નવા રાષ્ટ્રની ભાષા પસંદ કરાય હતી.

હિન્દી એક ભાષા નથી પણ, ભારતીય સંસ્કૃતિની વાહક ભાષા છે, જેની સાથે હજારો વર્ષની સંસ્કૃતિ જોડાયેલી છે. આજે વિશ્વમાં કરોડો લોકો હિન્દી બોલે છે. આપણા હિન્દી ફિલ્મ તથા તેના ગીતો વિશ્વના મોટાભાગના દેશોમાં પ્રચલિત થઈ ગયા છે.

### આ દેશોમાં પણ બોલ-ચાલની ભાષા છે હિન્દી

વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષામાં અંગ્રેજી પ્રથમ સ્થાને છે , જ્યારે બીજા ક્રમે સ્પેનિશ અને મંદારિન જેવી ભાષા બાદ હિન્દીનું સ્થાન છે. હિન્દી ભારત સિવાય નેપાળ, તિબેટ, ફિજી, અમેરિકા, મોરેશિયસ, ફિલીપીંસ, બ્રિટેન, ન્યુઝિલેન્ડ, સિંગાપુર, યુગાન્ડા, જર્મની, દક્ષિણ આફ્રિકા, સુરીનામ, ત્રિનીદાદ, પાકિસ્તાન અને ગયાના જેવા દેશોમાં પણ થોડા-થોડા બદલાવ સાથે બોલાય છે.

### વિશ્વની ૧૭૬ વિશ્વ વિદ્યાલયોમાં હિન્દીનું શિક્ષણ અપાય છે

આજે હિન્દી દિવસે આપણી રાષ્ટ્રભાષા વિશે બધા લોકોએ જાણવાની જરૂર છે. વિશ્વની ૧૭૬ મહાવિદ્યાલયોમાં હિન્દી ભાષાનું શિક્ષણ અપાય છે. આપણાં દેશમાં ૮૦ કરોડથી વધુ લોકો હિન્દી ભાષાનો ઉપયોગ કરે છે. આજે તો યુ-ટ્યુબ સાથે ગુગલ ઉપર પણ હિન્દી આર્ટીકલ, સાથે હિન્દીમાં ટાઈપ કરવાની સુવિધા જોવા મળે છે. અમેરીકા જેવા દેશની ૪૫ વિશ્વ વિદ્યાલયોમાં હિન્દી ભણાવાય છે. ૨૦૦૬ થી વિશ્વ હિન્દી દિવસ તરીકે પણ ઉજવણી થાય છે. વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષામાં ચોથા ક્રમે હિન્દી છે.

# પતંગોત્સવ થકી પોષણ વિશે જાગૃત્તિ લાવવા 'પોષણ ઉડાન'ની પહેલ

## રાજ્યકક્ષાના પોષણ ઉડાન-૨૦૨૫ કાર્યક્રમનો એકતાનગરથી પ્રારંભ કરાવતા કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા

**અબતક, રાજકોટ**

પોષણ માનવીની શારીરિક ખામીઓને દૂર કરીને દરેક બાળક અને મહિલાને શ્રેષ્ઠ પોષણ સેવા ઉપલબ્ધ કરાવવાના મુખ્ય ઉદ્દેશ સાથે રાજ્યકક્ષાના 'પોષણ ઉડાન: ૨૦૨૫' કાર્યક્રમને એકતાનગરના વ્યુ પોઈન્ટ-૧ ખાતેથી મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ કુલ રૂ.૧૨૪૭ લાખના ખર્ચે ૫૮ આંગણવાડી કેન્દ્રોના ઈ-ભૂમિ પૂજનની સાથે કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. જેમાં જીએસપીસીના સીએસઆર ભંડોળ હેઠળ સમગ્ર દેશમાં પ્રથમ વખત લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજીનો વપરાશ કરી મહત્વકાંશી દાહોદ જિલ્લામાં ૨૯ અને નર્મદા જિલ્લામાં ૨૫ તેમજ ગાંધીનગર જિલ્લાના ૪ મળીને કુલ ૫૮ આંગણવાડી કેન્દ્રોનો સમાવેશ થાય છે.

'પોષણ ઉડાન' અંતર્ગત પતંગોત્સવ થકી પોષણ વિશે જાગૃતિ લાવવાના હેતુથી આયોજિત આ પ્રસંગે મંત્રી બાબરીયાએ જણાવ્યું કે પોષણ ઉડાનની પતંગને રાજ્યના ઘરેઘર પહોંચાડવા માટે રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર સહિત પ્રજાની ભાગીદારી ખૂબ મહત્વપૂર્ણ છે. પોષણ ઉત્સવને જનભાગીદારીથી જનઆંદોલન તરફ લઈ જવાની જવાબદારી આપણી સૌની છે. મકરસંક્રાંતિના પર્વ સાથે પોષણ ઉડાન કાર્યક્રમને જોડવાનો એકમાત્ર આશય નર્મદા જિલ્લા સહિત રાજ્ય-રાષ્ટ્રના લોકો પરંપરાગત ખોરાક પ્રેરિત કરવા અને પૌષ્ટિક ખોરાકના મહત્વ વિશે સમજણ પુરી પાડવાનો છે.



આ પ્રસંગે સાંસદ મનસુખભાઈ વસાવાએ પણ ગ્રામીણ ક્ષેત્રમાં શિક્ષણ, પોષણ અને સ્વાસ્થ્યના સ્તરને ઊંચું લાવવા બદલ અને વિકસિત રાષ્ટ્રના નિર્માણમાં મહિલાઓની સહભાગીદારી સુનિશ્ચિત થાય તે દિશામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી ડબલ એન્જિનની રાજ્ય અને કેન્દ્ર સરકારની કામગીરીનો ઉલ્લેખ કરી જનલક્ષી યોજનાઓનો બહોળો લાભ મેળવવા સૌને અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના પ્રારંભે મંત્રી શ્રીમતી બાબરીયાએ શિયાળામાં બનતી વૈવિધ્યસભર વાનગીઓ તેમજ પ્રાદેશિક પૌષ્ટિક વાનગીઓ, સરગવા જેવા સુપર ફૂડની વિશેષતા અને લીલા શાકભાજીઓનું મહત્વ, લોહતત્વનું મહત્વ, ટેક હોમ રાશન અને શ્રી અન્ન (મિલેટ્સ) તેમજ તેમાંથી બનતી વાનગીઓ, વિટામિન-સી (ચણીબોર, આંબળા, આંબલી, ખારેક, ગોટલી, કોઠું, ખજૂર, લીલી વરિયાળી, કાચીકેરી, શેરડી), ગ્રીન સલાડ, ફણગાવેલા કઠોળ, મિક્ષ કઠોળ, ફળોનું મહત્વ સમજાવતા વિવિધ સ્ટોલ્સની મુલાકાત પણ લીધી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંહ તડવી, મહિલા અને બાળ વિકાસ વિભાગ કમિશનર-સચિવ રાકેશ શંકર, મહિલા અને બાળ વિકાસ વિભાગ આઈસીડીએસ કમિશનર ડો.રણજીતકુમાર સિંહ, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જીએસપીસી તથા ટાટા સ્ટીલના પ્રતિનિધિ, સંબંધિત વિભાગના અધિકારી-કર્મચારીઓ, આંગણવાડી કાર્યકરો, મુખ્યસેવિકા, વાલીઓ, કિશોરીઓ અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# શામળાજી ગોકુલ સહિતની યાત્રાધામમાં પગપાળા જોડાતા એસજીવીપી ગુરૂકુલના સંતો



**અબતક, રાજકોટ**

આપણા શાસ્ત્રોમાં પદયાત્રાનું ખૂબજ મહત્વ છે તેમાંય પવિત્ર ધનુર્માસ.આવા પવિત્ર માસમાં કરેલ યાત્રાનું અનેક ગણુંફળ મળે છે.

એસજીવીપી ગુરુકુલના અધ્યક્ષ શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામી ની પ્રેરણાથી ગૌશાળામાં સેવાકરતા શાસ્ત્રી માધવચરણદાસજીની આગેવાની નીચે ,વિશ્વવલ્લભદાસજી સ્વામી અને ઋષિકેશદાસજી સ્વામી સાથે ૧૫ જેટલા હરિભક્તોને પ્રસ્થાન પહેલા પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીએ દરેક પદયાત્રીઓને કપાળે ચંદનની અર્ચા કરી હાર પહેરાવી આશિર્વાદ સાથેવહેલી સવારે કડકડતી ઠંડીમાં પ્રસ્થાન કરાવ્યુ હતુ. પ્રસ્થાનમાં મેમનગર ગુરુકુલના ૪૦૦ વિદ્યાર્થીઓ અને છારોડી દર્શનમ્ સસ્કૃત મહાવિદ્યાલયના ૨૦૦ ઋષિકુમારોએ પણ જનમંગલ સ્તોત્રનો પાઠ કરી ધૂન સાથે પગપાળા યાત્રાળુઓના પ્રસ્થાનમાં જોડાયા હતા.

# બજરંગ ગ્રુપ દ્વારા ચકલીના માળા નિ:શુલ્ક વિતરણ

**અબતક,રાજકોટ**

તાજેતરમાં બજરંગ ગૃપના કાર્યાલય, પંચમુખી હનુમાનજીના મંદિરની બાજુમાં, ગરેડીયા કુવા રોડ , રાજકોટ દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ નિ:શુલ્ક લાકડાના ચકલીના માળા, માટીના કુંડા, ચણ, ફીડરનું વિતરણ ભગીરથસિંહ જાડેજા, બી.કે. જાડેજા, હરેશભાઈ દવે, કિશોરભાઈ ધનજીભાઈ કારીયા, હસુભાઈ ગણાત્રા, બટુકભાઈ રાચ્છ, જતિનભાઈ ભીંડોરા, મનુભાઈ મકવાણા, મનુભાઈ ભગત, દિનેશભાઈ તન્ના, વિ.આર. બુધ્ધદેવ, હર્ષદસિંહ જાડેજા, વિજયભાઈ કે. ભટ્ટ ના વરદ હસ્તે કરવામાં આવશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૦-૦૧-૨૦૨૫ શુક્રવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ગોળ કેરી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ચીઝ ચટણી બોલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (અબેક્સ કોર્ષ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (દર્પણ ની આરપાર)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૧-૦૧-૨૦૨૫ શનિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દીપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૧-૧-૨૦૨૫ શનીવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ શાલીવાહન શકિ: ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ |
| તિથી | પોષ શુદ બારસ તેરશનો ક્ષય મંદપ્રદોષ |
| નક્ષત્ર | રોહીણી |
| યોગ | શુકલ કરણ: કૌલવ |
| સુર્યોદય | ૭.૨૯ સુર્યાસ્ત: ૬.૨૧ |
| ચંદ્ર રાશી | વૃષભ રાત્રે ૧૧.૧૭થી મિથુન |
| રાશિ અક્ષર | બ.વ.ઉ/ક.છ.ઘ |
| દિશાશૂળ | પૂર્વ દિશા તરફ |
| રાહુકાળ | સવારે ૯ થી ૧૦.૩૦ |
| દિવસનાચોઘડીયા | કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ |
| રાત્રીનાચોઘડીયા | લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૩૦ થી ૧.૧૫ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| ૨ | ૭ | | | ૧ | ૪ | ૫ | ૬ | |
| ૪ | | | | | | ૧ | | ૨ |
| | ૮ | | ૨ | | | ૪ | | |
| ૭ | | | ૫ | ૪ | | | ૨ | ૧ |
| ૫ | | ૪ | | ૮ | ૯ | | | |
| | ૩ | | ૪ | | | | | |
| ૮ | | ૬ | | ૨ | ૭ | | | |
| ૯ | | | | | | | ૭ | ૪ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૨ | ૮ | ૪ | ૭ | ૩ | ૧ | ૫ |
| ૩ | ૭ | ૫ | ૧ | ૬ | ૨ | ૮ | ૯ | ૪ |
| ૮ | ૧ | ૪ | ૩ | ૯ | ૫ | ૨ | ૬ | ૭ |
| ૧ | ૫ | ૬ | ૭ | ૩ | ૯ | ૪ | ૮ | ૨ |
| ૪ | ૨ | ૯ | ૫ | ૮ | ૧ | ૬ | ૭ | ૩ |
| ૭ | ૩ | ૮ | ૪ | ૨ | ૬ | ૧ | ૫ | ૯ |
| ૨ | ૬ | ૧ | ૯ | ૭ | ૩ | ૫ | ૪ | ૮ |
| ૫ | ૮ | ૭ | ૨ | ૧ | ૪ | ૯ | ૩ | ૬ |
| ૯ | ૪ | ૩ | ૬ | ૫ | ૮ | ૭ | ૨ | ૧ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૧.૧.૨૦૨૫, શનિવાર, સંવંત ૨૦૮૧, પોષ સુદ બારસ, રોહિણી નક્ષત્ર, શુક્લ યોગ, કૌલવ કરણ, આજે રાત્રે ૧૧.૫૪ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ વૃષભ (બ,વ,ઉ) ત્યારબાદ મિથુન (ક,છ,ઘ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.

**વૃષભ (બ,વ,ઉ)** : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, દિવસ મધ્યમ રહે.

**મિથુન (ક,છ,ઘ)** : ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**કર્ક (ડ,હ)** : શત્રુઓથી સાવધાન રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે, અંગત લોકોમાં મતભેદ રહી શકે.

**સિંહ (મ,ટ)** : સંતાન અંગે સારું રહે, અંગત સંબંધો સુધારી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ)** : જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત)** : નોકરિયાતવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નવા કાર્યમાં લાભ મેળવી શકો.

**વૃશ્ચિક (ન,ય)** : આર્થિક બાબતોમાં સારું રહે, બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : મિત્રોની મદદ મળી રહે, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક રહે.

**મકર (ખ,જ)** : ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી, બજાર બાબતનું ગણિત સંભાળીને કરવું, વધુ વિશ્વાસે ના ચાલવું.

**કુંભ (ગ,સ,શ)** : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, કાર્યમાં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ)** : નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો, આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

# ગુજરાતી ફિલ્મ ''તારો થયો'' જીવનભરના સંગાથની કથા દરેકનું મન મોહી લેશે

## ''તારો થયો'' લવ સ્ટોરી સાથે મ્યુઝિકલ એન્ટરટેનમેન્ટ આપતી ફિલ્મ ૧૭મીએ સિનેમા ઘરોમાં ધૂમ મચાવશે



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા



**અબતક, રાજકોટ**

ભારતીય સિનેમા માં ભારતભરમાં નિર્માણ થતી ફિલ્મોનો સમાવેશ થાય છે જેમાં મુંબઈના સિનેમાની સંસ્કૃતિ ઉપરાંત આંધ્ર પ્રદેશ, આસામ, કર્ણાટક, કેરળ, પંજાબ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોની સિનેમાની પરંપરાનો સમાવેશ થાય છે. એમાં પણ આજે ખાસ ગુજરાતી સિનેમાને એક માધ્યમ તરીકે દેશમાં લોકપ્રિયતા મળી છે

'અબતક' ના મેનેજીંગ ટ્રસ્ટી સતિષકુમાર મહેતાએ જણાવ્યું હતું કે, ગુજરાતી ફિલ્મ સાત્વિક મનોરંજન અને લોક સાંસ્કૃતિકને ઉજાગર રાખવાનું મહત્વનું કામ કરે છે. ત્યારે ગુજરાતી ફિલ્મ નિર્માતાઓને ફિલ્મ બનાવવામાં જેટલી તકેદારી અને ચીવટ રાખવામાં આવે છે. એટલી જ ચીવટ પ્રમોશન અને પ્રચાર પ્રસાર માટે રાખવી જોઈએ. દેશ-દુનિયાભરમાં વસતાં ગુજરાતી પરિવારો ગુજરાતી ફિલ્મ પહોચાડવામાં પ્રચાર-પ્રસાર અનિવાર્ય છે.

આધુનિક ટેકનોલોજીના કારણે પ્રોડક્ટ રજૂ કરવાના પ્રસ્થાપિત સિનેમેટિક નિયમોમાં સુધારો થયો અને લક્ષ્યાંકિત દર્શકો સુધી સામગ્રી પહોંચાડવાની પદ્ધતિમાં ધરમૂળથી ફેરફાર થ ફેરફાર થયો જોવા મળે છે એમાં પણ ગુજરાતી ફિલ્મ તારો થયો' એ પ્રેમના જાદુને સેલિબ્રેટ કરે છે,કેદાર પટેલ અને મિતાલીના પાત્રની આસપાસ કરે છે. જેમાં ગુજરાતી ફિલ્મના જાણીતા અભિનેતા હિતેનકુમાર કેદારની ભૂમિકામાં અને ગુજરાતી લેખિકા કાજલ ઓઝા વૈધ મિતાલીની ભૂમિકા ભજવી રહ્યા છે. આ સિવાય આરવ અને અંતરાની પણ ફિલ્મમાં આગત્વની ભૂમિકા છે. જે અનુક્રમે સન્ની પંચોલી અને વીમા નાંદી ભજવી સામ આ તમામ પાત્રોની આસપાસ વણલોટી વાતી ।બિત કરે છે કે. સાથે પ્રેમ એટલે એક જ વ્યક્તિને પ્રેમમાં વારંવાર પડવું. જે ફિલ્મ ગુજરાતી સિનેમાની દુનિયાને નવા ક્ષિતિજો સુધી પહોંચાડ્યા છે ,જેમાં પાત્રો છે કેદાર અને મિતાલી અને જેને ભજવી રહ્યા છે, ફિલ્મજગતના નામી કલાકારો હિતેન કુમાર અને કાજલ ઓઝા વૈધ તથા આરવ અને અંતરાનું પાત્ર સની પંચોલી અને વ્યોમા નંદી દ્વારા ભજવવામાં આવેલ છે. એકસાથે, આ બધા પાત્રો જીવનની સફર મા એકબીજાને ફરીથી મદદ કરે છે અને સાબિત કરે છે કે સાચો પ્રેમ એટલે એક જ વ્યક્તિના પ્રેમમાં વારંવાર પડવું.આ ફિલ્મનું નિર્માણ મુંબઈ સ્થિત લીલા મોહન પ્રોડક્શન હાઉસ દ્વારા કરવામાં આવ્યું છે,નિર્માતા વિજય ચૌહાણ, નિધિ ચૌહાણ અને સંજય ચૌહાણ છે. ફિલ્મના દિગ્દર્શક એવોર્ડ વિજેતા એડિટર અને ડિરેક્ટર ધર્મેશ પટેલ છે.

આ ફિલ્મમાં હિતેન કુમાર, કાજલ ઓઝા વૈધ, સની પંચોલી, વ્યોમા નંદી, નમન ગોર, રીવા રાચ્છ, વિસ્તાસ્પ ગોટલા, સોનુ ચંદ્રપાલ, જહાનવી પટેલ, ફિરોઝ ઈરાની, હિતેશ રાવલ, જિજ્ઞેશ મોદી અને ખાસ હાજરીમાં હિતુ કનોડિયા છે. તારો થયો ફિલ્મની વાર્તા જાણીતા લેખક અને પ્રેરક વક્તા કાજલ ઓઝા વૈધ દ્વારા લખવામાં આવી છે.ફિલ્મનું સંગીત રિપુલ શર્મા અને અભિજીત વાઘાણી દ્વારા આપવામાં આવ્યું છે.

ફિલ્મમાં ૬ ગીતો છે. સુપ્રસિદ્ધ ગાયક ઓસ્માન મીરે આ ફિલ્મની મ્યુઝિકલ જર્નીમા સામેલ છે. ફિલ્મનું સંગીત પેનોરમા મ્યુઝિક પર છે. આ ફિલ્મ પેનોરમા સ્ટુડિયો દ્વારા દેશભરમાં રિલીઝ કરવામાં આવી રહી છે. આ ફિલ્મ ૧૭મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે.

### તારો થયો ફિલ્મ થકી'' રામલો'' ફરી જોવા મળશેઃ હિતેનકુમાર



અબતક સાથેની વાતચીતમાં કલાકાર હિતેન કુમારે જણાવ્યું હતું કે'તારો થયો' માત્ર એક ફિલ્મ નથી, તે એક મ્યુઝિકલ એસ્પિરિયન્સ છે જે મનોરંજન સાથે ભાવનાત્મક કડીઓ પણ આપે છે સમય સાથે શાશ્વત બની ગઈ છે, અને તે ગુજરાતી સિનેમાને એક નવો ઊંચકો આપતી હતી તેમનાં પ્રેમને કારણે આજે પણ તેઓ એક પ્રેરણારૂપ છે. આજના યુવાનો માટે પ્રેરણાનું સ્ત્રોત છે કે કેવી રીતે સાહસ અને શ્રમથી સફળતા મેળવી શકાય છે. ગુજરાતી સિનેમામાં હું એવો વ્યકિત છું કે જેને યુવા પેઢી સાથે પણ કામ કરવાનો મોકો મળ્યો છે આ ફિલ્મ પરથી એવું કહી શકાય કે તમારો ''રામલો ''પાછો જોવા મળશે આ ઉપરાંત આ ફિલ્મમાં, મીઠી લવ સ્ટોરીને વધુ અસરકારક બનાવતા ગીતો તો કેટલીક વાર કટોકટીના અવસર પર સંવાદ પ્રદર્શિત કરતા ગીતો - આ તમામમાં ભારતીય સંગીતના તત્વોનું સમરણ જોવા મળે છે.ગુજરાતી સિનેમાએ છેલ્લા કેટલાક વર્ષોમાં એક મજબૂત વલણ લઈ લીધું છે, જયાં પ્રેક્ષકો માત્ર કથામાં નહીં પરંતુ ગીતોમાં પણ ઘણું શોધ છે. આ ફિલ્મના ગીતો શ્રોતાઓને ડીઝિટલ પોટફોર્મ પર લાંબા સમય સુધી સાંભળવાનું થાય એવું સંગીત ધરાવે છે. 'તારો થયો' માત્ર એક ફિલ્મ નથી, તે એક મ્યુઝિકલ એકસપિરિયન્સ છે જે મનોરંજન સાથેપણ આપે છે.

### ચુકી ગયેલી મોસમને ફરીથી જીવતા શીખવાડતી ફિલ્મ એટલે તારો થયોઃ વ્યોમાં નંદી



અબતક સાથેની વાતચીતમાં વ્યોમાં નંદી એ જણાવ્યું હતું કે આ ફિલ્મમાં ખરેખર પ્રેમ એટલે શું? તેમજ ચુકી ગયેલી મોસમને ફરીથી જીવતા શીખવે તેવી ફિલ્મ છે વાર્તાઓ પણ રસપ્રદ છે આ ફિલ્મમાં પ્રેમ ઉપરાંત સંગાથ સમર્પણ ની વાત રજૂ કરવામાં આવી છે,જેમાં ગુજરાતી સિનેમાના જાણીતા અને લોકપ્રિય અભિનેતા હિતેનકુમાર ને સૌ કોઈ ઓળખે છે. તેની સાથે કામ કરવાનું એક લાવો કહેવાય, આ ફિલ્મ શ્રોતાઓને એક યાદગાર મ્યુઝિકલ સફર પર લઈ જાય છે

### ફિલ્મના ગીતોમાં પ્રેમ, વિરહ, ઉમંગ અને જીવનની વિવિધ લાગણીઓનું ચિત્રણઃ ધર્મેશ પટેલ



અબતક સાથેની વાતચીતમાં ડાયરેક્ટર જણાવ્યું હતું કે,તારો થયો' ફિલ્મમાં કુલ ગીતો છે જે પ્રેક્ષકોના પનને સ્પર્શે મીઠાશ ધરાવે છે. આ ગીતોમાં પ્રેમ, વિરહ, ઉમંગ અને જીવનની વિવિધ લાગણીઓનું ચિત્રણ કરવામાં આવ્યું છે. જો કે, ફિલ્મનું મુખ્ય આકર્ષણ એ છે કે દરેક ગીત ગુજરાતની સંસ્કૃતિને વવ્યક્ત તાજગીભર્યો અનુભવ કરાવે છે.રિપુલ શર્મા અને અભિજીત વાઘાણી બંનેને મ્યુઝિક કોમ્પોઝિંગમાં વિશાળ અનુભવ છે. રિપુલ શર્માએ અગાઉ પણ ગુજરાતી ફિલ્મોને હિટ ગીતો આપ્યા છે, અને આ ફિલ્મમાં પણ તેમના સંગીતના વિવિધ શ્રેણીના એસપરિમેન્ટ જોવા મળે છે.આ ફિલ્મની મ્યુઝિકલ સફરમાં જેનાથી ખાસ ચમક જોવા મળે છે તે છે . ખાસ કરીને પ્રેમભથી ગીતો અને સોફ્ટ મ્યુઝિકમાં તેમનો અવાજ શ્રોતાઓને દિલ સુધી પહોંચાડે છે. તેમની પેશકશમાં એક ખાસ પાત એ છે કે તેઓ દરેક ગીતમાં એવી ભાવનાને જીવંત કરે છે કે કોતાને ગીત સાંભળતી વખતે તે કથા સાથે જોડાય છે.ફિલ્મમાં દરેક ગીતનું પોતાનું અલગ રંગ અને અલગ મિજાજ છે. ફિલ્મના દરેક ગીતની લિરિક્સ એટલી સુંદર છે કે તે શ્રોતાને પ્રથમ જ વાર સાંભાળવામાં ભાવવશ કરીકરવામાં આવ્યું છે, જે છેલ્લા થોડા સમયથી ભારતીય સંગીત જગતમાં પોતાની આગવી ઓળખ બનાવી રહ્યું છે. પેનોરમાની માર્કેટિંગ ટીમે ફિલ્મના મ્યુઝિકને ખૂબ નવીનતમ રીતે પ્રચારિત કર્યું છે, મ્યુઝિક લોન્યના અવસરે ફિલ્મના ગીતોને દર્શકો તરફથી ખૂબ જ સરસ પ્રતિસાદ મળ્યો છે. ગુજરાતી ફિલ્મમેકર્સ હવે નવું અને પ્રયોગાત્મક છે.સંગીત લાવવા માટે ઉત્સુક છે, અને 'તારો થયો'નું સંગીત એના શ્રેષ્ઠ ઉદાહરણ છે

### ''તારો થયો'' વિઝન -ઈમોશન સાથે એક માસ્ટર ફિલ્મઃ સન્ની પંચોલી



અબતક સાથેની વાતચીતમાં શનિ પંચોલી એ જણાવ્યું હતું કે''તારો થયો ''ફિલ્મ સાબિત કરે છે કે સાચો પ્રેમ એટલે એક જ પાક્તિના પ્રેમમાં વારંવાર પડવું, ફિલ્મની વાર્તાના લેખક કાજલ ઓઝા વૈધએ આ વિષય પર જે પરિણામો દર્શાવ્યા છે તે મા આજના યુવાનોના સંબંધોની મજબૂએ વાત ચોક્કસ છે કે પોતાના અભિનય, પ્રતિમા અને પાવર-પેક્ટ પર્ફોર્મન્સથી ફિતેન કુમાર કરીથી સાબિત કરી કે તેઓ ગુજરાતી સિનેમાના હાર્દ અને આ ફિલ્મના હાર્ટ સમય છે. આ યુવા પેઢીની માન્યતા અને લાગણીઓનું દરેક પાસામાં તેમનું સમર્પણ રેડયું છે. તેમની પ્રતિબંધમશ સ્કીન પર ચમકે છે, જે 'તારી થયો' ને વિઝન અને ઈમોશન્સ સાથે એક માસ્ટરપીસ બનાવે છે

### જીવનભરના સંગાથની વાતોની ઝલક બતાવતી બેનમૂન પટ કથાઃ રાવી રાચ્છ



અબતક સાથેની વાતચીતમાં રાવી રાચ્છે જણાવ્યું હતું. તારો થયો'' ફક્ત એક રોમેન્ટિક ફિલ્મ નથી, પરંતુ તે સંગીતમય પાત્રડની કાવ્યાત્મક રજૂઆત છે, તે ગુજરાતી સિનેમાના દર્શકો માટે એક યાદગાર અનુભવ બની રહેશે. પ્રેમની યાદો અને જીવનભરના સંગાથની વાતોની ઝલકજોવા મળશે,ગુજરાતના જાણીતા લેખક કાજલ ઓઝા વૈધ અને વિખ્યાત અત્રિનેતા હિતેન કુમાર સ્ટારર ફિલ્મ 'તારી થયો' જીવનભરના સંગાથની વાતોની પ્રથમ ઝલકને જીવંત કરતી બેનમૂન પટકથા છે. આ અને ટ્રેલરને ફિલ્મચાહકો દ્વારા ખૂબ જ પસંદ કરવામાં આવી રહ્યા છે.

# 'યહી સમય હૈ- સહિ સમય હૈ' પાટીદાર સમાજે ભવિષ્યલક્ષી આયોજન થકી વિકાસની હરણફાળ ભરી છેઃ સીએમ



તસ્વીરઃ પ્રવિણ દોંગા જામકંડોરણા



## સરદાર સાહેબની વિચક્ષણતા - પુરૂષાર્થ અને સાહસના સ્વભાવની વિરાસત પાટીદાર સમાજે દેશ-વિદેશમાં આગવી ક્ષમતાથી ઉજાગર કરી છેઃ કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયા

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં સરદારધામ આયોજિત ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ અને એક્ઝિબિશનનો પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, પાટીદાર સમાજે ભવિષ્યલક્ષી આયોજનો સાથે વિકાસની હરણફાળ ભરી છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હંમેશાં સમયથી આગળનું વિચારતા વિઝનરી નેતા છે. તેમણે અનેક નવતર પહેલથી દેશનું નામ દુનિયાભરમાં ઊજાળ્યું છે અને તેઓ ભારત માટે કહે છે, યહી સમય હૈ, સહી સમય હૈ. તે વાતને પાટીદાર સમાજે બરાબર સાર્થક કરી છે.

ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ અને એક્ઝિબિશન સમાજની આર્થિક, સામાજિક, ઔદ્યોગિક ક્રાન્તિમાં યુવાશક્તિના સામર્થ્યને ઉજાગર કરતા અવસર તરીકે સરદારધામ દ્વારા ઉજવવામાં આવે છે.

૧૨ જાન્યુઆરી દરમિયાન આ વર્ષ-૨૦૨૫ની સમિટ અને અંદાજે ૧ લાખ સ્કવેર મીટરમાં વિસ્તરેલા વિશાળ એક્ઝિબિશનનો પ્રારંભ, કેન્દ્રિય શ્રમ-રોજગાર અને યુવા બાબતો તથા રમતગમત મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા, ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી તથા વરિષ્ઠ પાટીદાર અગ્રણીઓની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીએ કરાવ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે વધુમાં કહ્યું કે, વેપાર-ઉદ્યોગની ગુજરાતની ખ્યાતિ અને ક્ષમતાને વિશ્વ સમક્ષ મૂકવાની પહેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૦૩ના સફળ આયોજનથી નરેન્દ્રભાઈ મોદીએ કરી હતી. આ વાયબ્રન્ટ સમિટ આજે ગુજરાતના વિકાસ રોલમોડેલની અને સામાજિક ક્રાન્તિની ઓળખ બની ગઈ છે. એટલું જ નહીં, દેશના અન્ય રાજ્યો પણ આવી સમિટ યોજતા થયા છે.

તેમણે ઉમેર્યું કે, પાટીદાર સમાજે આ વાયબ્રન્ટ સમિટની પ્રેરણાથી ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટના સફળ આયોજનોથી ઔદ્યોગિક અને સામાજિક વિકાસની નવી દિશા કંડારી છે. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટને પરિણામે યુવાઓ અને નવા ઉદ્યોગ સાહસિકો ઉદ્યોગો શરૂ કરવા માટે પ્રેરિત થયા છે.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી

### સરદારધામ આયોજીત ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ અને એક્ઝિબિશનનો આરંભ

વિકસિત ભારત૨૦૪૭ માટે ૨૪હ૭ કાર્યરત છે, તેમાં સમાજશક્તિ પણ પૂરી તાકાતથી જોડાઈને દેશના અમૃતકાળમાં વિકસિત ભારત-વિકસિત ગુજરાતનો કર્તવ્યકાળ બનાવે તે સમયની માંગ છે.

મુખ્યમંત્રીએ આ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ અને એક્સ્પોમાં બધા જ સમાજોની સહભાગિતાની પ્રશંસા કરતાં કહ્યું કે, સરદાર સાહેબનો એકતાના બળે પ્રગતિનો વિચાર અહીં સૌના સાથ સૌના વિકાસના પ્રધાનમંત્રીના મંત્ર સાથે સાકાર થયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મહાનુભાવોએ આ પ્રસંગે સરદાર પટેલ ઈન્ટરનેશનલ બિઝનેસ ઓર્ગેનાઈઝેશનની વેબસાઈટનું લોન્ચિંગ તેમ જ જીપીબીએસ-૨૦૨૬ યુ.એસ.એ.નું પ્રિ-લોન્ચિંગ પણ પ્રેઝન્ટેશન દ્વારા કર્યું હતું. તેમણે સમાજના વિવિધ દાતાઓનું પણ આ તકે સન્માન કર્યું હતું.

કેન્દ્રીય રમત ગમત અને શ્રમ રોજગાર મંત્રી ડો.મનસુખ માંડવિયાએ પાટીદાર સમાજની વિશેષતા વર્ણવતા કહ્યું કે, આપણે એ સમાજ છીએ જેનો ખેડૂત ખેતરમાં સખત મહેનત કરીને શ્રદ્ધા સાથે કુદરતના ભરોસે જીવે છે. મહેનત, પુરુષાર્થ અને સાહસનો સ્વભાવ હોવાથી, ગામડાંથી શહેર, અને શહેરથી દેશ-વિદેશ સુધી પટેલ સમાજ ફેલાયેલો છે.

એક ભારત, શ્રેષ્ઠ ભારત, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાકાર કરી રહ્યા છે. દેશ પરિવર્તન સાથે આગળ વધી રહ્યો છે અને મોદીજીના નેતૃત્વમાં વિકસિત ભારત બનવા જઈ રહ્યું છે. યુવાનો માટે ધંધા -વ્યવસાય માટે દેશમાં ઉત્તમ પ્રકારના અવસરોનું સર્જન થઈ રહ્યું છે. વિશ્વના વિકસિત દેશો પણ વિકાસની ગતિમાં ધીમા પડી રહ્યા છે ત્યારે ભારતનું અર્થતંત્ર ૮% ના દરે વિકસી રહ્યું છે. વર્ષ ૨૦૨૬ ના અંત સુધીમાં ભારતની ઈકોનોમી સાત ટ્રિલિયન ડોલર થાય એ દિશામાં, દેશ આગળ વધી રહ્યો છે. ૨૦૪૭માં આઝાદીનો શતાબ્દી મહોત્સવ ઉજવાય ત્યારે દેશને ૩૦ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી સુધી લઈ જવાની વડાપ્રધાનશ્રીની નેમ છે. તેના માટે ભારત સરકાર- રાજ્ય સરકારો સાથે મળીને, સાતત્ય પૂર્ણ આયોજન કરી રહી છે. દેશમાં મિડલ ક્લાસ, અપર મિડલ ક્લાસ, મોટા પ્રમાણમાં વધી રહ્યો છે. એટલે કે દેશની અંદર ખરીદીની ક્ષમતા વધી રહી છે. જ્યારે કોઈ દેશમાં પરચેઝ પાવર વધતો હોય ત્યારે, ઉદ્યોગ જગત માટે મોટી તકો છે. એ તક પાટીદાર સમાજના યુવાનો એન્કેશ કરે એ સમયની માંગ છે.

ડો. મનસુખ માંડવીયાએ સમાજને એકતા અને સંગઠીતતા સાથે વિકાસ રાહે આગળ વધવા આહવાન કર્યુ હતું. તેમણે કહ્યું કે, સરદારધામના અમ્બ્રેલા કવર નીચે અન્ય સૌ પાટીદાર સમાજો એક થઈને સર્વગ્રાહી વિકાસ માટે સાથે આવે. વિકસિત ભારતના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવામાં આનાથી મોટું બળ મળશે એમ તેમણે કહ્યું હતું.

ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ, દેશ -વિદેશના પાટીદારોને સાથે રાખીને સરદાર ધામના માધ્યમથી રાષ્ટ્રની એકતાને મજબૂત કરવાના પ્રયત્ન માટે સરદારધામના ટ્રસ્ટીઓને અભિનંદન આપીને, શુભેચ્છા પાઠવી હતી.

સરદાર ધામની એકતાના શિલ્પી અને પ્રમુખ સેવક ગગજીભાઈ સુતરીયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, ૪૧૦૦થી વધુ દીકરા દીકરી ઓ સરદાર ધામના માધ્યમથી યુ પી એસ સી, જી પી એસ સી પાસ કરીને દેશ માટે કામ કરી રહ્યા છે. તકદીર, તસવીર અને તાસીર બદલવાની નેમ સાથે તેમણે જણાવ્યું કે, આ સામાજિક ક્રાંતિ છે. ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાંબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, વિવિધ જ્ઞાતિઓના અગ્રણીઓ, તમામ ટ્રસ્ટીઓ, દાતાઓ, અગ્રણી આગેવાનો, વિદ્યાર્થીઓ અને પાટીદાર સમાજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. આ કાર્યક્રમની આભાર વિધિ સરદાર ધામના ગોવિંદભાઈ વરમોરાએ કરી હતી.

અરિહંત ઈન્વેસ્ટમેન્ટના ઉપક્રમે

# 'મહિમા માઁ કે આશિર્વાદ કી' ભકિત અને શકિતનું બુધવારે મહાપર્વ

## એક સાથે ૧૧૦૦થી વધુ દિવડાઓની દિવ્ય આરતી, ધજા ફરકશે તેમજ ઘંટડીનો નાદ ગુંજી ઉઠશે: 'અબતક' સાથેની મુલાકાતમાં સમગ્ર માહિતી આપી



**અબતક, રાજકોટ**

રાજકોટમાં ભકિત અને શક્તિ તથા સેવાનું મહાપર્વ એટલે કે ''મહિમા માં કે આશીર્વાદ કી'' નામક એક અલૌકિક અદભુત અને અવિસ્મરણીય કાર્યક્રમ શહેરના હેમુ ગઢવી નાટ્યગૃહ ખાતે આગામી તારીખ ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ ને બુધવારના રોજ રાત્રિના ૯:૩૦ કલાકે યોજાશે. અબતક સાથેની મુલાકાતમાં ઈન્વેસ્ટમેન્ટના ફાઉન્ડર મેહુલ રવાણી, અરૂણ નિર્મળ, હર્ષદ મહેતા, હરેશ દોશીએ વધુ વિગતો આપી મા અંબા શક્તિનું સચેત સ્વરૂપ છે, જે સમગ્ર બ્રહ્માંડનું રક્ષક અને કલ્યાણ કરે છે. તેઓ ભક્તોની દરેક મનોકામના પૂર્ણ કરે છે અને જીવનમાં શાંતિ, સમૃદ્ધિ અને સંતોષ પ્રદાન કરે છે.

માતાજીની ઉપાસના કરવાથી માનવીને કર્મમાર્ગ પર દ્રઢતાથી આગળ વધવા પ્રેરણા મળે છે અને આધ્યાત્મિક શક્તિનો સંચાર થાય છે. ત્યારે સદગુરુદેવ પરમ પૂજય પારસમુનિ મહારાજ સાહેબ ના આશીર્વાદ તથા પ્રેરણા થી અરિહંત ઈન્વેસ્ટમેન્ટ અને સ્વ. કીર્તિકુમાર કેશવલાલ રવાણી ચેરીટેબલ ટ્રસ્ટ લઈને આવ્યું છે જ્ઞાન, ભકિત અને આસ્થાના ત્રિવેણી સંગમ સમો અનોખો ભકિતમય મ્યુઝિકલ કાર્યક્રમ ''મહિમા માં કે આશીર્વાદ કી''.

આ કાર્યક્રમમાં સંગીત અને સંવાદ, કર્મ અને ધર્મ, નૃત્ય અને નાદ, સમર્પણ અને તર્પણ, આજ્ઞા અને આહુતિ સાથે ભકિત અને શ્રદ્ધાપૂર્વક માતાજીની પૂજા-આરાધના થશે. તો સાથો સાથ લોકસાહિત્ય, હાસ્ય રસ, નૃત્ય, સંગીત અને શબ્દ દ્વારા માં અંબા જગદંબા ની મહિમાને વર્ણવવામાં આવશે. કોઈ ચાર્જ નથી એન્ટ્રી ફ્રી રહેશે. પરંતુ વ્યવસ્થાના ભાગરૂપે ફ્રી એન્ટ્રી પાસ જરૂરી છે

આ કાર્યક્રમમાં એક સાથે ૧૧૦૦થી વધુ દિવડાની આરતી થશે, એક સાથે ૧૧૦૦થી વધુ માંની ધજા ફરકશે અને એક સાથે ૧૧૦૦થી વધુ ઘટંડી નો નાદ ગુંજશે. આ સાથે ૪૫ કિલોના મહામેરું યંત્રના દર્શનનો લાભ પણ સૌ ને મળશે. વિધિ વિધાનથી ૨૧ જેટલા ભુ-દેવો દ્વારા તેમની પૂજા તથા અર્ચના કરવામાં આવશે. અને તેની નોંધ સમગ્ર વિશ્વમાં લેવામાં આવશે જેને પગલે વર્લ્ડ રેકોર્ડ નોંધાશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વિશેષ ઉપસ્થિત રહેનાર તમામ લોકોને સરપ્રાઈઝ ગિફ્ટ આપવામાં આવશે. આ સાથે કાર્યક્રમ દરમિયાન લક્કી ડ્રોનું પણ આયોજન કરવામાં આવશે. બાલકૃષ્ણભાઈ રાજયગુરૂ - કથાકાર, વૈદિક પુરોહિત, જયોતિષાચાર્ય દ્વારા તમામ ધાર્મિક વિધિ સંપન્ન કરવામાં આવશે તો સાથે સાથે હરદેવભાઈ આહિર - લોક સાહિત્ય કાર અને હાસ્ય કલાકાર સૌને હાસ્યથી તરબોળ કરશે. ઉપરાંત હીર નિંદરોડા, પ્રિયા શિંગાળા, દેવાંશી વસાવડા સલોની શિંગાળા નૃત્ય રજૂ કરશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે રાજદિપસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજા સ્થાપક: આરએઆર ફાઉન્ડેશન - રીબડા, ડો. દર્શિતાબેન શાહ - ધારાસભ્ય, વિધાનસભા ૬૯, મુકેશભાઈ દોશી - અધ્યક્ષ, રાજકોટ શહેર ભાજપ, મયુરભાઈ શાહ - કોષાધ્યક્ષ, રાજકોટ શહેર ભાજપ, કૃણાલભાઈ મણીયાર રાજકોટ શહેર ભાજપ, અનુપમભાઈ દોશી - ટ્રસ્ટી, વિવેકાનંદ યુથ કલબ, દિકરાનું ઘર, અપુલભાઈ દોશી - જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન-રાજકોટ ચંદ્રકાન્તભાઈ શેઠ (સી.એમ.)

(અનુ. આઠમા પાને)

મહિમા માઁ કે આશિર્વાદ કી' અબતક પર લાઈવ નિહાળો

અબ તક CHANNEL

ઈન કેબલ ૫૬૧ | ડેન નેટવર્ક ૫૭૩ | રિયલ જીટીપીએલ-સુરત ૩૫૦ | સહયોગ નેટવર્ક ૧૦૫

YouTube Live LIVE @abtakmedia

અલૌકિક અદભુત અને અવિસ્મરણીય 'મહિમા માઁ કે આશિર્વાદ કી' કાર્યક્રમ અબતક પર લાઈવ નિહાળો બુધવારે, રાત્રે ૯.૩૦ કલાકે

# માનસિક તણાવ, સ્ટ્રેસ દૂર કરવા યોજાયો વિનામૂલ્યે રેકી સેમિનાર

## માનસિક તાપરૂપ નકારાત્મક વિચારો દૂર કરવા નિષ્ણાંતોએ આપ્યું માર્ગદર્શન



**અબતક, રાજકોટ**

અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ તથા સીતારામ સેવા ટ્રસ્ટ ના સંયુકત ઉપક્રમે નિઃશુલ્ક રેકી ફર્સ્ટ ડિગ્રી સેમિનાર ૫/૧/૨૦૨૫ના રોજ યોજાયેલ હતો તેમો બહોળી સંખ્યા માં ભાઈઓ અને બહેનોએ રેકીનું પ્રશિક્ષણ લીધું.જેમાં મહેન્દ્રભાઈ મેએ રેકી દ્વારા સ્ટ્રેસ, તણાવ, ચિંતા, ભય, નકારાત્મક વિચારોને દૂર કરવાનું અને માનસિક, શારીરિક સ્વસ્થ રેવા માટેનું માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમને સફળ બનાવવા બંને સંસ્થાઓના કાર્યકરો જયંતભાઈ ધોળકિયા, જહાનવીબેન લાખાણી, લક્ષ્મણભાઈ મકવાણા, રમેશભાઈ પરમાર, કિશન લશ્કરી, સંજયભાઈ ઓઝા, વિશ્વેશભાઈ ધોળકિયા, નિર્મળાબેન મે, જલ્પાબેન બભરા, શિલ્પાબેન મહેતા, ભાવનાબેન લીડિયાએ જહેમત ઉઠાવી હતી. રેકી વિષે વિશેષ જાણવા મહેન્દ્રભાઈ મે : ૬૩૫૪૦૪૨૪૯૩ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# સી. જે. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર, બી.સી.એના વિદ્યાર્થીઓ રમત-ગમત સપ્તાહમાં ઝળક્યાં



## વિજેતા વિદ્યાર્થીઓની ટીમ સ્પીરીટને અપાયા અભિનંદન

**અબતક, રાજકોટ**

વિસનગર સ્થિત સાંકળચંદ પટેલ યુનિવર્સિટિ સંચાલિત સી.જે. પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ(બી.સી.એ.) દ્વારા ૬ થી ૯ દરમિયાન રમત ગમત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. રમત ગમત સપ્તાહ દરમિયાન વિવિધ રમતો યોજવામાં આવી હતી, જેમાં ક્રિકેટ માં ૮ ટીમો , વોલીબોલ માં ૪ ટીમો , ચેસમાં ૬ વિદ્યાર્થીઓ , બેડમિન્ટન માં ૬ વિદ્યાર્થીઓ , ટગ ઓફ વોર માં ૪ ટીમો એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.વિદ્યાર્થીઓએ સકારાત્મક સ્પર્ધાત્મક ભાવનાના ઉદાહરણ સાથે આ ઈવેન્ટમાં ભાગ લીધો. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ અને શ્રેષ્ઠ સ્પર્ધાત્મક ભાવનાને પ્રદર્શિત કરી, જેના દ્વારા ફક્ત શારીરિક તંદુરસ્તી જ નહીં પરંતુ સામૂહિક

(અનુ. આઠમા પાને)

ધીરજમુનિ મ.સા.ની ઉપસ્થિતિમાં

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે 'પક્ષી બચાઓ' અભિયાનનું લોકાર્પણ

## ઘવાયેલા પશુ - પક્ષીઓને બચાવવા વિશ્વના સૌથી મોટા અભિયાનનો પ્રારંભ



**અબતક, રાજકોટ**

રાજયભરમાં ઉતરાયણનાં તહેવાર ઉમંગપૂર્વક ઉજવાતો હોય છે, પરંતુ આ દરમિયાન પતંગની દોરીથી પક્ષીઓને ઈજા થવાના અને મૃત્યુ થવાના સંખ્યાબધ્ધ બનાવો બનતા હોય છે. આવા બનાવો નિવારવા તથા ઈજા પામેલ પક્ષીઓને બચાવવા માટે રાજય સરકાર દ્વારા જીવદયાપ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી તથા વનમંત્રી મુળુભાઈ બેરા, પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલના માર્ગદર્શનમાં 'કરુણા અભિયાન' શરૂ કરાયું છે. કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન રાજકોટ દ્વારા આગામી તા. ૧૦મીથીતા. ૨૦/૦૧/૨૦૨૫ દરમિયાન યોજાનાર વિશ્વનાં સૌથી મોટાં'પક્ષી બચાઓ અભિયાન-૨૦૨૫' નું ગુજરાતનાં જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે, પ.પૂ. ધીરજમુની મહારાજ સાહેબની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યું હતું.

મકરસંક્રાંતીએ પતંગનાં દોરાથી ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે 'કરુણા અભિયાન -૨૦૨૫ અંતર્ગત કંટ્રોલ રૂમનો રાજકોટનાં જીવદયા પ્રેમી કલેકટર પ્રભવ જોષીનાં માર્ગદર્શનમાં થશે. જેમાં ભારત સરકારનાં પશુપાલન અને ડેરી મંત્રાલય, નેશનલ એડવાઈઝરી કમિટીના મિતલ ખેતાણી, સમસ્ત મહાજનના ડો. ગીરીશભાઈ શાહ એનીમલ હેલ્પલાઈનનાં પ્રતીક સંઘાણી, રમેશભાઈ ઠકકર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠકકર, પારસભાઈ ભરતભાઈ મહેતા, ચંદ્રકાન્તભાઈ શેઠ, ડો. માધવ દવે, જયેશ ઉપાધ્યાય, ચંદેશભાઈ પટેલ, રાહુલ ખીવસરા, ડો. શૈલેષ જાની, કેતન બોરીસાગર તથા સાથી ટીમ પણ ખાસ ઉપસ્થિત રહી સહકાર આપશે.

કરૂણા અભિયાનમાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમૂનિ મહારાજ સાહેબની પ્રેરણા અને આર્શીવાદ પ્રાપ્ત થયા છે તથા સમસ્ત મહાજન, અર્હમ યુવા સેવા ગ્રુપ, વર્ધમાન યુવક ગ્રુપ, જૈન સોશ્યિલ ગ્રુપનો પણ સુંદર સહયોગ પ્રાપ્ત થયો છે.

'કરૂણા અભિયાન'માં જુનાગઢ વેટરનરી કોલેજ તથા આણંદ વેટરનરી કોલેજ, નવસારી વેટરનરી કોલેજ, દાંતીવાડા વેટરનરી કોલેજના નિષ્ણાંત તબીબોનો સહયોગ પ્રાપ્ત થયો છે. શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન રાજકોટનાં ડો.નિકુંજ પીપળીયા, ડો. દીપ સોજીત્રા, ડો. રવી માલવીયા, ડો. અરૂણ ઘીયાડ, ડો. અરવિંદ ગડારા, ડો. હિરેન વીસાણી, ડો. રાજીવ સીંહા તથા સાથી ટીમનાં ૫૦ તબીબો પોતાની સેવા આપશે.

મકર સંક્રાંતીએ પતંગના દોરાથી ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે તા.૧૩, તા.૧૪ તથા ૧૫ જાન્યુઆરી મકરસંક્રાંતીનાં રોજ રાજકોટના (૧) ત્રિકોણબાગ,

(અનુ. આઠમા પાને)

# શ્રી જશ - પ્રેમ - ધીર સંકુલમાં ૪૫ લાખના ખર્ચે અનેક રોગમાં ઉપયોગી મશીનનો શુભારંભ



**અબતક, રાજકોટ**

રાજકોટના વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ ખાતે શિવકુંવરબેન બચુભાઈ દોશી મેડીકલ સેન્ટરમાં ધીરગુરુદેવના અનુગ્રહથી ૪૫ લાખના ખર્ચે થાઈરોડ, વિટામીન, એલર્જીઃ, કમળો, કેન્સર, ઈન્સ્યુલીન, એચ.આઈ.વી. વગેરેના રિપોર્ટ માટે જર્મનીની રોશ કંપનીનું કોબાસ ઈ-૪૧૧૧ મશીનનો શુભારંભ રોલેક્ષ રીંગ્સ લિ. ના મનેશભાઈ માદેકાના હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે સુભાષ રવાણી, જયશ્રી શાહે સન્માન કરેલ હતું.

# એકરંગ મનોદિવ્યાંગ સંસ્થામાં ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવીનો જન્મદિવસ હોંશભેર ઉજવાયો

## દિવ્યાંગ દિકરીઓનાં હસ્તે કેક કપાવી મહાનુભાવોએ મો મીઠા કર્યા





**અબતક,રાજકોટ**

રાજકોટ સ્થિત સામા કાઠે આવેલ એકરંગ મનોદિવ્યાંગ દિકરીઓની સંસ્થામાં ૮/૧/૨૦૨૫ ના રોજ ગુજરાત રાજ્યના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીના જન્મદિવસ નિમિતે સ્વામીવિવેકાનંદ યુવા બોર્ડ ઉજવણી કરવામાં આવી હતી જેમા ધારાસભ્ય દશીતાબેન શાહ. ધારાસભ્ય રમેશભાઈ ટીલાણા. મેયર નયનાબેન પેઢરીયા સ્ટેન્ડીગ કમિટીના ચેરમેન જેમીનભાઈ ઠાકર સાસકપક્ષ નેતા લીલુબેન અને એકરંગ સંસ્થાના પ્રમુખ દિપીકાબેન કમલેશભાઈ પ્રજાપતિ હાજર હતા. જેમાં દિવ્યાંગ દિકરીઓ સાથે કેક આપી તેમના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થના પ્રમુખ દિપીકાબેન કમલેશભાઈ પ્રજાપતિએ હર્ષભાઈ સંઘવીને તેમના જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી કહ્યું કે હર્ષભાઈનું જીવન સમાજસેવા અને વિકાસ માટે સમર્પિત છે. તેઓના પ્રેરણાદાયક નેતૃત્વથી સમગ્ર રાજ્યમાં વિકાસ અને સુખદ પરિવર્તન થયું છે.આ વિશેષ કાર્યકમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો, દિકરીઓ અને સભ્યોને દિલથી આભાર વિધિ કરી હતી.

# ગાર્ડી વિદ્યાપીઠની એલ્યુમનીમીટમાં ભૂતપૂર્વ છાત્રોએ સંસ્મરણો વાગોળ્યા

## એન્જિનિયરિંગ, એમબીએ હોમિયોપેથી તેમજ આયુર્વેદિક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વિવિધ ગેમ રમી મજા માણી



**અબતક, રાજકોટ**

દરેક વ્યકિત માટે પોતાના જીવનનો સૌથી યાદગાર સમય મહદંશે કોલેજકાળ હોય છે અને એ સમયના મિત્રો ને મળવાની તેમજ સંસ્મરણોને વાગોળવાની અલગ જ મજા તમામ લોકોને આવતી હોય છે. તાજેતરમાં ગાર્ડી વિદ્યાપીઠ ખાતે પાસ આઉટ થયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ૧૪મી એલ્યુમની મીટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં એન્જિનિયરિંગ એમ.બી.એ., હોમિયોપેથી તેમજ આયુર્વેદિક કોલેજના અભ્યાસક્રમ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ પોતાના પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ માં


(અનુ. આઠમા પાને)

### નકલીની બોલબાલા

# એસઓજી ટીમે એક જ દિવસમાં નકલી પનીર અને બીડીની મિનિ ફેક્ટરી ઝડપી

## શીતલ પાર્ક નજીકથી ૮૦૦ કિલો શંકાસ્પદ પનીર જયારે બજરંગવાડીમાંથી ૨૦૦ બંડલ બીડી સહિતનો મુદ્દામાલ કબ્જે





**અબતક, રાજકોટ**

નકલી આઈએએસ, આઈપીએસ, સચિવ, ટોલનાકુ, પોલીસકર્મીઓ ઝડપાયા બાદ હવે નકલી પનીર અને નકલી બીડીની મીની ફેક્ટરી ઝડપાઈ છે. રાજકોટ શહેર એસઓજી ટીમે એક જ દિવસમાં અલગ અલગ બે દરોડા પાડીને નકલી પનીરની ફેક્ટરી ઝડપી લઇ ૮૦૦ કિલો શંકાસ્પદ પનીરનો જથ્થો કબ્જે કર્યો છે જયારે બજરંગવાડીના મકાનમાંથી નકલી બીડીની મીની ફેક્ટરી ઝડપી લીધી હતી.

રાજકોટ શહેર એસઓજી ટીમે અલગ-અલગ બે જગ્યાએ દરોડા પાડી બનાવટી પનીર અને બનાવટી બીડી બનાવતું કારખાનું ઝડપી પાડવામાં આવ્યું છે. જેમાં શહેરના શીતલ પાર્ક ચોક પાસેથી બનાવટી પનીર બનાવતું કારખાનું પકડી પાડવામાં આવ્યું છે, જયારે બજરંગવાડી વિસ્તારમાંથી બનાવટી બીડી બનાવતું કારખાનું ઝડપી પાડવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત ફૂડસ નામના કારખાનામાં દૂધની જગ્યાએ પાવડર વાપરી પનીર બનવવામાં આવતું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે, જ્યાંથી રૂ.૧.૨૦ લાખનું શંકાસ્પદ પનીર કબ્જે કરી એફએસએલમાં મોકલવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે.

એસઓજી પીઆઈ એસ.એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એન.વી. હરિયાણી ટીમ સાથે પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે શીતલ પાર્ક પાસે આવેલ ગુજરાત ફૂડસ નામના કારખાનામાં મિલાવટી પનીર બનાવવામાં આવે છે એવી ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી બંધ કારખાનમાંથી શંકાસ્પદ પનીરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ ૮૦૦ કિલો પનીર ૧.૨૦ લાખનો મુદામાલ કબ્જે કરી પનીરને તપાસ માટે એફએસએલમાં મોકલવામાં આવ્યો છે. જે અંગે અભિપ્રાય આવ્યાં બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પનીર બનાવતી ગુજરાત ફૂડસ નામનું કારખાનું સાધુ વાસવાણી રોડ પર રહેતાં હાર્દિક ઘનશ્યામ કારીયાનું છે અને તે દિવસના ચાર કલાક કારખાનામાં પનીર બનાવી કારખાનું બંધ રાખતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આ ઉપરાંત પનીર બનાવવામાં દૂધની જગ્યાએ દુધના પાવડર નબળી ગુણવત્તાવાળું એસિડ, પામ ઓઈલ ઉપયોગ કરવામાં આવતું હોવાનું પણ પોલીસ તપાસમાં સામે આવ્યું છે.બીજો દરોડામાં રાજકોટના બજરંગવાડી વિસ્તારમાં એસઓજી પોલીસે બનાવટી બીડી બનાવવાનું કારખાનું ઝડપી પાડવામાં આવ્યું છે જેમાં પોલીસે બજરંગવાડી શેરી નંબર ૧૩માં બાગે રહેમત મકાનમાં દરોડો કરતા નકલી બીડી બનાવતા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે દરોડા દરમિયાન સ્થળ પરથી અલગ અલગ રંગના પેકીંગ વાળી બીડીના ૨૦૦ બંડલ, અલગ અલગ બીડીના સિમ્બોલ વાળા સ્ટીકર, લાકડાના બોક્સ સ્ને ગુંદર સહિત કુલ ૧,૦૫,૭૦૦નો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### શું છે અસલી-નકલી પનીર વચ્ચેનો ફર્ક?

સામાન્ય રીતે અસલી પનીર તો દૂધથી જ બનતું હોય છે દૂધને ઊંચા તાપમાન ઉપર ગરમ કરવામાં આવે છે. જેટલી માત્રામાં દૂધ હોય તેમાંથી થોડો બળી જાય અને ઘટ થઈ જાય ત્યારે તેમાં લીંબુ ઉમેરી દૂધ ફાડી ગાળી લેવાથી પનીર બનતું હોય છે.

જયારે પોલીસની પ્રાથમિક તપાસમાં એક વર્ષથી જે પનીર બનાવવામાં આવતું હતું તે પામીલોન તેલ, સ્ફટિક જેવા ફલેક્સ, એસીટીક એસીડ જેવા તત્વો દુધમાં ઉમેરી તેની મદદથી આ પનીર બનાવવામાં આવતું હતું કેમિકલથી ઝડપથી પનીર બની જતું હતું.

### ખંડણીના ઈરાદે અપહરણ થયેલા બાળકને છોડાવવા ગયેલા

# પીઆઈ એન.કે. વ્યાસ ઉપર જીવલેણ હુમલો કરવામાં આરોપીને શંકાનો લાભ

## પૈસાની બેગ લેવા આવેલા શખ્સને એન.કે.વ્યાસ તેને પકડવા જતા છરી વડે હુમલો કરતાં સ્વબચાવ માટે સર્વિસ પિસ્તોલમાંથી ફાયરિંગમાં કરી આરોપીને પકડી લીધો

**અબતક, રાજકોટ**

બોટાદ પંથકમાં ૮૫ લાખની ખંડણીના ઈરાદે અપહરણ થયેલા બાળકને છોડાવવા ગયેલા પોલીસ ઈન્સ્પેકટર નિરવકુમાર વ્યાસ ઉપર છરી ઝીંકી હત્યાના પ્રયાસના ૧૦ વર્ષ પહેલાના કેસમાં બોટાદની અદાલતે આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, આ બનાવમાં તારીખ ૧૪/ ૮/ ૨૦૧૪નાપોલીસ ઈન્સ્પેકટર નિરવકુમાર વ્યાસે આરોપી કનુ ઉર્ફે કનૈયાલાલ ધનજીભાઈ અણઘણ વિરૂધ્ધ ગઢડા પોલીસ સ્ટેશનમાં હત્યા ના પ્રયાસ ની કલમ હેઠળ ફરીયાદ નોંધાવી હતી, તા.૦૯/ ૦૮/ ૨૦૧૪ના રોજ સગીર બાળકના અપરહરણ થયાની ફરિયાદ બોટાદ પોલીસ સ્ટેશનમાં દાખલ થઈ હતી, જે બાદ અપહરણ થયેલ બાળકને પરત આપવા માટે બાળકના મોટાબાપુ રાજેશભાઈ મોરીના મોબાઈલ પર આરોપીએ પોતાનું નામ જાહેર કર્યા વિના સતત ખંડણીની માંગણી કરતા ફોન કરેલા, જેમાં આરોપી કનૈયાલાલે ટાટમ ગામે ખંડણીની રકમ આપી બાળકને ત્યાંથી પરત લઈ જવા જણાવેલ. જેથી પી.આઈ. નિરવ કુમાર વ્યાસ , રાજેશભાઈ મોરી તથા અન્ય અધિકારી આરીફભાઈ પૈસાની બેગ લઈ ગાડીમાં આરોપીએ કહેલ જગ્યાએ ગાડીમાં પૈસા આપવા માટે નીકળેલ હતા, ગાડીમાં પીઆઇ સંતાઇને બેસી ગયેલ હતા, ત્યારે ટાટમ ગામ ખાતે જગ્યાએ પહોંચી બાળકના મોટાબાપુ રાજેશભાઈ બેગ મુકવા ગાડીમાંથી ઉતરવા જતા ત્યાં અંધારું હોય જેનો લાભ લઈ એન.કે. વ્યાસ ગાડીમાંથી ઉતરી નજીકમાં સંતાઈ ગયેલ અને રાજેશભાઈ બેગ મુકી પરત આવી ગાડીમાં બેસી ગયા હતા. દરમિયાન આરોપી આ પૈસાની બેગ લેવા આવતા પી.આઈ. એન.કે.વ્યાસ તેને પકડવા જતા તેમના ઉપર આરોપીએ છરી વડે હુમલો કરી છરીનો ઘા મારી નાંખવાના ઈરાદે ડાબા પડખે મારેલ અને બીજો ઘા મારવા જતા પીઆઈએ સ્વબચાવ માટે સર્વિસ પિસ્તોલ કાઢી કરેલા ફાયરિંગમાં ગંભીર ઈજાગ્રસ્ત થયેલા આરોપીને પકડી લીધેલ, બાદ બાળકના મોટાબાપુ રાજેશભાઈ તેમજ આરીફભાઈ ત્યાં આવી પહોંચતા આરોપીનું નામ પુછતા પોતાનું નામ કનૈયાલાલ ધનજીભાઈ અણઘણ હોવાનું જણાવ્યું હતું. કનૈયાલાલે સગીર બાળકનું અપહરણ કરી,



બચાવપક્ષના વકીલ

ખંડણી માંગતા તેને પકડવા જતા ફરીયાદી ઉપર જીવલેણ હુમલો કરી મારી નાંખવાની કોશિશ કરેલ હોય, જે મુજબની ફરીયાદ ફરીયાદી પોલીસ ઈન્સ્પેકટરે એન.કે. વ્યાસ દ્વારા નોંધાવવામાં આવી હતી. જે અનુસંધાને ઈજાગ્રસ્ત આરોપી કનૈયાલાલ ભાવનગર ખાનગી હોસ્પીટલમાં એડમિટ હોય આ હોસ્પીટલમાંથી આરોપીનો કબ્જો લઈ આ ગુનામાં અટક કરવામાં આવેલ હતા. પોલીસ દ્વારા તપાસ પૂર્ણ થયા બાદ ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું.દરમિયાન પીઆઈ ની હત્યા ની કોશિશનો હાલનો કેસ સેશન્સ કોર્ટમાં ચાલવા માટે આવતા ફરીયાદ પક્ષ દ્વારા કુલ ૫૯થી વધુ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ હતા તથા કુલ ૧૯ સાહેદોને તપાસવામાં આવેલ હતા. તેમજ સમગ્ર ગુનાની તપાસ કરનાર પોલીસ અધિકારીને તપાસવામાં આવ્યા હતા. મુળ ફરીયાદપક્ષે તથા આરોપીપક્ષે વિગતવારની દલીલો કરવામાં આવેલ હતી.બચાવપક્ષ દ્વારા મુખ્યત્વે દલીલ કરવામાં આવેલ હતી કે સમગ્ર પુરાવાનું એક સાથે પુનઃ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી/ઈજા પામનારનો પુરાવો સત્યથી પર જણાયેલ છે અને ફરીયાદીના પુરાવામાં મહત્વની હકિકતો બાબતે વિરોધાભાસ હોવાનું ફલીત થાય છે. વધુમાં બચાવપક્ષ દ્વારા દલીલ કરવામાં આવેલ હતી કે ફરીયાદી/ઈજા પામનારને આરોપીએ છરી વડે ઈજા પહોંચાડેલ હોય તેવી હકિકત શંકાસ્પદ જણાઈ આવે છે, બોટાદ મોટું શહેર હોવા છતા પીઆઈએ અગાઉ ફરજ બજાવતા હતા પાળીયાદ મુકામે જઈને સૌપ્રથમ સારવાર લીધેલ છે જે હકિકત જ શંકા ઉભી કરે છે. વધુમાં બચાવ પક્ષની દલીલો અને તેના સમર્થનમાં રજૂ કરેલા ઉચ્ચ અદાલતોના હજુ કરેલા ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપી કનૈયાલાલ ધનજીભાઈ અણઘણને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ ફરમાવ્યો હતો. આ કેસમાં આરોપી વતી અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સનાં એડવોકેટ અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉધરેજા, તારક સાવંત, શ્રેયશ શુકલ, ચેતન પુરોહીત, વિગેરે રોકાયા હતાં

# ઠગાઈના ગુનામાં કરાયેલી ધરપકડ અને કસ્ટડીને ગેરકાયદે ઠેરવતી કોર્ટે

## યુ.એસ.ડી.ટી. કરન્સીમાં ઈન્વેસ્ટમેન્ટ કરાવવાના બહાને રૂ.૫૫ લાખની છેતરપિંડી કર્યાની ચાર આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી હતી

**અબતક, રાજકોટ**

રાજકોટની અદાલતમાં બનવા પામેલ જેમા જુદા જુદા રોકાણકારોને યુ.એસ.ડી.ટી. કરન્સીમાં ઈન્વેસ્ટમેન્ટ કરાવવાના બહાને રૂા.૫૫ લાખની છેતરપીંડી કર્યાની ચાર આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી હતી. જે કેસમાં સુરતથી ઝડપાયેલા આરોપીની ધરપકડ અને કસ્ટડી ગેરકાયદે ઠેરવતો કોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં નીલ સીટી કલબમાં રહેતા ફરીયાદી દેવેન દિલિપભાઈ મહેતાને સુરતના રાજુભાઈ મોહનભાઈ ભંડેરી, સિધ્ધાર્થ રાજુભાઈ ભંડેરી, અંકિત મુકેશભાઈ અજુડીયા અને જતીન દેવેન્દ્રભાઈ કોઠારીએ યુ.એસ.ડી.ટી. લઈ રોકાણ કરો તો શારૂ વળતર મળશે અને પૈસા રોકાણ કર્યા બાદ રોજ સાંજે પ્રોફીટ સાથે પરત મળી જશે તેમ ભરોષો આપી ફરીયાદી પાસે એચ.અમે. આંગડીયા પેઢી મારફતે રૂા.૫૫ લાખ ટ્રાન્સફર કરાવી અને રકમ મેળવી લીધા બાદ આરોપીઓએ ફરીયાદીને અવાર નવાર બહાના બતાવી ફરીયાદીને યુ.એસ.ડી.ટી. કે તેમના રૂા.૫૫ લાખ પરત નહી આપી છેતરપીંડી આચર્યાની દેવેન મહેતાએ ગાંધીગ્રામ પોલસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે સિધ્ધાર્થ રાજુભાઈ ભંડેરીની સુરત મુકામેથી ધરપકડ કરી રાજકોટની અદાલતમાં એરેસ્ટ મેમો, એફ.આઈ.આર.ની નકલ, ચેકલીસ્ટ ફોર્મ તથા ગ્રાઉન્ડ ઓફ એરેસ્ટ તેમજ ત્રણ દિવસની પોલીસ રીમાન્ડની કસ્ટડીની માંગણી કરતા રીપોર્ટ સાથે આરોપીને કોર્ટમાં રજુ કરવામાં આવતા આરોપી તરફે એવી રજુઆત કરવામાં આવેલ કે બી.એની.એસ.એસ.ની કલમ ૩૫ની જોગવાઈ તથા સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલ ગાઈડ લાઈન્સ મુજબ આરોપીને નોટીસની બજવણી કરવામાં આવેલ નથી, આરોપી સામેના આક્ષેપીત ગુન્હાની મહતમ જોગવાઈ સાત વર્ષ સુધીની હોય આરોપીને નોટીસ આપ્યા સિવાય સીધી ધરપકડ થઈ શકે નહી જેથી કરવામાં આવેલ ધરપકડ અને આરોપીની કસ્ટડી ગેરકાયદેસર હોવાની કરેલી રજુઆત ધ્યાને લઈ આરોપીની કસ્ટડી કાયદેસરની ઠરાવવામાં આવતી નહી હોવાનું માની પ્રોડકશન તથા રીમાન્ડ રીપોર્ટ અન્વયે કાર્યવાહી કરવા પાત્ર રહેતી ન હોય તેવો હુકમ ફરમાવતા નવા કાયદાની અમલવારી બાદની આ પ્રથમ ઘટના હોય કાનુની આલમ તથા પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બની ગયેલ છે.આ કેસમાં આરોપી સિધ્ધાર્થ ભંડેરી વતી રાજકોટના એડવોકેટ સુરેશ આર. ફળદુ, ભુવનેશ શાહી, કુણાલ શાહી, નિશાંત જોષી, ચેતન ચોવટીય, પાર્થ સંઘાણી, જય પીઠવા, જસ્મીન દુધાગરા તથા મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી અને ભાવીન ખુંટ રોકાયા હતા.

# આંબેડકરનગરમાં મકાનમાંથી શરાબની ૭૦ બોટલ સાથે વિપુલ ખીમસુરીયા ઝડપાયો

## ગઢકા ગામના પાટીયા પાસે બે શખ્સો શરાબની ૧૮ બોટલ સાથે પકડાયા

**અબતક, રાજકોટ**

શહેરના એસ.ટી. વર્કશોપની પાછળ આવેલા આંબેકડરનગરમાં મકાનમાંથી વિદેશી દારુની ૭૦ બોટલ સાથે બુટલેગરને પીસીબીને ટીમે અને ભાવનગર રોડ પર આવેલા ગઢડા ગામના પાટીયા પાસે બે શખ્સોને શરાબની ૧૮ બોટલ સાથે આજી ડેમ પોલીસે ધરપકડ કરી છે.

પોલીસે સૂત્રો પાસેથી મળતી માહીતી મુજબ એસ.ટી. વર્કશોપ પાછળ આવેલા આંબેડકરનગર શેરી નં.૧૩-૧૪ ના કોર્નર પર રહેતા વિપુલ અરવિંદભાઈ ખીમસુરીયા નામના શખ્સે તેના મકાનમાં વિદેશી દારુનો જથ્થો છુપાવ્યો હોવાની બાતમી પીસીબીની ટીમને મળી હતી.

બાતમી પરથી આંબેડકરનગરમાં દરોડો પાડી રૂ. ૨૬,૮૦૦ ની કિંમતની શરાબની ૭૦ બોટલ સાથે વિપુલ ખુમસુરીયાની પીસીબી પી.એસ. આઈ એમ.જે. હુણ એએસ આઈ મયુરભાઈ અને કોન્સ્ટેબલ વાલજીભાઈ જાડજા સહીતના સ્ટાફે ધરપકડ કરી છે.

જયારે આજી ડેમ પોલીસ મથકના પીએસઆઈ એચ.જે. સોલંકી સહીતના સ્ટાફ રાજકોટ-ભાવનગર હાઈવે પર પેટ્રોલીંગમાં હતો દરમિયાન ગઢકા ગામના પાટીયા પાસે બે શખ્સો થેલી સાથે શંકાસ્પદ હાલતમાં જણાતા તલાસી લેતા તેની પાસે થેલીમાંથી રૂ. ૯,૮૦૦ ની કિંમતની શરાબની ૧૮ બોટલ મળી આવી હતી.

જેને લઈને હાલ ગઢડા ગામે નાથાભાઈ પાધરાજા વાડીમાં રહેતો અને મુળ એમ.પી.નો ઈન્દ્રસિંહ ભુરીયા નામના શખ્સોને શરાબી ૧૮ બોટલ સાથે પીએસઆઈ એ.એચ, સોલંકી, સંજયભાઈ અને ચંન્દ્રવદનભાઈ બટાવીયા સહીતના સ્ટાફે ધરપકડ કરી છે.

# ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા

## પાંચ લાખનું વળતર એક માસમાં ન ચૂકવે તો વધુ ત્રણ માસની જેલ

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતા યુવાને મિત્રતાના દાવે હાથ ઉછીની આપેલી રકમ ૫ લાખ ચૂકવવા આપેલો ચેક પરત ફરવાના ગુનામાં મિત્રને એક વર્ષની સજા અને ચેક મુજબનું વળતર ચૂકવવા અદાલતે હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના રહેતા મનુભાઈ હેરમાં પાસેથી મિત્રતાના દાવે જગદીશભાઈ નાનજીભાઈ રાઠોડને પોતાની અંગત જરૂરિયાત માટે હાથ ઉછીની ના પાંચ લાખ રૂપિયા આપ્યા હતા. તે રકમ ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ મનુભાઈ હેરમા દ્વારા જગદીશભાઈ રાઠોડને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે નેગોસીએબલ એકટ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી બાદ આરોપીને સમન્સ ઈસ્યુ કરવામાં આવ્યું હતું બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદી મનુભાઈ ના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઇ અદાલતે આરોપી જગદીશ રાઠોડને તકસીરવાન ઠેરવી એક વર્ષની સજા અને ચેક મુજબની રકમ ફરિયાદીને વળતર પેટે ચૂકવવા હુકમ કર્યો છે. સમય મર્યાદામાં રકમ ન ચૂકવે તો વધુ ત્રણ માસની સજા ભોગવવા અદાલતે આદેશ છે.આ કામમાં ફરિયાદી મનુભાઈ વતી રાજકોટના એડવોકેટ ઘનશ્યામભાઈ વાંક, નિખિલ રાઠોડ અને પિયુષ ચાવડા રોકાયા હતા.

# કોઠારીયા રોડ પર જુગાર રમતા ચાર ઝડપાયા

**અબતક, રાજકોટ**

શહેરનાં કોઠારીયા મેઈન રોડ પર આવેલી ખોડીયાર હોટલની સામે જકાતનાકા પાસે જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી ભકિતનગર પોલીસને મળી હતી. બાતમી પરથી દરોડો પાડી પત્તા ટીંચતા વિશ્રાંતીનગરનો મનીષ મનસુખભાઈ ચંદારાણા, સુખરામ નગરનો મહેશ વશરામભાઈ ખાતરા અને દેવપરા ઈન્દિરા નગરમાં રહેતો અજય કનુભાઈ સુખાનંદી નામના શખ્સોને રૂ. ૪,૩૦૦ ની રોકડ સાથે હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રકુમાર અને કોન્સ્ટેબલ પ્રકાશભાઈ મકવાણા સહિતના સ્ટાફે ઝડપી લીધા છે.

# ઢેબર કોલોનીમાં હુમલાના ગુનામાં પાંચ શખ્સોના આગોતરા જામીન મંજૂર

## મશ્કરી દરમિયાન કારની ચાવી કાઢી લેવાના મામલે ત્રણ યુવાનો પર મિત્રોએ છરી પાઈપ અને તલવારથી હુમલો કર્યો હતો

**અબતક, રાજકોટ**

શહેરના ઢેબર કોલોની વિસ્તારના બગીચા પાસે મશ્કરી દરમિયાન કારની ચાવી કાઢી લેવા જેવી બાબતે થયેલી માથાકૂટમાં હથિયાર વડે કરેલા હુમલાના ગુનામા પોલીસ ધરપકડની દેહશતથી પાંચ શખ્સોએ કરેલી આગોતરા જામીન અરજી અદાલતે મંજૂર કરી છે.

વધુ વિગત મુજબ શહેરમાં રહેતા દિનેશ ઉર્ફે કાનચો સંજયભાઈ ટામટાએ અફઝલ અયુબ શેખ, ઈમરાન સિદિક માણેક, સબીર સીદીક માણેક, પાર્થ પિયુષ મહેતા અને જયેશ રાણા ડાંગરે માર માર્યા અંગેની ભકિતનગર પોલીસ મથકમાં તારીખ ૧/ ૧૧/ ૨૪ ના રોજ ફરિયાદ નોંધાવી હતી.

આથી પોલીસ દ્વારા ધરપકડની ઉપરોક્ત પાંચે શખ્સોએ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરતા જે અરજી સુનાવણી પર આવતા તેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલમાં આરોપીને ખોટીરીતે સંડોવી દેવામાં આવેલા છે. આરોપીની ધરપકડ કરવામાં આવેતો પોલીસની યાતના તેને સહન કરવી પડશે અને હાલના ગુન્હામાં અરોપીઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈજ ભાગ ભજવેલ નથી અને ક્રોશ કમ્પ્લેન ફાઈલ કરવામાં આવેલ હોય જેથી આરોપીઓને આગોતરા જામીન પર મુકત કરવા અરજ કરેલ હતી.બન્ને પક્ષકારોને વીગતવાર સાંભળી સેશન્સ જજ એવા નીષ્કર્સ પર આવેલા હતા કે સર્વોચ્ચ અદાલત તથા વડી અદાલતોના ચુકાદાઓને ધ્યાને લઈ તમામ આરોપીની આગોતરા જામીન અરજી મંજુર કરવામાં આવી છે.

આ કામમા આરોપીના એડવોકેટ તરીકે રાજકોટના યુવા ધારાશાસ્ત્રી અજય કે.જોષી, સ્તવન જી.મેહતા, નીકુંજ એમ.શુકલ, બ્રિજેશ ચૌહાણ, શ્યામ ત્રીવેદી, સત્યજીતસિંહ જાડેજા, પ્રકાશ ચાવડા તથા મદદનીશ તરીકે નીશાંત ચાવડા, નિરંજન ભટ્ટી , ઋક્ષીત રોહીત અને પ્રદીપ પરમાર રોકાયેલ હતા.

તંત્રી લેખ

# બાળકોને મોબાઈલના વ્યસનમાંથી છોડાવવા રાજ્ય સરકારનું દુરંદેશીભર્યું પગલું

સમજણશક્તિ આવતાની સાથે જ માસૂમ બાળકોને મોબાઈલ ફોનનું એવું વળગણ થઈ જાય છે કે એક પ્રકારનું વ્યસન જ બની જાય છે. સમગ્ર દેશ માટે વિકાસ મોડેલ બની ગયેલું ગુજરાત હવે બાળકોને મોબાઈલનું વ્યસન છોડાવવા માટે મહત્વપૂર્ણ અને દુરંદેશીભર્યો નિર્ણય લેવા તરફ આગળ વધી રહ્યું છે. પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો માટે શાળામાં મોબાઈલ લઈને આવવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવશે. સાથોસાથ શિક્ષકો માટે પણ લક્ષ્મણ રેખા બનાવવામાં આવશે. ક્લાસરૂમમાં શિક્ષકો પણ પોતાનો મોબાઈલનો ઉપયોગ કરી શકશે નહિં. માત્ર ગુજરાત કે ભારત નહિં સમગ્ર વિશ્વમાં બાળકોમાં સોશિયલ મીડિયા તરફનો ક્રેઝ દિનપ્રતિદિન જેટ ગતિએ વધી રહ્યો છે. મોબાઈલનું એવું વ્યસન થઈ ગયું છે કે બાળકોમાં વાંચનશક્તિ અને રમતગમતનો વ્યાપ ઝડપથી ઘટી રહ્યો છે. નકારાત્મક અસરો પણ એવી ભયાનક થઈ રહી છે કે માસૂમ બાળક કેટલાક કિસ્સાઓમાં આપઘાત કરવા સુધીના પણ પગલા ભરી લ્યે છે. તાજેતરમાં દાઉદી વ્હોરા સમાજ દ્વારા એવો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે કે ૧૫ વર્ષ સુધીના બાળકોને મોબાઈલનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહિં. ખરેખર આ નિર્ણય સરાહનીય છે જ પરંતુ અન્ય સમાજ માટે પ્રેરણારૂપ છે. આજે બાળકોને જે મોબાઈલનું વણગળ લાગ્યું છે તેના માટે સંપૂર્ણપણે માતા-પિતા જ જવાબદારી છે. હજુ તો ઉગીને ઉભા ન થાય ત્યાં બાળકના હાથમાં મોબાઈલ પકડાવી દેવામાં આવશે. બાળકોના ભવિષ્ય સાથે ખૂદ માતા-પિતા જ ખીલવાડ કરી રહી છે. તમામ વાલીઓને એવી સરકાર દ્વારા વિનંતી પણ કરાય છે કે બાળકોને મોબાઈલથી દૂર રાખો જેથી તેઓનું બાળપણ છીનવાઈ ન જાય. આગામી દિવસોમાં ગુજરાત સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવશે. જેમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ માટે આવતા બાળકો પોતાની સાથે મોબાઈલ લઈને આવી શકશે નહિં. શિક્ષકો પણ ક્લાસરૂમમાં મોબાઈલનો ઉપયોગ કરી શકશે નહિં. માત્ર શાળામાં જ નહિં પરંતુ ઘરે પણ બાળક મોબાઈલનો શક્ય તેટલો ઓછો તેટલો ઉપયોગ કરે તે માટે વાલીઓને પણ જાગૃત્ત કરવામાં આવશે. બાળકોના ભવિષ્યની ચિંતા કરીને વાલીઓએ પણ બાળકોને ખરેખર મોબાઈલથી દૂર રાખવા જોઈએ. આવું કાર્ય કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે. જે અન્ય રાજ્યો માટે પણ એક પ્રેરણાદાયક પગલું બની રહેશે. જો બાળકો સોશિયલ મીડિયાથી દૂર રહી વાંચન અને જીવન ઘડતર સાથેની અન્ય પ્રવૃત્તિ કે રમત-ગમત સાથે જોડાશે તો તેનો યોગ્ય વિકાસ પણ થશે.

# એસવીયુએમ આંતરરાષ્ટ્રીય વેપાર મેળા જેવા પ્રદર્શન દરેક જિલ્લામાં યોજવા માંગ

## વેપાર પ્રોત્સાહન માટે ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલની રચના કરવા સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળની મુખ્યમંત્રીને રજૂઆત

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકાર વધુને વધુ રોકાણ થાય તે માટે તત્પર છે જે ખુબજ આવકાર દાયક છે. રોકાણ ક્યારે થાય? જ્યારે ઉત્પાદકને પોતે ઉત્પાદન કરશે તે માલ વેચાણની તકો દેખાશે ત્યારે. માંગ વધતા જ ઉત્પાદક ઉત્પાદન ક્ષમતા વધારશે અને તે માટે નવું રોકાણ કરશે.

પ્રશ્ન એ છેકે આજની આ વૈશ્વિક સ્પર્ધામાં વેચાણ કેમ વધારવું? માંગ કેમ વધારવી? આના માટે અગત્યનો રસ્તો છે નિકાસ વેપારમાં વૃદ્ધિ થાય તેવા પ્રયત્નો કરવા. ચાઈનાની સરકાર વિશ્વના દરેક દેશોની પ્રજાની જરૂરિયાતો સમજી અને તેને જે જરૂરિયાત છે તે ઉત્પાદનો બનાવીને નિકાશ વેપારને આગળ વધારે છે.

શું ગુજરાત સરકાર આવું ના વિચારી શકે? ગુજરાત સરકાર દ્વારા નિકાસ વેપાર પ્રોત્સાહન માટે '' ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલ '' ની રચના કરવી જોઈએ અને આ કાઉન્સિલનું એક માત્ર કાર્ય વિવિધ દેશોમાં પ્રજાની જરૂરિયાતોનો અભ્યાસ અને તે મુજબના ઉત્પાદનો બનાવવા ઉત્પાદકોને પ્રોત્સાહન આપવું. તદુપરાંત નિકાસ વૃદ્ધિ માટે જે પ્રકારે એસ.વી.યુ.એમ. આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનું આયોજન કરવામાં આવે છે તેજ પ્રકારે વિદેશી ગ્રાહકોને નિમંત્રિત કરીને ગુજરાતના તમામ જિલ્લા મથકોએ આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનું આયોજન કરવામાં આવે તે માટે સ્થાનિક સંગઠનોને પ્રોત્સાહન અને આર્થિક સહાય આપવી જોઈએ. રાજકોટમાં અમે છેલ્લા ૧૦ વર્ષથી જે આયોજન કરી રહ્યા છીએ તે દ્વારા નાનામાં નાના એમએસએમઈ એકમો કે જે લાખો રૂપિયા ખર્ચ કરીને વિદેશ નથી જઈ સકતા તેઓને ઘર આંગણે નિકાસ વેપાર વધારવાની તક મળે છે. વિદેશી ગ્રાહકો જે એક અઠવાડિયા માટે આવે છે તે કૈક ને કૈક બિઝનેસ કરીને જાય છે તે અમારો અનુભવ છે. આ માટે સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળે મુખ્યમંત્રીને રજૂઆત કરી છે.

# આહીર કર્મચારી મંડળની રવિવારે વાર્ષિક સાધારણ સભા-સ્નેહમિલન

## અબતક સાથેની મુલાકાતમાં જિલ્લા આહીર કર્મચારી મંડળના આગેવાનોએ સમગ્ર માહિતી આપી

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા આહીર કર્મચારી મંડળ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ની હિસાબી વર્ષની સાધારણ સભા તા. ૧૨/૦૧/૨૦૨૫ ને રવિવાર ના રોજ બપોરે ૪:૦૦ કલાકે કિષ્ના પાર્ટી પ્લોટ વગડ ચોકડી મવડી પાળ રોડ રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

અબતક સાથેની મુલાકાતમાં નિર્મળભાઈ મેતા, કિરીટભાઈ મૈયડ, મહેશભાઈ ચાવડા, ચંદુભાઈ મિયાત્રા, મનસુખભાઈ બાળા, જેઠસુરભાઈ ગુજરીયા, સંજયભાઈ ચાવડા, ભરતભાઈ કાનગડ, ચંદ્રેશભાઈ પરડવા, ભરતભાઈ હુંબલ, ચીરાગભાઈ ગરૈયા, રમેશભાઈ બોરીચા, અજીતભાઈ લોખીલે વધુ વિગતો આપી હતી.



આ સાધારણસભામાં કર્મચારીઓના તેજસ્વી બાળકોનું સન્માન, ગત વર્ષમાં નિવૃત થયેલા કર્મચારીઓનું સન્માન સાથ આહીર સમાજના વર્ગ ૧ અને ૨ તરીકે નિમણુંક પામેલા અધિકારીઓનો સન્માન સમારોહ યોજવામાં આવશે.સાથે કર્મચારી મંડળની ઓનલાઈન ડિજોટલ ડિરેકટરીનું લોન્ચીંગ કરવામાં આવશે.આ સાધારણ સભામાં રાજકોટ જીલ્લાના આહીર જ્ઞાતીના તમામ કર્મચારીઓ ને સહપરિવાર પધારવા કર્મચારી મંડળ દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે કર્મચારી મંડળના પ્રમુખ નિર્મળભાઈ મેતા, મંત્રી કિરીટભાઈ મૈયડ મંડળના હોદેદારો મહેશભાઈ ચાવડા, ભાનુભાઈ મિયાત્રા, રમેશભાઈ બારીચા, રાજેશભાઈ ડાંગર, પો. કે.આર.રામ, અજીતભાઈ લોખીલ, કાનાભાઈ રામ, મયુરભાઈ રાઠોડ, પ્રણવભાઈ પંચોલી, પુંજાભાઈ વરૂ, ભરતભાઈ કાનગડ મંડળના પૂર્વ પ્રમુખ પ્રો.રમેશભાઈ ડાંગર, મનસુખભાઈ બાળા, કમલેશભાઈ બાબરીયા, ધીરૂભાઈ ડાંગર, જેઠસુરભાઈ ગુજરીયા, સુભાષભાઈ ડાંગર, કરશનભાઈ મેતા, રાવતભાઈ ડાંગર ચંદુભાઈ મિયાત્રા દિલીપભાઈ ચૌહાણ તથા કારોબારી અને સક્રિય સભ્ય વિજયભાઈ કુંભરવાડીયા, સંદિપભાઈ અવાડીયા, પ્રકાશભાઈ મંઢ, સંજયભાઈ ચાવડા વનરાજભાઈ ચાવડા, ગૌતમ ભાઈ ચાવડા, પ્રવિણભાઈ મેતા, નિકુલભાઈ આહીર, સંજયભાઈ હુંબલ, ભરતભાઈ હુંબલ, વિજયભાઈ મેતા, જયપાલભાઈ બરાળીયા, પ્રવિણભાઈ જીલરીયા, ચીરાગભાઈ ગરૈયા, રાજેશભાઈ ચાવડા, પાર્થભાઈ મૈયડ, ચીરાગભાઈ કાનગડ, જશુભાઈ રાઠોડ, કમલેશભાઈ કુગશીયા, ઉદયભાઈ ડાંગર, મહેશભાઈ ચાવડા, વિનયભાઈ ચાવડા, ધવલભાઈ મેતા, હરદેવભાઈ ચાવડા, ચંદેશભાઈ પરડવા, ભૂપતભાઈ છૈયા, કમલેશભાઈ કુગશીયા, મયૂરભાઈ બોરીચા, રવિભાઈ કામલીયા, પ્રકાશભાઈ મંઢ, રાહુલભાઈ ભુતૈયા, ભાવેશભાઈ ચાવડા, નારણભાઈ પંપાણીયા, હિતેશભાઈ સોલંકી, પ્રકાશભાઈ મ્યાત્રા, જયેશભાઈ ડાંગર, નિલેશભાઈ મકવાણા, દિપેશભાઈ બાબરીયા, સંજયભાઈ બોરખતરીયા, ભીમભાઈ ડાંગર, નારણભાઈ કુવાડીયા, રામભાઈ લાવડીયા, ઉદયભાઈ ખાટરીયા તથા મંડળના તમામ સભ્યો આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહયા છે.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા શહેરમાં બે સાપ્તાહીક પથ સંચલનની તૈયારીઓ

## પ્રમુખ પથ સંચલનમાં વર્ધમાન નગર નટરાજ અને બીજુ પણ સંચલન મારૂતિ નગરની ભૂમિ પાવન કરશે

**અબતક, રાજકોટ**

જ્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષની ઉજવણી પૂર્વ તૈયારી થઈ રહી છે, ત્યારે સંઘ કાર્યના વિસ્તાર, સમાજમાં સજ્જનશક્તિનું જાગરણ, અને વ્યક્તિ નિર્માણ થકી મજબૂત રાષ્ટ્ર નિર્માણ* ના સંકલ્પ સાથે સ્વયંસેવકો ઉત્સાહ અને પરિશ્રમ સાથે કાર્ય કરી રહ્યા છે. રાજકોટ મહાનગરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ભૌગોલિક રચનામાં પાંચ વિસ્તારો અને ૩૫ નગર બનાવવામાં આવ્યા છે, જેમાંથી *ત્રણ વિસ્તારો*ના પથ સંચલન આગામી સપ્તાહમાં યોજાશે.

૧૨મી જાન્યુઆરીએ વર્ધમાન અને નટરાજ વર્ધમાન વિસ્તારઃ જેનું પથ સંચલન ૧૨મી જાન્યુઆરીએ સાંજે ૫:૩૦ કલાકે વસુંધરા સોસાયટીથી શરૂ થશે. માર્ગમાં શ્રી વસુંધરા સોસાયટી, કેનાલ રોડ, જિલ્લા ગાર્ડ ચોક, રામનાથ પરા, ગરૂડની ગરબી, કોઠારિયા નાકા, પેલેસ રોડ, ગુંદાવાડી સહિતના વિસ્તારોમાંથી પસાર થશે.

નટરાજ વિસ્તારઃ રાજકોટમાં ઘણા સમય પછી આ વિસ્તારમાં કૌમુદી સંચલન નીકળશે. સાંજ પડ્યા પછી નીકળતા સંચલનને સંઘમાં કૌમુદી સંચાલન કહેવામાં આવે છે. આ કૌમુદી પથ સંચલન ૧૨મી જાન્યુઆરીએ સાંજે ૭:૩૦ કલાકે નાગર બ્રાહ્મણ બોર્ડિંગ અને વિરાણી સ્કૂલથી શરૂ થશે. આ પથ સંચલન ટાગોર રોડ, એસ્ટ્રોન ચોક, જિલ્લા પંચાયત ચોક સહિતના વિસ્તારોમાંથી પસાર થશે.

૧૯મી જાન્યુઆરીએ મારુતિ વિસ્તાર. ૧૯મી જાન્યુઆરીએ પથ સંચલન સાંજે ૫:૦૦ કલાકે શરૂ થશે. આ પથ સંચલન જંક્શન કો. ઓપ. સોસાયટી, પીડબલ્યૂડી ક્વાર્ટર મેદાન, ઝૂલેલાલ મંદિર, હંસરાજ નગર, જંક્શન, અને સિટી કોલોની વિસ્તારોમાંથી પસાર થશે. લક્ષ્મી વિસ્તારનું પથ સંચલન આગામી ૮મી ફેબ્રુઆરીએ મવડી નગર વિસ્તાર, બાપા સીતારામ ચોક ખાતેથી રાતે ૯ કલાકે નીકળશે. આ કૌમુદી સંચલનમાં સ્વયંસેવકો પૂર્ણ ગણવેશ તથા ઘોષ સાથે જોડાશે.

પથ સંચાલનના રૂટ પર ઘોષના તાલે કદમથી કદમ મિલાવતા ગણવેશમાં સંઘના સ્વયંસેવકોનું સ્વાગત અને સત્કાર કરવા અનેક સામાજિક સંસ્થાઓ મંડળો તથા સ્થાનિક લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજકોટમાં એક જ દિવસે બે અલગ અલગ સ્થાનેથી સંચાલન નીકળશે એ એક વિશેષતા હશે. આ અંગે વધુ વિગતો માટે જગત વ્યાસ મો. નં. ૯૪૨૮૨ ૦૦૦૬૦ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલના કાર્યાલયે રવિવારે નિ:શુલ્ક સેવા કેમ્પ યોજાશે

## રાશન કાર્ડ, ઈ-કેવાયસી, આયુષ્યમાન કાર્ડ, વય મર્યાદાના કાર્ડ કાઢી અપાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખ કિશનભાઈ પટેલ દ્વારા ૧૨૧ રવિવારે પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલના કાર્યાલય રાજનગર ચોક અમુત સ્કવેર નાનામવા રોડ ત્રીજા માળેની સુચક સેવા કામનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં રાશન કાર્ડ અને વિદ્યાર્થીઓ માટે ઈ-કેવાયસી કેમ્પ યોજાશે. સાથે સાથે આયુષ્યમાન કાર્ડ વય વંદના કાર્ડ કાઢી આપવાના કેમ્પમાં સવારે ૯ થી ૧૨ દરમિયાન અરજદારોએ રાશન કાર્ડ તમામના આધાર કાર્ડ રાશન કાર્ડમાં નામ હોય તે તમામે હાજરી આવકનો દાખલો, આધાર કાર્ડ, ઓટીપી માટે આધાર લીંક નંબર વાળા મોબાઈલ સાથે સમયસર ઉપસ્થિત રહેવા વધુ માહીતી માટે દિપ સીસોદીયા મો. નં. ૮૮૬૬૬ ૭૭૨૭૮ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# ગજાનન ધામ દ્વારા કાલે રાહત દરે ચીકી વિતરણ

**અબતક, રાજકોટ**

શ્રી બાલાજી હનુમાનજી પ્રેરીત ગજાનન ધામ દ્વારા આયોજીત રાહત દરે ચીકી વિતરણ જેમા જરૂરીયાત મંદ તથા મધ્યમ વર્ગ માટે દરની વર્ષ જેમ આ વર્ષ તા.૧૧/૧/૨૦૨૫ શનીવાર અને તા.૧૨/૧/૨૦૨૫ રવીવાર ના રોજ સાંજે ૫.૦૦ કલાકે વહેલા તે પહેલાના ધોરણે ભુપેન્દ્ર રોડ, બાલાજી મંદિર પાસે વિતરણ કરવામાં આવશે. જેમા ૫૦૦ ગ્રામ તલસાકરી, ૫૦૦ ગ્રામ માંડવીપાક સાથે ૨૦૦ ગ્રામ મમરાના લાડવાનું પેકેટ આપવામાં આવશે. જેની કિંમત રૂપિયા ૧૫૦ રાખેલ છે.

આ કાર્યક્રમ સફળ બનાવવા કિરીટભાઈ પાંધી, ભરતભાઈ ગમારા, મુકેશભાઈ ગુસાણી, રમણીકભાઈ મીરાણી, રાજુભાઈ ચાવડા, અજયભાઈ ચાવડા, સંજયભાઈ વાધેલા, લાલાભાઈ મનાણી, સંદિપભાઈ હિરપરા, કાકુભાઈ મહેતા, તથા ધનેશભાઈ જીવરાજાની વગેરે લોકો જહેમત ઉઠાવી રહ્યા છે.

# પુજીત રૂપાણી ટ્રસ્ટના કેન્સર નિદાન કેમ્પમાં કાલે નિષ્ણાંત તબીબ ડો. પરીન પટેલનો મળશે 'સેવા લાભ'

## આસ્થા ઓન્કોલોજી એસોસિએટર હેલ્થ કેરના કેમ્પના લાભ લેવા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી - અંજલીબેનનો અનુરોધ

**અબતક, રાજકોટ**

શહેરના જરૂરીયાતમંદ નાગરિકોના આરોગ્ય, શિક્ષણ તેમજ સામાજીક વિકાસ ક્ષેત્રે છેલ્લા ૨૪ વર્ષથી કાર્યરત પુજીત રૂપાણી મેમો.

ટ્રસ્ટ, રોટરી કલબ ઓફ રાજકોટ મીડ ટાઉન તથા અમદાવાદ સ્થિત આસ્થા ઓન્કોલોજી એશોશિયેટસ હેલ્થ કેર ગ્લોબલ (ઈઈઋ) ના સંયુકત ઉપક્રમે છેલ્લા એક દસકાથી સમગ્ર વિશ્વને ભરડામાં લઈ લેનાર રોગ કેન્સરને નાથવા દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે ટ્રસ્ટના ભવન ખાતે'' કેન્સર અવેરનેસ તથા નિદાન પ્રોગ્રામ'' હાથ ધરાયો છે. પુજીત રૂપાણી ટ્રસ્ટના ઉપક્રમે આ નિદાનની સેવાનો રાજકોટ ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્ર તથા કચ્છના પેશન્ટ પણ અગાઉથી રજીસ્ટ્રેશન કરાવી લાભ લઈ શકશે. પરિણામે તેમનો અમદાવાદ જવા આવવાનો ખર્ચ તથા સમય બચી જશે.



આવતીકાલે તા.૧૧/૦૧/૨૦૨૫, શનિવારના રોજ કેન્સર નિષ્ણાંત ડો.પરીન પટેલ પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ ''કિલ્લોલ'', ૧-મયુરનગર, રાજકોટ મહાનગરપાલિકા પૂર્વ ઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ (ફોનનં.૨૭૦૪૫૪૫) ખાતે નિ:શુલ્ક કેન્સર નિદાન કરી અપાશે. જેનો સમય સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધીનો રહેશે. રજિસ્ટ્રેશન રૂબરૂ અથવા ફોનથી પણ કરાવી શકાશે.

આ કેમ્પમાં ગુજરાતના તબીબ ડો.પરીન પટેલ સેવાઓ આપશે. જે અંતર્ગત મોં, ગળું, જડબાંના કેન્સરનું નિદાન કરી અપાશે. જેનો વિનામૂલ્યે લાભ લેવા ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈરૂપાણી તથ ાટ્રસ્ટી અંજલિબેન રૂપાણીએ અનુરોધ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે આરોગ્ય ક્ષેત્રે જરૂરિયાત મંદ પ્રજાજનોની સેવાઓ માટે પુજીત રૂપાણી ટ્રસ્ટના મુખ્ય બિલ્ડીંગમાં ઓપીડી સેન્ટર પણ કાર્યરત છે. જેમાં માત્ર દસ રૂપિયામાં નિદાન તથા સારવારનો લાભ મેળવી શકાયછે તથા શહેરના નિષ્ણાંત તબીબોની સેવાઓ પણ મેળવી શકાય છે. દર બુધવારે સવારે ૯ થી ૧૨ વિનામૂલ્યે નિદાન તથા સારવાર મેળવી શકાય છે. આ ઉપરાંત ટ્રસ્ટમાં રાહતદરે લેબોરેટરી, એકસ-રે તથા ફિઝીયોથેરાપીની સુવિધાઓ ઉપલબ્ધ છે.

ટ્રસ્ટના મેડિકલ સેન્ટરમાં ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટીઓ પ્રવિણભાઈ રૂપાણી, અંજલિબેન રૂપાણી, રંજનબેન રૂપાણી, મહેશભાઈ ભટ, મેહલભાઈ રૂપાણી, રાજેશભાઈ રૂપાણી તથા અમીનેશભાઈ રૂપાણી સહિતનાઓના માર્ગદર્શન હેઠળ ચાલતા આ પ્રોજેકટમાં સેવાઓ આપવા માટે ટ્રસ્ટની મેડીકલ કમિટીના મેમ્બર્સ અંજલિબેન રૂપાણી, મહેશભાઈ ભટ્ટ, ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ડો.નયનભાઈ શાહ, ડો.વિભાકરભાઈ વચ્છરાજાની, દિવ્યેશભાઈ પટેલ તથા બિપીનભાઈ વસા કાર્યરત છે.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક સાધવા એક યાદીમાંજણાવાયું છે.

# લાંબા સમયથી રોગોથી પીડાતા દર્દીઓ માટે રવિવારે તિબેટીયન મેડિકલ કેમ્પ

**અબતક, રાજકોટ**

ભારત-તિબ્બત સંઘના તિબેટીયન નાડીવૈદ્યના કેમ્પ ડાયરેકટર રાજેશભાઈ જે. ભાતેલીયાની યાદી મુજબ અમદાવાદના તિબેટીયન નાડીવૈધનો છઠ્ઠો નિદાન કેમ્પ-લાંબા સમયથી રોગોથી પીડાતા દર્દીઓ માટે તિબેટીયન મેડીકલ કેમ્પ તા:૧૨ જાન્યુઆરી-૨૦૨૫ના રવિવારે સવારે ૯:૦૦ થી ૧:૦૦ અને બપોરના ૨:૦૦ થી ૪:૦૦ સુધી રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

કેમ્પમાં ડાયાબીટીસ, હૃદય, શ્વાસના રોગ, કિડની, કરોડરજ્જુ, મણકાની તકલીફ, ફેટીલીવર, પથરી, આર્થરાઈટીસ, માઈગ્રેન, સાયનસ, માસિક ધર્મ, નપુસંકતા, ન્યુરોલોજીકલ ડીસઓર્ડર, હોર્મોમલ ડીસઓર્ડર, સંતાન પ્રાપ્તિ સંબંધિત સમસ્યાઓ, માનસિક રોગ અને તમામ પ્રકારના કેન્સરથી પીડાતા દર્દીઓને કેમ્પનો લાભ લેવા રાજેશ જે. ભાતેલીયાએ વિનંતી કરી છે. મો.નં. ૯૪૨૯૫૧૦૮૧૪ ઉપર નોંધણી તાઃ ૧૦ અને તાઃ ૧૧ ના સાંજે ૪ થી ૫ દરમ્યાન દર્દીઓ નામ નોંધાવી નંબર મેળવી અને આવવાનું રહેશે અને કેમ્પ સ્થળે તેમને તાઃ ૧૨/૧/૨૦૨૫ ના રોજ ટોકન આપવામાં આવશે. જે લઈને ડોકટર પાસે જવાનું રહેશે. અત્યંત ઠંડી હોય જેના કારણે વહેલું આવવું ન પડે તે હેતુથી આ વધારાની વ્યવસ્થા દર્દીઓના હિતમાં કરવામાં આવી છે.

સામાન્ય રોગોથી પીડાતા દર્દીઓને કેમ્પમાં નહી આવવા રાજેશ જે. ભાતેલીયા કેમ્પ ડાયરેકટર દ્વારા વિનંતી કરવામાં આવી છે.

# વિરાણી સ્કુલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો રવિવારે ગુરૂ શિષ્ય સ્નેહમિલન કાર્યક્રમ

## સ્નેહ મિલન કાર્યક્રમ સાજે સાંજે બ્લડ ડોનેશન કેમ્પ પણ યોજાશે

**અબતક, રાજકોટ**

આજના ઝડપી તેમજ આધુનિક યુગમાં ગુરુ અને શિષ્યની પરંપરાને સાચા અર્થમાં ચરીતાર્થ કરતો કાર્યક્રમ એટલે કે ગુરુશિષ્ય સ્નેહ મિલન તા. ૧૨ ના રોજ શ્રી શામજી વેલજી વિરાણી વિવિધ લક્ષી વિદ્યાલય ના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા વિરાણી સ્કુલના મધ્યસ્થ ખંડ ભૂતપૂર્વ આચાર્ય એવા મનસુખભાઈ મહેતા, જયંતભાઈ માંકડ, હાલના આચાર્ય હરેન્દ્રસિંહ ડોડીયા, તેમની સાથેના અંદાજીત ૯૦ જેટલા પ્રાથમિક, હાયર સેકન્ડરી તેમજ ટેકનીકલ સ્ટ્રીમના શિક્ષકોની સજોડે, અંદાજીત ૫૦૦ વિદ્યાર્થીઓના સહિયારા પુરુષાર્થથી યોજવામાં આવેલ. આચાર્યના હસ્તે દિપ પ્રાગટય કરી પ્રાર્થના તેમજ રાષ્ટ્રગીત નું ગાન કરી અવસાન પામેલ એ સમયના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને યાદ કરી મૌન પાડી તમામ વિદ્યાર્થી દ્વારા દરેક ઉપસ્થિત લોકોનું મનોરંજન સાથે સ્વાગત કરી અંતે ભોજન લેશે. સાંજે ૫ કલાકે બ્લડ ડોનેશન કેમ્પ રાખેલ છે.

# વૈવિશાળના જટીલ પ્રશ્નોના નિરાકરણ માટે લોહાણા સમાજ વૈવિશાળ કેન્દ્ર કાર્યરત

**અબતક, રાજકોટ**

બજરંગ ગ્રુપ દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી, તદ્દન નિઃશુલક દર રવિવારે સાંજે ૪ થી ૬-૩૦ -રાધેશ્યામ કોમ્પ્લેક્ષ ગ્રાઉન્ડ ફલોર, ગરેડીયા કુવા રોડ, રાજકોટ ખાતે લોહાણા સમાજના યુવક અને યુવતીના વૈવિશાળના જટીલ પ્રશ્નોના નિરાકરણ માટે સમાજના વિવિધ અનુભવી આગેવાનો દ્વારા વિગતવાર સાલ વાઈઝ અને તેમજ ઉચ્ચ કારકિર્દી, ઉચ્ચ શૈક્ષણીક લાયકાત, તેમજ પ્રોફેશ્નલ સ્ટેટસ ધરાવતા અનુભવી, બીનઅનુભવી સમાજના તમામ સ્તરને ધ્યાનમાં રાખીને લોહાણા સમાજ વૈવિશાળ કેન્દ્ર સતત કાર્યરત છે. જોડાવા ઈચ્છુક લોહાણા યુવક અને યુવતીએ પોતાના કલર ફુલ બાયોડેટા વાળો ફોટા, ફોટા પાસપોર્ટ સાઈઝના સાથે રવિવારે સાંજે ૪ થી ૬-૩૦ દરમ્યાન કિશોરભાઈ ધનજીભાઈ કારીયા, મો.નં. ૯૪૨૮૨૫૪૦૦૮, જતીનભાઈ ભીંડોરા મો.નં. ૯૮૨૫૦ ૭૫૧૫૪, હસુભાઈ ગણાત્રા મો.નં. ૯૮૨૪૧ ૫૪૧૧૧ ઉપર સંપર્ક કરવા વિનંતી. જેમા બહેનોની નામ રજીસ્ટર કમિટીમાં મીનાબેન છાગાણી, હર્ષાબેન કકકડ, નૈરૂતીબેન કકકડ, ભાઈઓની કમિટીમાં જગદીશભાઈ વી. ગણાત્રા, પંકજભાઈ ચગ, મનુભાઈ ખંધેરીયા (ભગત), પંકજભાઈ ધનજીભાઈ કારિયા, પરેશભાઈ સેજપાલ, સુનીલભાઈ મજેઠીયા, સંજયભાઈ બી. ઠકરાર, દિપકભાઈ બી. ઠકરાર, જયંતભાઈ બુધ્ધદેવ, વિનુભાઈ બુધ્ધદેવ, બટુકભાઈ રાચ્છા, ભરતભાઈ માણેક, દિનેશભાઈ તન્ના, ચંદ્રેશભાઈ ગણાત્રા, મહેશભાઈ દવે (મોરબી) વિગેરે કાર્યરત છે.

# સુદાણી-ત્રાડા પરિવારનું રવિવારે સાતમુ સ્નેહમિલનઃ વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ

## સ્નેહમિલનની સાથોસાથ બ્લડ ડોનેશન કેમ્પ, ડાયાબિટીસ-બ્લડ પ્રેશર ચેકઅપ કેમ્પનું પણ આયોજન

**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે રહેતા સુદાણી-ત્રાડા પરીવાર દ્વારા સાતમાં સ્નેહ મિલનના કાર્યક્રમની સાથો-સાથ બ્લડ ડોનેશન કેમ્પ, ડાયાબીટીસ, બી.પી. ચેકઅપ, વિદ્યાર્થી સન્માન સભારંભનું આગામી તા.૧૨-૧-૨૦૨૫ ને રવિવાર સાંજના ૫-૦૦ કલાકે 'પિરામીડ પાર્ટી પ્લોટ', પાટીદાર ચોક, મવડી-કણકોટ રોડ કોર્નર, ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

આ સ્નેહ મિલન કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે જયેશભાઈ રાદડીયા (પૂર્વ કેબીનેટ મંત્રી), રમેશભાઈ ટીલાળા, (ધારાસભ્ય), પ્રવિણાબેન રંગાણી (રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ) ક્રિષ્નાબેન ત્રાડા (પી.એસ.આઈ સાઈબર ક્રાઈમ -સુરત) ગૌતમભાઈ ત્રાડા (પૂર્વ ડે. મેયર - જામનગર) પ્રમોદભાઈ ત્રાડા (પૂર્વ પ્રમુખ જેતપુર-નવાગઢ નગરપાલીકા) પ્રાણજીભાઈ ત્રાડા (તાલુકા પંચાયત પ્રમુખ-જામકંડરણા) મયંકભાઈ ત્રાડા (એ.સી.જી.એસ.ટી.ડીપાર્ટમેન્ટ-ભાવનગર) મહેશભાઈ નાથાભાઈ સુદાણી (શાસક પક્ષ નેતા-તાલુકા પંચાયત-પડધરી) ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નરેશભાઈ ત્રાડા, નગીનભાઈ ત્રાડા, કલ્પેશભાઈ સુદાણી, જીતુભાઈ ત્રાડા, પરાગભાઈ સુદાણી, આશિષભાઈ સુદાણી, રાકેશભાઈ ત્રાડા, રાકેશભાઈ સુદાણી, કેતનભાઈ ત્રાડા, નિશાંતભાઈ સુદાણી, ભરતભાઈ ત્રાડા તથા પરીવારના અન્ય સભ્યોએ જહેમત ઉઠાવેલ છે.

# સી.આર.પાટીલ કાલે રાજકોટમાં: અસંતુષ્ટો હૈયાવરાળ ઠાલવવાના મૂડમાં

## ડો.ભરત બોઘરા પ્રેરિત યુનિટી ફાઉન્ડેશનના સમૂહ લગ્નોત્સવમાં હાજરી આપવા માટે આવી રહેલા કેન્દ્રીય મંત્રી અને ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલનું એક કલાકનું રાજકોટમાં રોકાણ

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ અને ભારત સરકારના કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ આવતીકાલે રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે. હાલ શહેર ભાજપ પ્રમુખ પદનું કોકડું ગુંચવાયેલું છે. બે જૂથો સામસામે આવી ગયા છે. દરમિયાન કાલે રાજકોટની મુલાકાતે આવી રહેલા પાટીલ સમક્ષ અસંતુષ્ટો હૈયાવરાળ ઠાલવે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી. એક કલાકના રોકાણ દરમિયાન કેન્દ્રીય મંત્રી અલગ-અલગ બેથી ત્રણ કાર્યક્રમોમાં હાજરી આપશે. ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરાની સંસ્થા યુનિટી ફાઉન્ડેશન દ્વારા રાજકોટના આંગણે સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દીકરીઓને આશિર્વાદ આપવા માટે કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર.પાટીલ રાજકોટની એક



### ગીર ગંગા ટ્રસ્ટના હિટાચી મશીનનું લોકાર્પણ કરશે: મૌલેશભાઈ ઉકાણીની પુત્રીની રીંગ સેરેમની પ્રસંગમાં પણ હાજરી આપે તેવી શક્યતા

કલાકની મુલાકાતે આવી રહ્યા છે. કાલે સાંજે તેઓ ૫:૩૦ કલાકે રાજકોટમાં આવશે અને ૬:૩૦ કલાકે નીકળી જશે. હાલ એક કલાકનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે. જેમાં તેઓ રેસકોર્ષ ખાતે યુનિટી ફાઉન્ડેશન આયોજીત સમૂહ લગ્નમાં હાજરી આપશે. આ ઉપરાંત ગીર ગંગા ટ્રસ્ટના હિટાચી મશીનનું પણ લોકાર્પણ કરશે. ખ્યાતનામ ઉદ્યોગપતિ મૌલેશભાઈ ઉકાણીની પુત્રીના લગ્ન અવસર પૂર્વે આવતીકાલે રીંગ સેરેમની યોજાવાની છે. જેમાં પણ સી.આર.પાટીલ હાજરી આપે તેવી શક્યતા હાલ દેખાઈ રહી છે.

શહેર ભાજપ પ્રમુખ પદ માટે ૨૯ દાવેદારોએ ઉમેદવારી ફોર્મ ભર્યા છે. દરમિયાન વર્તમાન પ્રમુખ મુકેશભાઈ દોશીને રિપીટ થતા રોકવા માટે ૨૨ જેટલા મોટા નેતાઓ એક થઈ ગયા છે. ગત શનિવારે સંગઠન ચૂંટણી અધિકારી સમક્ષ બળાપો ઠાલવ્યા બાદ પ્રદેશ કક્ષાએ પણ આકરી અને આક્રમક રજૂઆત કરી હતી. અમૂક મોટા નેતાઓએ તો દિલ્હી સુધી પોતાની અસંતોષની આગની હવા વેહતી કરી હતી. આવતીકાલે રાજકોટની મુલાકાતે આવી રહેલા પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ કોઈ મીટીંગ યોજવાના નથી. પરંતુ અસંતુષ્ટો જૂથ તેઓની સમક્ષ હૈયાવરાળ ઠાલવવાના મૂડમાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હવે જોવાનું એ રહે છે કે આવતીકાલે રાજકોટની મુલાકાત દરમિયાન પાટીલ અસંતુષ્ટોને લાગણીને સાંભળશે કે પછી કોઈને ટાઈમ આપશે નહિં અને પોતાના નિર્ધારિત શિડ્યુલ મુજબ બે થી ત્રણ કાર્યક્રમોમાં હાજરી આપી નિકળી જશે.

# જિલ્લા-મહાનગરોના પ્રમુખોના નામની હવે ગમે તે ઘડીએ જાહેરાત

## આજે રાત્રિ સુધીમાં ૫૦ ટકા જેટલા જિલ્લા અને મહાનગરોનાં અધ્યક્ષ જાહેર કરી દેવાશે: વિવાદવાળા જિલ્લા અને મહાનગરોમાં ઈન્તજાર લંબાશે

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા આજે ગમે ત્યારે જિલ્લા અને મહાનગરોનાં અધ્યક્ષના નામ જાહેર કરી દેવામાં આવે તેવી પ્રબળ સંભાવના જણાય રહી છે.આજે ૫૦ ટકાથી વધુ જિલ્લા અને મહાનગરોનાં અધ્યક્ષ જાહેર કરી દેવામાં આવશે રાજકોટ સહિત એવા કે જયાં વર્તમાન પ્રમુખ સામે વિરોધ કે અસંતોષ સ્થાનીક કક્ષાએ વકર્યો છે તેના અધ્યક્ષની જાહેરાત કરવામાં ન આવે તેવું દેખાય રહ્યું છે.

ગત શનીવારે જિલ્લા અને મહાનગરોનાં પ્રમુખ પદ માટે ઉમેદવારી ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા જેમાં ૩૩ જિલ્લા અને ૮ મહાનગરો માટે ૧૨૫૦થી વધુ દાવેદારોએ પ્રમુખ બનવાની ઈચ્છા વ્યકત કરી હતી. ગત સોમવારે સંગઠન ચૂંટણી અધિકારીઓએ તમામ નામો પ્રદેશ હાઈકમાન્ડ સમક્ષ રજૂ કરી દીધા હતા બે દિવસ પૂર્વે પ્રદેશ ભાજપ સંગઠન ચૂંટણી અધિકારી ઉદયભાઈ કાનગડ, સહ ચૂંટણી અધિકારી ધવલભાઈ દવે અને પ્રદેશ મહામત્રી રજનીભાઈ પટેલ દ્વારા નામોનું લીસ્ટ દિલ્હીમાં પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ સમક્ષ રજૂ કરી દેવામાં આવ્યું હતુ પાટીલે નામો ફાઈનલ કરી ગઈકાલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ સમક્ષ નામો મૂકી દીધા હતા.

કાર્યશાળામાં એવા સંકેતો આપવામાં આવ્યા હતા કે ૧૦મી જાન્યુઆરીમાં જિલ્લા અને મહાનગરોનાં પ્રમુખોનાં નામ જાહેર કરી દેવામાં આવશે. આ અવધીનો આજે અંતીમ દિવસ છે. ભાજપના સુત્રોના જણાવ્યાનુસાર આજે રાત્રી સુધીમાં પ્રદેશ હાઈકમાન્ડ દ્વારા કેટલાક જિલ્લા અને મહાનગરોના પ્રમુખોના નામ જાહેર કરવામાં આવી શકે છે. સુરત, વડોદરા કે રાજકોટ ત્રણ મહાનગરો પૈકી કોઈપણ એક શહેરમાં પ્રમુખ પદ ભાજપ મહિલા આગેવાનને આપી શકે છે.રાજકોટમાં બે ધારાસભ્યો અને મેયર પદે પણ મહિલા હોય આવામાં રાજકોટમાં પ્રમુખ પદ મહિલાને આપવામાં આવે તેવી શકયતા નહીવત છે.

પ્રદેશ પ્રમુખની નિમણુંક કરવા માટે રાજયનાં ૫૦ ટકાથી વધુ જિલ્લા અને મહાનગરનાં પ્રમુખોની વરણી કરવી ફરજીયાત છે.આવામાં આજે એવા જિલ્લા અને શહેરનાં પ્રમુખ જાહેર કરી દેવામાં આવશે જયાં દાવેદારો સામે કોઈ વિરોધ કે અસંતોષ નથી. રાજકોટ શહેર ભાજપના વર્તમાન મૂકેશ દોશીને માત્ર દોઢ વર્ષ જેટલો જ સમય થયો છે તેઓને રિપીટ કરવામાં આવે તેવું લાગતા એક ચોકકસ જૂથે હાથ મીલાવી દોશી સામે મોરચો માંડયો છે. સ્થાનીક કક્ષાએ ચૂંટણી અધિકારી સમક્ષ બળાપો ઠાલવ્યા બાદ પ્રદેશ લેવલે અને ત્યારબાદ દિલ્હી દરબાર સુધી ફરિયાદનો મારો ચલાવવામાં આવ્યો હતો.રાજકોટ શહેર ભાજપ પ્રમુખ પદે માટે હાલ મૂકેશ દોશી, દેવાંગ માંકડ અને કશ્યપ શૂકલ વચ્ચે બરાબરની ફાઈટ ચાલી રહી છે. જોકે આજે રાજકોટના અધ્યક્ષનું નામ જાહેર કરવામાં આવે તેવી શકયતા ખૂબજ ઓછી દેખાય રહી છે.ભાજપ દ્વારા આગામી ૨૬મી જાન્યુઆરી સુધીમાં પ્રદેશ અધ્યક્ષની પણ નિયુકતી કરી દેવામાં આવે તેવું હાલ દેખાય રહ્યું છે. હવે ગમે તે ઘડીએ હાઈકમાન્ડ દ્વારા તબકકાવાર જિલ્લા અને મહાનગરોનાં પ્રમુખના નામ જાહેર કરાય તેવું લાગી રહ્યું છે.

### એક વર્ષ પૂર્વે ખુલ્લી મુકાયેલી કોર્ટમાં મોબાઈલ શુટીંગ કરતા અસીલોએ અટકાવતા

# મહિલા સહિત બે વકીલ પર હુમલો : ધારાશાસ્ત્રીઓ લાલઘુમ







### ફરજ પરના પોલીસ આરોપી બંને ભાઈને પકડી લીધા, વકીલો દ્વારા આરોપીને 'મેથીપાક' આપવાની માંગ સાથે અડગ

### સીડીમાં વકીલને આંતરી માર મારતાં છોડાવવા વચ્ચે પડેલ મહિલા આસ્ટિન્ટને બટકા ભર્યા

**અબતક, રાજકોટ**

જામનગર રોડ પર આવેલી નવી કોર્ટ બિલ્ડીંગને ખુલ્લી મુકાયાને ૧ વર્ષ પૂર્ણ થયા ને ગણતરીના દિવસોમાં ફરી એક વખત વકીલો અને અસીલો વચ્ચે મારામારીની ઘટના પ્રકાશમાં આવતા મામલો ગરમાયો છે.મા માળે ધમકી આપ્યાના કેસમા કોર્ટ મુદતે આવેલા સગા બે ભાઈઓએ ચાલુ કોર્ટે વીડીયો શુટીંગ શરૂ કરતા તેના વકીલે વીડીયો શુટ કરવાની ના પાડતા બંને અસીલોએ પોતાના વકીલ સાથે ઝઘડો કરી હુમલો કરી માર માર્યો હતો. વકીલને છોડાવવા વચ્ચે પડેલ મહીલા આસીસ્ટન્ટને બંને શખ્સોએ હાથમા બટકા ભરી માર માર્યો હતો. હુમલામા ઘવાયેલા બંને વકીલને સારવાર માટે ખસેડવામા આવ્યા હતા. ઘટનાને પગલે સિવિલ હોસ્પિટલમા વકીલોના ટોળા ઉમટી પડયા હતા. ફરજ પરના પોલીસ કર્મચારીઓએ આરોપી બંને ભાઈને ઝડપી લઈ અને બેસાડી દીધા હતા અને પોલીસ કાફલો દોડી જતા ત્યારે વકીલો મોટી સંખ્યામાં ખૂમતી પડી અને ઝડપાયેલા બંને શખ્સોને મેથીપાક ચખાડવાની માંગ પર અડગ રહ્યા છેઆ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગતો મુજબ શહેરમા બાબરીયા કોલોની વિસ્તારમા આવેલા રંગીલા પાર્કમા રહેતા યુવા એડવોકેટ ભાર્ગવભાઈ ધર્મેશભાઈ બોડા (ઉ.વ. ૨૭) અને હનુમાન મઢી પાસે રહેતા સરોજબેન મુકેશભાઈ વિંઝુડા નામના ૨૭ વર્ષના એડવોકેટ બપોરના બારેક વાગ્યાના અરસામા જામનગર રોડ પર આવેલી નવી કોર્ટ બિલ્ડીંગમા પહેલા માળે હતા ત્યારે હરીશ પઢીયાર અને તેના ભાઈ અનીલ પઢીયારે ઝઘડો કરી એડવોકેટ ભાર્ગવ બોડા અને સરોજબેન વિંઝુડા ઉપર હુમલો કરી માર માર્યો હતો અને સરોજબેન વિંઝુડાને હાથમા બચકા ભરી લીધા હતા. કોર્ટમા મારામારીની ઘટના બનતા વકીલો એકઠા થયા હતા અને વકીલ ઉપર હુમલો કરનાર બંને શખ્સને ઝડપી લઈ પોલીસ હવાલે કર્યા હતા. હુમલા ઘવાયેલા મહીલા એડવોકેટ સહીત બંને વકીલને સારવાર માટે સિવિલ હોસ્પિટલમા ખસેડવામા આવ્યા હતા. કોર્ટમા જ વકીલો પર હુમલો થયાની ઘટનાને સીનીયર - જુનીયર વકીલોએ સખત શબ્દોમા વખોડી કાઢયો છે. પ્રાથમીક પુછપરછમા હુમલાખોર હરીશ પઢીયાર અને અનીલ પઢીયાર એડવોકેટ ભાર્ગવ બોડાના અસીલ છે અને સરોજબેન વિંઝુડા ભાર્ગવ બોડાના આસીસ્ટન્ટ એડવોકેટ છે. હરીશ પઢીયાર અને અનીલ પઢીયાર ધમકી આપવાના કેસમા આજે કોર્ટ મુદતે આવ્યા હતા. પાંચમા માળે ચાલુ કોર્ટ દરમ્યાન બંને આરોપીઓ વીડીયો શુટીંગ ચાલુ કર્યુ હતુ તેથી તેના એડવોકેટ ભાર્ગવ બોડાએ કોર્ટમા વીડીયો શુટીંગ કરવુ તે ગેરકાયદેસર છે તેમ કહી વીડીયો શુટીંગ કરવાની ના પાડી હતી. જેથી ઉશ્કેરાયેલા બંને શખ્સોએ એડવોકેટ ભાર્ગવ બોડા સાથે ઝઘડો કર્યો હતો અને પાંચમા માળેથી સીડીએથી નીચે ઉતરી રહેલા એડવોકેટ ભાર્ગવ બોડાને આંતરી બંને શખ્સોએ પછાડી દઈ માર માર્યો હતો. ભાર્ગવ બોડાને બચાવવા વચ્ચે પડેલા એડવોકેટ સરોજબેન વિંઝુડાને માર મારી બચકા ભર્યાનુ જાણવા મળ્યુ છે. હા મામલાની વાયુવેગે વકીલોને જાણ થતા મોટી સંખ્યામાં કોર્ટ કચેરી ખાતે દોડી ગયા હતા અને ઝડપાયેલા બંને આરોપીને સરભરા કરવા માંગ પર અડગ રહેતા મામલો ઘરમાંયો છે જેને પગલે ઉચ્ચ અધિકારીઓ દોડી ગયા છે.

### હુમલાખોરો વતી કોઈએ વકીલ તરીકે ન રોકાવવા બારનો ઠરાવ

ડિસટીક કોર્ટ બિલ્ડીંગ ખાતે આજે નજીવી બાબતે બે વકીલ પર અસીલો દ્વારા કરવામાં આવેલા હુમલાને બાર એસોસિએશનને સખત શબ્દોમાં વખોડી કાઢી અને ભવિષ્યમાં આવી ઘટનાનું નિર્માણ ન થાય તે માટે પોલીસને રજૂઆત કરવામાં આવશે તેમજ આ હુમલાખોરો વતી કોઈ વકીલોએ રોકાવું નહીં તે માટે બાર એસોસિએશન દ્વારા તાત્કાલીક મીટીંગ બોલાવવામાં આવી હતી. અને હુમલાખોરો વતી કોઈએ વકીલ તરીકે ન રોકાવવા બાર એસો. દ્વારા ઠરાવ કરવામાં આવ્યો છે. તેમ બાર એસોસિએશનના પ્રમુખ પરેશ મારું ની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### એડવોકેટ પ્રોટેક્શન એક્ટ પસાર કરવામાંની ફરી માંગ ઉઠવા પામી

રાજકોટ કોર્ટ બિલ્ડિંગમાં જાહેર મહિલા સહિત બે વકીલ પર થયેલા હુમલા ના ઘેરા પડઘા પડ્યા છે. વકીલો પર થતા હુમલાઓને ધ્યાનમાં લઈને સુરક્ષા પ્રદાન કરવામાં આવે અને એડવોકેટ પ્રોટેક્શન એક્ટ પસાર કરવામાંની ફરી માંગ ઉઠવા પામે છે.ગુજરાતભરમાં અવારનવાર વકીલો પર સામે પક્ષ અથવા અન્ય કોઈ લોકો દ્વારા હુમલો કર્યાની ઘટના બને છે. એડવોકેટ પ્રોટેક્શન એક્ટ લાગુ કરવામાં આવે વકીલો પર હુમલા અને હિંસક પ્રવૃતિઓમાં વધારો થયો છે. ત્યારે રાજ્યમાં મજબૂત એડવોકેટ પ્રોટેક્શન એક્ટ પસાર કરવાની જરૂરત છે. હિંસા અને હુમલામાં અનેક વકીલોએ ગંભીર શારીરિક અને માનસિક હિંસા સહન કરી છે, જેથી ન્યાય સેવામાં અટકાવ થઈ છે. સુરક્ષા પ્રદાન કરવામાં આવે અને એડવોકેટ પ્રોટેકશન એક્ટ પસાર કરવામાંની ફરી માંગ ઉઠવા પામે છે

### ઉધાર લેવા વાળા એક, દેવા વાળા ચાર!

# ત્રણથી વધુ જગ્યાએથી નાણા લેનારાઓની સંખ્યા ૧ કરોડને પાર: નાદારોની સંખ્યામાં ધરખમ વધારો થશે?

## નાણાકીય વર્ષની શરૂઆતથી જ વધતા ડિફોલ્ટ્સને કારણે સમગ્ર માઈક્રોફાઈનાન્સ ઈકોસિસ્ટમ પ્રભાવિત: નાણા મંત્રાલયે આ મુદ્દે બેઠક પણ યોજી

**અબતક, કોલકાતા**

નાના ઉધાર લેનારાઓ ત્રણથી વધુ જગ્યાએથી નાણા લઈ રહ્યા છે. આમ નાણા લેનાર એક જ વ્યક્તિ છે.જ્યારે નાણાં ધીરનારા ત્રણથી વધુ છે. આને કારણે હવે નાદારોની સંખ્યામાં વધારો થાય તેવા એંધાણ મળી રહ્યા છે.

નવેમ્બર સુધીમાં લગભગ ૫૦ લાખ સૂક્ષ્મ ઉધાર લેનારાઓ, અથવા ૬ ટકા લોકોએ ચાર કે તેથી વધુ ધિરાણકર્તાઓ પાસેથી લોન લીધી છે. ધિરાણ ઉદ્યોગમાં ખરાબ લોનની સંખ્યામાં વધારો થયો છે. ક્રેડિટ બ્યુરો સીઆરઆઈએફ હાઈ માર્ક દ્વારા અપાયેલા ડેટા દર્શાવે છે કે ત્રણ કે તેથી વધુ ધિરાણકર્તાઓ પાસેથી લોન લેનારા ઉધાર લેનારાઓની સંખ્યા ૧.૧ કરોડ હતી, જે કુલ ૮.૫૦ કરોડ માઈક્રોફાઈનાન્સ ઉધાર લેનારામાં ૧૩% છે. હાલમાં, માઈક્રોફાઈનાન્સ ક્ષેત્ર ગંભીર સંપત્તિ ગુણવત્તાના તણાવનો સામનો કરી રહ્યું છે. સપ્ટેમ્બરના અંતમાં પ્રાદેશિક ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ રેશિયો ૧૮ મહિનાની ઊંચી સપાટી ૧૧.૬% પર પહોંચ્યો. વધુમાં, રોગચાળાની અસર ઓછી થતાં, ઓક્ટોબર ૨૦૨૨ થી પ્રતિ ઉધાર લેનારા ધિરાણકર્તાઓની સંખ્યા વધવા લાગી. રસપ્રદ વાત એ છે કે, આ પિરામિડના નીચલા આર્થિક ક્ષેત્રને ધિરાણ પૂરું પાડતા તમામ ક્ષેત્રો માટે ભારતીય રિઝર્વ બેંક દ્વારા સમાન માર્ગદર્શિકાના પ્રકાશન સાથે સુસંગત છે.“તે ચક્રીય છે અને મોટાભાગે ભૌગોલિક એકાગ્રતાને કારણે છે,“ એક અગ્રણી માઈક્રોફાઈનાન્સ કંપનીના ટોચના એક્ઝિક્યુટિવે જણાવ્યું હતું. “વધુ ધિરાણકર્તાઓ સામાન્ય રીતે નવા કેચમેન્ટ વિસ્તારો શોધવાનો પ્રયાસ કરવાને બદલે સ્થિર વ્યવસાય આપતી ભૂગોળ તરફ આકર્ષાય છે.“ ક્રેડિટ બ્યુરોના ડેટા દર્શાવે છે કે માઈક્રોફાઈનાન્સ પ્રવેશની દ્રષ્ટિએ ટોચના ૧૦ રાજ્યો ઉદ્યોગ પોર્ટફોલિયોના લગભગ ૮૩% હિસ્સો ધરાવે છે.



જૂન ૨૦૨૨ સુધીમાં, પ્રતિ ઉધાર લેનારા ચાર કે તેથી વધુ ધિરાણકર્તાઓનો ગુણોત્તર ૪.૧૪% હતો, જે તે વર્ષના અંત સુધીમાં વધીને ૫.૨% થયો હતો, આ બાબતથી પરિચિત લોકોએ જણાવ્યું હતું. સીઆરઆઈએફ હાઈ માર્ક ડેટા અનુસાર, ગયા વર્ષે નવેમ્બરના અંતમાં આ ગુણોત્તર ૫.૬% હતો.

“જો કૌટુંબિક આવક અને લોન જવાબદારીનું મૂલ્યાંકન યોગ્ય રીતે કરવામાં આવે, તો ધિરાણકર્તાઓની સંખ્યા કોઈ મુદ્દો ન હોવો જોઈએ,“ આ ક્ષેત્રના સ્વ-નિયમનકારોમાંના એક, સહનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જીજી મામેને જણાવ્યું હતું. “આરબીઆઈના ધોરણો મુજબ, ચુકવણીની જવાબદારી ઘરની માસિક આવકના ૫૦% થી વધુ ન હોવી જોઈએ. જો આનું પાલન ન કરવામાં આવે તો, ધિરાણકર્તાઓની સંખ્યા ગમે તે હોય, ચુકવણીમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે.“

જોકે, ઘણા વરિષ્ઠ માઈક્રોફાઈનાન્સ વ્યાવસાયિકોએ જણાવ્યું હતું કે ધિરાણકર્તાઓના એક વર્ગ દ્વારા ઘરગથ્થુ આવક મૂલ્યાંકનનું યોગ્ય રીતે પાલન કરવામાં આવતું નથી, જેના કારણે સમગ્ર ઉદ્યોગ માટે બેડલોનનું જોખમ વધી રહ્યું છે. નિયમનકારે કેટલાક ધિરાણકર્તાઓ દ્વારા ઘરગથ્થુ આવકના મૂલ્યાંકનમાં રહેલા અંતર પર પણ નારાજગી વ્યક્ત કરી હતી. માઈક્રોફાઈનાન્સ લોન કોલેટરલ-મુક્ત હોય છે અને ઓછી આવક ધરાવતા પરિવારોને આપવામાં આવે છે - જેમની વાર્ષિક આવક રૂ. ૩ લાખથી ઓછી હોય છે. આવી લોનની મુખ્ય લાભાર્થી મહિલાઓ છે.

નાણા મંત્રાલયના નાણાકીય સેવાઓ વિભાગએ બુધવારે ઉભરતી પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે દેશની ટોચની માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ સાથે બેઠક યોજી હતી. ડીએફએસ સચિવ એમ નાગરાજુએ જણાવ્યું હતું કે ભારતમાં એમએફઆઈને વધુ મજબૂત, ગતિશીલ અને નાણાકીય રીતે મજબૂત બનાવવાની જરૂર છે જેથી તેઓ ગામડાઓમાં ઓછી આવક ધરાવતા પરિવારોને અસરકારક રીતે સેવા આપી શકે. બેઠકમાં, નાગરાજુએ એમ પણ કહ્યું કે એમએફઆઈએ ક્ષેત્રને મજબૂત બનાવવા અને વધુ સક્ષમ બનવા માટે એક રોડમેપ તૈયાર કરવાની જરૂર છે.નાણાકીય વર્ષની શરૂઆતથી વધતા ડિફોલ્ટ્સને કારણે સમગ્ર માઈક્રોફાઈનાન્સ ઈકોસિસ્ટમ પ્રભાવિત થઈ રહી છે.બંધન બેંક, ઈન્ડસઈન્ડ બેંક અને આરબીએલ બેંક જેવા મોટા માઈક્રોફાઈનાન્સ એક્સપોઝર ધરાવતા લિસ્ટેડ યુનિવર્સલ ધિરાણકર્તાઓના શેરના ભાવ સંબંધિત ૫૨-સપ્તાહના નીચલા સ્તરની નજીક પહોંચી ગયા છે.

# લોધિકાઃ બહેનની ઘરે ખીચડો દેવા જતા ભાઈનું માર્ગ અકસ્માતમાં મોત

## જેતપુર નજીક ડમ્પરની અડફેટે યુવાનનું મોત

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના ચાંદલી નજીક બહેનની ઘરે ખીચડો દેવા જતા કારની અડફેટે પ્રૌઢનું મોત નીપજતા પરિવારમાં શોખનું મોજુ ફેલાયું છે.અને જેતપુર નજીક પોરબંદર જુનાગઢ હાઈવે પર ડમ્પરની ચાલીને જતા યુવાનો મોત નીપજ્યાનો બનાવ ઉધોગ નગર પોલીસ મથકમાં નોંધાયો છે બનાવી પ્રાપ્ત માહિતી મુજબ લોધીકાના ચાંદલી ગામે રહેતા રવજીભાઈ બગડા નામના પ્રૌઢ બહેન ના ઘરે ખીચડો દેવા જાતા હતા ત્યારે તેઓ હનુમાન ધારાની પાસે પહોંચ્યા ત્યારે સામેથી આવતી G j 36 B 8524ના કાર ના ચાલકે સામેથી અડફેટે લેતા , રવજીભાઈ બાઈક સહિત ફંગોળાઈ ગયા હતા. અકસ્માતને લઈને રવજીભાઈને માથામાં અને શરીરે ગંભીર બીજા પહોંચી હતી પ્રૌઢને સારવાર અર્થે લોધીકા હોસ્પિટલે ખસેડ્યા હતા, જ્યાં ડોક્ટરે તપાસીને જાહેર ર્ક્યા હતા . બનાવની જાણ લોધીકા પોલીસને કરતા જી કે કાટોડીયા સહિતનો સ્ટાફ લોધીકા સરકારી હોસ્પિટલે પહોંચી, રવજીભાઈ ના મૃતદેહને પી. એમ . અર્થે ખસેડી મૃતકના પુત્ર અલ્પેશભાઈએની ફરિયાદ નોંધી , કાર ચાલક લોધીકા તાલુકાના જેતાકુવા ગામની છગન ધરમશી ખૂટની શોધ ખોળ હાથ ધરી છે. અન્ય બનાવમાં મૂળ યું. પી.નો અને હાલ જેતપુરમાં રહેતો અને મારુતિનંદન પ્રોસેસ સાડીના કારખાનામાં મજૂરી કરતો સંદીપ દયાશંકર વર્મા નામનો યુવાન પોરબંદર- જુનાગઢ હાઈવે પર પગપાળા જઈ રહ્યો હતો ત્યારે જી જે ૧૧ વી વી ૮૯૯૨ નંબરના ડંપરના પાછલા જોતા માંથી બંને ટાયર નીકળી જતા , ડમ્પરની અડફેટે સંદીપ આવી જતા , યુવાનું કરુણ મોત નીપજ્યું હતું જેતપુર ઉધોગ નગર પોલીસ ઘટના સ્થળે પહોંચી સંદીપના મૃતદેને પીએમ અર્થે ખસેડી, મૃતક ના પિતાની ફરિયાદ પરથી ડમ્પરચાલક ની શોધખોળ હાથ ધરી છે.

# મારી સામે કેમ જોવે છે? કહી ગોંડલમાં યુવાનને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી હુમલો

## રાજકોટમાં સાથે નોકરી કરતા રાજદીપ પઢીયાર સહિતના નવેક શખ્સો ધોકા, લાકડું અને લોખંડના પાના વડે તૂટી પડ્યા

**અબતક, રાજકોટ**

મારી સામે કેમ જોવે છે કહી ગોંડલના ગુંદાળા દરવાજા નજીક યુવક પર ધોકા, પાનું અને લાકડી વડે હુમલો કરી જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યાનો બનાવ સામે આવ્યો છે. મામલામાં ગોંડલ સીટી પોલીસે ચાર શખ્સો વિરુદ્ધ નામજોગ તેમજ અન્ય પાંચેક શખ્સો વિરુદ્ધ હુમલો, એટ્રોસિટી એક્ટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

ગોંડલના ભગવતપરામા રહેતા દિપકભાઈ બાઉદીનભાઈ પરમાર (ઉ.વ.૨૧)એ ગોંડલ સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં રાજદીપ પઢીયાર, ઉદિત, પૃથ્વી, અહેમદ અને અજાણ્યા શખ્સોનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું રાજકોટ શહેરના ભક્તિનગર શેરી નં.૫ મા આવેલ આર.કે. એન્ટરપ્રાઈઝમાં મ્યુચલ ફંડ વિભાગમાં નોકરી કરું છું. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગત તા.૦૭/૦૧/૨૦૨૫ના સાંજના આશરે સાડા સાતેક વાગ્યાના સમયે હુ રાજકોટથી ગોંડલ ગુંદાળા દરવાજા સામે આવેલ જનતા ટાયર નામની અમારી કેબીને આવેલ હતો. મારી કેબીને મારો નાનો ભાઈ શ્યામ બેસતો હોય તે પણ ત્યા હાજર હોય તેવામા ત્યા મારી સાથે રાજકોટ નોકરી કરતા રાજદીપ પઢીયાર તથા તેની સાથે ઉદીત, પૃથ્વી, અહેમદ આવેલ હતા.

બાદમાં રાજદીપ મારી સાથે બોલાચાલી કરવા લાગેલ કે, રાજકોટ તુ મારી સામે શુ કામ જોતો હતો તેમ કહેતો હતો. ત્યારે પૃથ્વીએ મને પકડી લીધેલ અને ઉદીતના હાથમા લાકડાનો ધોકો હોય તેણે ધોકા વડે માર માર્યો હતો. અહેમદ ત્યા બાજુમા લાકડુ પડેલ હોય તે લઈને મને મારવા લાગેલ હતો અને રાજદીપ કેબીનમાં રહેલ પાનુ લઈને મને મારવા લાગેલ હતો. દરમિયમ વારા ફરતી બે મોટર સાયકલમા બીજા અજાણ્યા આશરે પાંચ છ શખ્સો આવેલ હતા અને મને ઢીકા પાટુનો મારવા લાગેલ હતા. હુમલાના પગલે લોકો એકત્રિત થઈ જવા લાગેલ હતા જેથી આ શખ્સો નાસી ગયાં હતા અને થોડીવારમાં ફરીવાર પરત આવ્યા હતા. ત્યારે કેબીનની બાજુવાળા સિધ્ધાર્થભાઈ બાબરીયા, હુસેન ઉર્ફે ભુરો પઠાણ અને વિજયભાઈ હાજર હતા ત્યારે ફરીવાર આ શખ્સોએ મને ઢીંકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન મારો મોબાઈલ પણ તૂટી ગયો હતો. બાદમાં રાજદીપએ મને મારી જ્ઞાતી પ્રત્યે હડધૂત કર્યો હતો અને આજ તો તુ જીવતો બચી ગયો છો પણ હવે મારી સામુ જોયુ તો તને જાનથી મારી નાખીશ તેમ ધમકી આપી હતી. ઉપરાંત અહેમદે તને છરી ઝીંકી જ દેવી છે તેવી ધમકી આપી હતી અને ત્યાંથી નાસી ગયાં હતા.

ફરિયાદીએ બનાવનું કારણ જણાવતા કહ્યું હતું કે, રાજદીપ પણ મારી સાથે નોકરી કરતો હોય ગઈ તા.૦૭/૦૧/૨૦૨૪ ના રોજ અમે રાજકોટ ખાતે અમારી નોકરી ઉપર હોય ત્યારે આ રાજદીપે મારી સામે શા માટે જોવે છે તેમ કહી મારી સાથે બોલાચાલી કરેલ હતી અને ત્યારબાદ અમારી કેબિને આવીને હુમલો કર્યો હતો.

### પી.પી. સવાણી ગ્રુપ દ્વારા આયોજીત

# પિપરીયુ સમુહલગ્નના પરણેતર યુગલોને મનાલી પ્રવાસ માટે વિદાય કરાયા

**અબતક, રાજકોટ**

રાજકોટના જાણીતા પી.પી.સવાની ગ્રુપ દ્વારા ધામધૂમથી વ્હાલી ૧૧૧ દીકરીઓને પરણાવી સાસરે વળાવતો ભવ્ય પ્રસંગ ''પિયરીયું'' યોજવામાં આવ્યો હતો જે અંતર્ગત હાલ તા. ૧૦/૦૧/ ૨૦૨૫ના રોજ દીકરી-કુમારોનું પ્રથમગ્રુપ મનાલી પ્રવાસે રવાના કરવામાં આવ્યા હતા.

સવારે ૧૨.૩૦ કલાકે મિતુલ ફાર્મ, પ્રાણી સંગ્રાહલયની પાછળ દીકરી-જમાઈઓ એક સાથે એકત્ર થઈ પ્રવાસ દરમિયાનનું સીડ્યુલ તેમજ આયોજનની સમજુતી આપવામાં આવી હતી.

ત્યાર બાદ તમામ દીકરી-કુમારોને બપોરે ૨.૩૦ કલાકે રેલ્વે સ્ટેશન પહોચાડવામાં આવેલ અને ત્યાંથી પશ્રિમ એક્ષપ્રેસમાં બેસાડીને દીકરી-જમાઈઓનું ખુશ ખુશાલ મનાલી જવા માટે રવાના કરવામાં આવ્યા હતા.

### સૌરાષ્ટ્રના શહેનશાહ કોમી એકતાના પ્રતીક સમા

# હઝરત ગેબનશાપીરના બે દિવસીય ઉર્ષની કરાશે ભવ્ય ઉજવણી

## પ્રથમ દિવસે કોમી એક્તા સમારોહ અને હઝરત ગેબનશાહ પીર કોન્ફરન્સનું આયોજન

**અબતક, રાજકોટ**



સૌરાષ્ટ્રના શહેનશાહ અને કોમી એકતાના પ્રતિક સમા હઝરત ગૈબનશાહ પીરનો ઉર્ષ મુબારક રાબેતા મુજબ મુસ્લિમ ચાંદ ૧૪ અને ૧૫ રજબ તેમજ ૧૫ અને ૧૬ જાન્યુઆરી ૨૦૨૫, બુધવાર અને ગુરુવારના રોજ મનાવવામાં આવશે. આ ઉર્ષ પ્રથમ દિવસે રાત્રે ૮ કલાકે રાષ્ટ્રીય કોમી એકતા સમારોહનું આયોજન પીરે તરીકત સૈયદ સરકાર અહેમદ મુનીરબાપુ (સાવરકુંડલા)ના પ્રમુખ સ્થાને યોજવામાં આવશે જેમા તમામ ધર્મોના વડાઓ ધર્મ પ્રવચન આપશે. ત્યારબાદ ખાનકાહે અશરફીયા જાઈસ શરીફના સક્જ્જાદાનશીન ગાઝી એ ઈસ્લામ પીરે તરીકત મૌલાના સલમાન અશરફ અશરફી તકરીર ફરમાવશે તેમજ ઉર્ષ મુબારકના બીજા દિવસે નમાજે ઈશા બાદ નાત શરીફ તેમજ હઝરત મૌલાના કાતીબ અહેમદ (રાજસ્થાન) ની તકરીર છે. ઉર્ષ મુબારકના પ્રથમ દિવસે વહેલી સવારે સૈયદ સાદાતના મુબારક હાથે સંદલ ચડાવવામાં આવશે તેમજ બપોરે ૩ કલાકે નહેરુનગર રૈયા રોડ વિસ્તારમાંથી હાજી બસીરબાપુ બુખારીની આગેવાનીમાં સંદલ ઝુલુસ નીકળશે અને દરગાહ શરીફ પોહચશે. ઉર્ષ મુબારકના પ્રથમ દિવસે બાદ નમાજ મગરીબ ભાટીયા બોર્ડીંગ ગ્રાઉન્ડમાં વેજીટેબલ ન્યાઝ (પ્રસાદ)નું ખાસ આયોજન કરવામાં આવેલ છે. જેમા તમામ હિંદુ મુસ્લિમ તેમજ દરેક સમાજના લોકોને લાભ લેવા પ્રમુખ યુસુફભાઈએ આહવાન કર્યું છે.

# રાજસ્થાનનો રીઢો તસ્કર પાસાના પીંજરે પુરાયો

## રાજકોટ, જામનગર અને સુરતમાં ૧૫ ચોરીનાં ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે

**અબતક, રાજકોટ**



રાજકોટ, જામનગર,સુરત અને રાજસ્થાનમાં ૧૫ જેટલા ચોરીનાં ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા રાજસ્થાનના રીઢા તસ્કરને પાસા હેઠળ સુરત જેલ હવાલે ધકેલી દીધો છે. મુળ રાજસ્થાનનો રાહુલ ઉર્ફે પંડીત બાદલભાઈ બનજારા નામના રીઢા તસ્કરનો રાજકોટ શહેર એલ.સી.બી. ઝોન ૨ એ ઈ ગુજકોપ પ્રોજેક્ટ દ્વારા તેનો ગુન્હીત ઈતિહાસ તપાસતા રાહુલ અગાઉ રાજકોટ, જામનગર, સુરત અને રાજસ્થાનમાં ૧૫ ચોરીનાં ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો હોવાનું જાણવા મળ્યું હતુ.

જેથી તેના વિરૂધ્ધ એલ.સી.બી. ઝોન ૨ એ પાસાની દરખાસ્ત કરતા પોલીસ કમિશ્નર મંજુરીની મહોર મારી પાસાનું વોરંટ ઈસ્યુ કરતા એલસીબી ઝોન ૨ના પી.એસ.આઈ. આર.એમ. ઝાલા એ.એસ.આઈ. જે.વી. ગોહિલ હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ મીયાત્રા, રાજુભાઈ ગોહેલ સહિતના સ્ટાફે રાહુલ ઉર્ફે પંડીત બાદલભાઈ બનજારાની અટકાય કરી સુરત જેલ હવાલે ર્ક્યો છે.

# નવનાત વણીક સમાજ દ્વારા નિ:શુલ્ક ચેકઅપ કેમ્પ યોજાશે

**અબતક,રાજકોટ**



નવનાત વણિક સમાજ રાજકોટ દ્વારા એક મિટિંગ નું આયોજન કરવામાં આવેલ આ મિટિંગમાં શરીર નાં ૪૨ જાતનાં રિપોર્ટ ચેક કરવાનું આયોજન કરવા બાબતે ચર્ચા કરવામાં આવી હતી..

આ મિટિંગમાં રાજકોટ શહેર નાં હોદ્દેદારો યોગેશભાઈ બાવીસી વિરેનભાઈ મહેતા જીજ્ઞેશભાઈ વાગડીયા અમિતભાઈ ધેલાણી નરેન્દ્રભાઈ કોઈન વાળા તથા મહિલા હોદ્દેદારો સ્વીટીબેન મહેતા નમ્રતાબેન શાહ આશાબેન ગોસલિયા દિપાલી બેન વોરા રમીલાબેન શાહ માનસીબેન ફિચડીયા બીનાબેન શાહ વિગેરે હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા..

આ કેમ્પમાં નામ નોંધાવવા તથા વિશેષ માહિતી માટે યોગેશભાઈ બાવીસી મોંબાઈલ નંબર ૯૪૨૭૬૭૪૮૪૮ સ્વીટીબેન મહેતા ૮૧૬૦૯૦૯૧૯૧ વિશેષ માહિતી તથા નામ નોંધવામાં આવશે.

(પહેલા પાનાનું ચાલું)

### આઈપીઓ...

ગઈ જે ગયા વર્ષે ૧૩.૨૧ લાખ હતી. વારી એનર્જીને રિટેલ તરફથી સૌથી વધુ ૭૦.૧૩ લાખ અરજીઓ મળી હતી.

મજબૂત લિસ્ટિંગ કામગીરીને કારણે આઈપીઓ પ્રતિભાવમાં વધુ વધારો થયો હતો જ્યાં સરેરાશ

લિસ્ટિંગ લાભ ૨૮.૬૮% થી વધીને ૩૦.૨૫% થયો હતો. લિસ્ટિંગના દિવસે ૯૧ આઈપીઓમાંથી લગભગ ૬૧ આઈપીઓ એ ૧૦% થી વધુ વળતર આપ્યું. હાલમાં, ૨૦૨૪ માં બજારમાં આવવાના ૯૧ આઈપીઓ માંથી, લગભગ ૬૫ આઈપીઓ ઈશ્યૂ કિંમત કરતાં ઉપર ટ્રેડ થઈ રહ્યા છે. હકીકતમાં, ૨૦૨૪ ના ૯૧ આઈપીઓનું સરેરાશ વળતર ૪૪.૩૧% રહ્યું છે.

૨૦૨૪ ના વર્ષમાં ૧૬૭ કંપનીઓએ મંજૂરી માટે સેબીમાં તેમના ઓફર દસ્તાવેજો ફાઈલ કર્યા હતા, જે અત્યાર સુધીનો સૌથી વધુ હતો. વર્ષ ૨૦૨૫ માટે પણ સંભાવનાઓ એટલી જ આશાસ્પદ છે, કારણ કે ૨૮ કંપનીઓ રૂ. ૪૬,૦૦૦ કરોડ એકત્ર કરવાની દરખાસ્ત કરી રહી છે અને તેમને સેબીની મંજૂરી મળી ગઈ છે, જ્યારે ૮૦ અન્ય કંપનીઓ રૂ. ૧,૩૨,૦૦૦ કરોડ એકત્ર કરવાની યોજના બનાવી રહી છે અને તેમને સેબીની મંજૂરી મળી ગઈ છે. સેબીની મંજૂરીની રાહ જોઈ રહી છે.

(ચોથા પાનાનું ચાલુ)

### અરિહંત ઈન્વેસ્ટમેન્ટ...

- પ્રમુખ રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, નિલેશ ચોવટીયા - ગુજરાતી ફિલ્મ દિગદર્શક, ભરતભાઈ પરમાર -ડિવાઈનફીલ ચરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં આકાર જ્વેલર્સ પરિનભાઈ પારેખ તથા કિર્તીભાઈ પારેખ, આર્ટ કોર્પોરેશનના નિલેશ ચોવટીયા, વત્સલભાઈ રવાણી,હર્ષદભાઈ મહેતા, રાધિકા આડેસરા, દેવાંગ સતિયા અને પ્રાચી શર્મા સહિતની અરિહંત ઈન્વેસ્ટમેન્ટની ટીમ જહેમત ઉઠાવી રહી છે. કાર્યક્રમની વધુ માહિતી જાણવા માટે આપ મોબાઈલ નંબર ૯૮૨૫૮ ૮૨૫૭૯ પર સંપર્ક કરવા જણાવેલ છે.

### સી. જે. પટેલ...

કાર્ય અને ખેલદિલીનો સંદેશ પણ પુનઃપ્રસ્થાપિત થયો. આ રમત ગમત સપ્તાહ ને સફળ બનાવવા માટે કોઓર્ડિનટર પ્રોફ. હેમંત પટેલ , પ્રોફ. દીપું પટેલ તથા સમગ્ર સ્ટાફ મિત્રોને કોલેજ ના પ્રિન્સિપાલ ડો. અભિજિત જાડેજા , ટેકનિકલ ડાઈરેકટર ડો. એચ. એન. શાહ , રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદી , પ્રોવોસ્ત ડો. પી.એમ. ઉદાણી તથા સંસ્થા ના પ્રમુખ પ્રકાશ પટેલ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

### 'પક્ષી બચાઓ'...

રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪), (૨) બાલક હનુમાન મંદિર પાસે, પેડક રોડ, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪) (૩) આત્મીય કોલેજ પાસે, કાલાવડ રોડ, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪), (૪) કિશાનપરા ચોક, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪), (૫) અયોધ્યા ચોક, ૧૫૦ફુટ રીંગ રોડ, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪) તથા (૬) સંસ્થાની કાયમી, નિઃશૂલ્ક એનીમલ હેલ્પલાઈન વેટરનરી હોસ્પિટલ (જુની શ્રીજી ગૌશાળા, તુલીપ પાર્ટી પ્લોટ પાછળ, હોટલ ક્રિષ્નાપાર્ક વાળો સર્વિસ રોડ, ગોંડલ રોડ, વાવડી, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪), (૭) મોદી સ્કૂલ, પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ (ફોન નં.૦૨૮૧-૨૪૫૭૦૧૯), (૮) શેણી મેમોરીયલ ટ્રસ્ટ (એનીમલ હેલ્પલાઈન શેલ્ટર), શ્રેયાંસ સ્કૂલ પાસે, એફ.સી.આઈ. ગોડાઉન રોડ, શેઠનગર પછી તરત, પ્રિન્સેસ સ્કૂલનાં ગ્રાઉન્ડ પાછળ, જામનગર રોડ, રાજકોટ (મો.૯૮૯૮૦૧૯૦૫૯ / ૯૮૯૮૪૯૯૯૫૪), (૯) હનુમાનમઢી પાસે, કેન્સર હોસ્પીટલની સામે, રાજકોટ ખાતે એમ કુલ વિશેષ કંટ્રોલરૂમ સવારે ૯થી રાત્રીના ૭સુધી શરૂ કરાશે. 'કરૂણા અભિયાન ૨૦૨૫' અંગેની વિશેષ માહિતી માટે મિતલ ખેતાણી (મોઃ ૯૮૨૪૨૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦૩૦૩૯૩) તથા એનીમલ હેલ્પલાઈન (મો- ૯૮૯૮૦૧૯૦૫૯ / ૯૮૯૮૪૯૯૯૫૪)નો સંપર્ક કરવો.

### ગાર્ડી વિદ્યાપીઠ...

સંસ્થા ના ભૂતપૂર્વ અધ્યાપકો ને પણ ખાસ નિમંત્રિત કરવામાં આવ્યા હતા. રાજકોટના જાણીતા આર.જે પ્રિયંક ભટ્ટ દ્વારા વિવિધ ટીમમાં ગેમ્સ રમાડવામાં આવેલી ત્યારબાદ શબ્દ આર્ટ્સના કલાકારો દ્વારા સુંદર મજાના ભાતીગળ સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવેલી.

આ આયોજનમાં સંસ્થાના છેલ્લા ૧૫ વર્ષ દરમિયાન પાસ આઉટ થયેલા વિદ્યાર્થીઓમાંથી આશરે ૫૫૦ જેટલા એલ્યુમની તેમજ ભૂતપૂર્વ અધ્યાપકો હાજર રહ્યા હતા. બધાએ સંગીત સંધ્યા તેમજ ગરબા રાસની લહેજત માણી પોતાનાં સંસ્મરણો તાજા કર્યા હતા સાથે જ કાર્યક્રમ ના અંતે સ્વરૂચી ભોજન લઈને ફરી મળવાના નિર્ધાર સાથે છૂટા પડ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન વિવિધ વિદ્યાશાખાના પ્રિન્સિપાલના વડપણ હેઠળ પ્રોફેસર રાહુલ પરમાર તેમજ પ્રોફેસર ચેતસ ઓઝા તેમજ વિવિધ વિદ્યાશાખાના ફેકલ્ટી કો ઓર્ડીનેટર દ્વારા કરવામાં આવેલું.

આ પ્રસંગે ટી.વી. મહેતા ચેરીટેબલ ફાઉન્ડેશનના ચેરમેન ડી.વી. મહેતા તથા ગાર્ડી વિદ્યાપીઠના મેનેજિંગ ડિરેક્ટર જય મહેતા અને તમામ સ્ટાફ મેમ્બર્સ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પધારેલ સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ આનંદ અને ઉલ્લાસપૂર્વક એક સુંદર મજાની સાંજ સાથે વિતાવી હતી અને પોતાના કોલેજ કાળની યાદોને વાગોળી હતી.

(૧૨માં પાનાનું ચાલુ)

### ગળા કાપતી પતંગની દોરીઓના

આરટીઓ તંત્ર અને અર્પિત એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટના સંયુક્ત ઉપક્રમે શહેરના રેસકોર્સ રીંગ રોડ પર એક જાગૃતતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે રેલીમાં ગળા કાપતી દોરીઓ અંગે અલગ અલગ બેનરો તેમજ નાટકો થકી સંદેશ આપવામાં આવ્યો હતો. જેમાં દોરી વડે ગળું કપાઈ જતાં પરિજનને ગંભીર ઈજા, પતંગ લૂંટવા જતાં સર્જાતો અકસ્માત અને પક્ષીઓને ઈજા સહિતના નાટક ભજવવામાં આવ્યા હતા. જેમાં એક પતંગની દોરી કોઈકના પરિજનનો જીવ લઈ શકે છે જેથી તેનો ઉપયોગ સદંતર બંધ કરી દેવો જોઈએ તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. આ રેલીમાં ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ પણ હાજર રહ્યા હતા.

રેલી બાદ આરટીઓ તંત્ર દ્વારા પતંગની દોરીથી ટુ વ્હીલર ચાલકોને બચાવવા વિનામુલ્યે વાહનોમાં સેફ્ટી ગાર્ડ પણ લગાવવામાં આવ્યા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ડ્રગ્સ...

સત્તાતંત્ર આ રિવોર્ડને મંજૂર કરે છે.

નાર્કો રિવોર્ડ પોલિસી અંગે જાગૃતિનું પરિણામ એ આવ્યું છે કે એનડીપીએસ ઍક્ટ, ૧૯૮૫ હેઠળ નોંધાયેલા કેસમાં અને ડ્રગ્સની જપ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૨૧માં રિવોર્ડ પોલિસી લોન્ચ થઈ ત્યારથી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં રૂ. ૧૬,૧૫૫ કરોડની કિંમતનું ૮૭,૬૦૭ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે અને ૨૫૦૦ થી વધુ આરોપીઓ સામે આવ્યા છે. આ પોલિસી હેઠળ અત્યાર સુધીમાં ડીજીપી કમિટીએ ૬૪ લોકો માટે રિવોર્ડ તરીકે રૂ.૫૧,૨૦૨ મંજૂર કર્યા છે. તો એસીએસ ગૃહ સ્તરની કમિટીએ ૧૬૯ લોકો માટે રૂ.૬,૩૬,૮૬,૬૬૪ રિવોર્ડની રકમ મંજૂર કરી છે. આ ઉપરાંત, ૭૩૭ લોકોને કુલ રૂ. ૫,૧૩,૪૦,૬૮૦ રિવોર્ડ આપવાનો પ્રસ્તાવ એનસીબી કમિટીને મોકલવામાં આવ્યો છે.

### બાળકીનું મોત...

કાર્ડિયાક એરેસ્ટના કારણે સારવાર દરમિયાન બાળકીનું મોત થયું હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. આ બાળકી અમદાવાદમાં તેના દાદા અને દાદી સાથે રહેતી હતી. જ્યારે તેના માતા-પિતા અત્યારે મુંબઈ છે અને તેમને જાણ કરવામાં આવી છે. એડમિશન લેતા સમયે કોઈ પણ બીમારી નહોતી. તેમજ એડમિશન સમયે અમે બાળકીને કોઈપણ બીમારી ન હોવાના ડોક્યુમેન્ટ લીધેલા છે. અન્ય કોઈ પણ બીમારી ન હોવા છતાં અચાનક બાળકીને છાતીમાં દુખાવો ઉપડયો હતો.

### સૌરાષ્ટ્ર યુનિવર્સીટી...

કુલપતિ નીતિન પેથાણીનો કાર્યકાળ ફેબ્રુઆરી ૨૦૨૨માં સમાપ્ત થયો ત્યારથી કાર્યકારી કુલપતિની નિમણૂકની માંગ હતી. ગુજરાત સરકારે પરિપત્ર કરીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાયમી કુલપતિ તરીકે ગુજરાત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો.ઉત્પલ જોશીની નિમણૂક કરી છે. હાલ યુનિવર્સિટીના કુલપતિ પદે ડો. કમલ ડોડીયાને ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર પદ પર ફરજ બજાવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કાયમી કુલપતિની જાહેરાત થાય તેવી ઘણા લાંબા સમયથી માંગ હતી પરંતુ સરકાર સતત કાર્યકારી કુલપતિની નિમણૂક કરી રહી હતી. ઓકટોબર ૨૦૨૩માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ ગિરીભ ભીમાણીને હતવાઈને તેના સ્થાને નીલાંબરી દવેની નિમણૂક કરવામાં આવી હતી. ત્યારબાદ જુલાઈ ૨૦૨૪માં નીલાંબરી દવેને પદ પરથી હટાવીને ડો. કમલસિંહ ડોડીયાને ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર પદનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો.

### પ્લાસ્ટિક વેસ્ટ...

આવશે.વધુમાં, ચાંદખેડામાં ફૂટપાથ બનાવવાનો પ્રસ્તાવ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ નિર્ણય ૨૧ દિવસ માટે મુલતવી રાખવામાં આવ્યો હતો. તેવી જ રીતે, સાબરમતી રિવરફ્રન્ટ પર પ્લોટના વેચાણનો પ્રસ્તાવ પણ અસ્થાયી રૂપે મુલતવી રાખવામાં આવ્યો હતો, જેનો નિર્ણય ૨૧ દિવસ પછી લેવાનો હતો.

### મોબાઈલ પ્રતિબંધ...

બાળકો સોશિયલ મીડિયાથી દૂર રહી વાંચનની સાથે પોતાના જીવન ઘડતર અને સ્પોર્ટ્સ સાથે જોડાઈને પોતાની તંદુરસ્તીનો ખ્યાલ રાખી શકશે.

આ બેઠકમાં ઉચ્ચ અને ટેકનિકલ વિભાગના અધિક મુખ્ય સચિવ સુનયના તોમર, ટેકનિકલ કમિશનર બંછાનિધિ પાની, નિયામક ઉચ્ચ શિક્ષણ દિનેશ ગુરૂ, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર લલિત નારાયણ સંધુ, શાળાઓના નિયામક પ્રજેશ રાણા, નિયામક પ્રાથમિક શાળા એમ.આઈ.જોષી, ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ રાજેશ ગુપ્તા, સિવિલ હોસ્પિટલના સાયકાટ્રીસ્ટ કૌશલ બેન જાડેજા સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** હિતેશભાઈ ઘનશ્યામભાઈ કાનાબાર (જેતપુર નિવાસી) હાલ રાજકોટ (ઉ.૪૬) તેઓ રમીલાબેનનાં પુત્ર, મનીષભાઈ, કુમારભાઈનાં મોટાભાઈ, બીનાબેન ના પતિ, પલક, રાજવીના પિતાનું તા. ૯ નાં રોજ અવસાન થયેલ છે સદગત ની પ્રાર્થના સભા તા.૧૧/૦૧/૨૦૨૫ શનિવાર નાં રોજ તેમના નિવાસ સ્થાને અવધ રેસીડેન્સી, વિનાયક વાટિકા સામે, જામનગર રોડ , રાજકોટ મુકામે સાંજે ૪ થી ૫ રાખેલ છે.

**વાંકાનેરઃ** વાંકાનેર નિવાસી સ્વ. રતિલાલ મણીલાલ વોરાના પુત્ર રાજેશભાઈ (ઉ.વ.૬૮) (બકુલભાઈ દાણાવારા) તે દિલીપભાઈ, નવનીતભાઈ, સ્વ. રમેશભાઈના નાનાભાઈ, દેવેશ (ગટુ), વંદનાબેન, શિવાનીબેનના પિતા, માન્યના દાદા, રાજકોટ નિવાસી સ્વ. જશવંતભાઈ પ્રણજીવનદાસના જમાઈ, સ્વ. નરેન્દ્રભાઈ, જીતુભાઈ, પરેશભાઈના બનેવીનું તા. ૮ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૦ ને શુક્રવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬ ઔદિચ્ય બ્રહ્મસમાજ ની વાડી, રામ ચોક, વાંકાનેર ખાતે રાખેલ છે.

**વાંકાનેરઃ** વાંકાનેર નિવાસી સ્વ. પરસોતમભાઈ ડાયાભાઈ સગરના પત્ની ગં.સ્વ. જયાબેન (ઉ.વ.૧૦૫) તે અરવિંદભાઈ, પ્રતાપભાઈ (કાળુભાઈ મેજર) બળવંતભાઈ, સ્વ. મનુભાઈ સગરના માતા, પ્રદ્યુમનસિંહ, પંકજભાઈ, દેવેન્દ્રસિંહ, જીતેન્દ્રભાઈના દાદીમાનું તા. ૮ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણુ તા. ૧૦ ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે સ્વપ્નેશ્વર મહાદેવ મંદિર, આશીયાના સોસાયટી વાંકાનેર ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** પડધરી નિવાસી હાલ રાજકોટ સ્વ. પ્રભુદાસ હિરાલાલ પારેખના પત્ની રંજનાબેન તે હર્ષદભાઈ (રાજમોતી), સ્વ. વિલાસબેન ગીરીશકુમાર પારેખ, સ્વ. કૈલાસબેન શૈલેશકુમાર કોયા, ભારતીબેન વિજયકુમાર મહેતા, દિલીપભાઈ (શ્રીજી ટ્રેડર્સ) ના માતા, તે આરતી. દિશા, કૃણાલના દાદી ટંકારાવાળા સ્વ. ચાંપચી બેચર મહેતાના પુત્રી સ્વ. વનમાળીભાઈ, કનૈયાલાલ ભાઈના બેનનું તા. ૯ ના રોજ અવસાન થયેલ છે. તેઓનું બન્ને પક્ષનું બેસણું તા. ૧૦ ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૫ દરમિયાન મોઢ વણિક વિદ્યાર્થી ભવન, ૫, રજપૂતપરા, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. મગનલાલ જસરાજ પોપટના નાના પુત્ર વ્રજલાલ મગનલાલ પોપટ (ઉ.વ.૮૪) તે સ્વ. જમનાદાસ મગનલાલ પોપટના નાનાભાઈ, ભાવેશભાઈ, ધર્મેશભાઈ, હર્ષાબેન કીરીટકુમાર ગણાત્રા, સ્વ. શોભાબેન (પારૂલબેન) મુકેશકુમાર રાયમગીયા, જયગીતાબેન જીતેન્દ્રકુમાર મામતોરા, દેવલબેન જયેશકુમાર રાજા, જીજ્ઞાબેન જયસનકુમાર જીવરાજાનીના પિતા, મુકુંદભાઈ જમનાદાસ પોપટ, વિજયભાઈ જમનાદાસ પોપટ, દક્ષાબેન નરેન્દ્રકુમાર કુંડલીયા, પન્નાબેન પ્રવીણકુમાર ગણાત્રાના કાકા, સ્વ. ગોરધનદાસ મીઠાભાઈ નગદીયા (ચલાલાવાળા) ના જમાઈનું તા. ૯ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું (સાદડી બન્ને પક્ષનું) તા. ૧૧ ને શનિવારના રોજ સાંજે ૪ થી ૫ અલ્કેશ્વર મહાદેવ મંદિર, અલકાપુરી, સદગુરુ તીર્થધામની પાછળ, રૈયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મૂળ કાલાવાડ હાલ રાજકોટ નિવાસી વસંતબેન લક્ષ્મીચંદ દોશી (ઉં.વ.૯૬) તે સ્વ. લક્ષ્મીચંદ છગનલાલ દોશીના પત્ની તથા કાલાવાડ નિવાસી હાલ યવતમાલ સ્વ.રતીલાલ કપુરચંદ પતિરાના દીકરી, રમેશભાઈ, અશ્વિનભાઈ, કમલેશભાઈ, શોભાબેન અશોકકુમાર અજમેરા, પારૂલબેન ધીરેનકુમાર દડિયાના માતા, તથા સ્વ.નીલાબેન, આશાબેન, આરતીબેનના સાસુ, તથા સેજલબેન, અવનીબેનના મોટા સાસુ તેમજ જસ્મિન, હિરેન દ્રષ્ટિ અને પ્રિયલના દાદી તા.૯ને ગુરુવારના રોજ અરિહંત શરણ પામેલ છે. તેમનું ઉઠમણું તા.૧૧ને શનિવારના સવારે ૧૦:૦૦ કલાકે તથા પ્રાર્થના સભા ૧૧:૦૦ કલાકે રોયલ પાર્ક ઉપાશ્રય, કાલાવાડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ચા.મ. મોઢ બ્રાહ્મણ જેન્તીભાઈ મણીશંકરભાઈ ત્રિવેદી ગામ નવા સાદુરકા હાલ રાજકોટ તે સ્વ. ઉષાબેનના પતિ, સ્વ. ભરતભાઈ (એલઆઈસી)ના પિતા, પાર્થભાઈ, જયભાઈના દાદા, પ્રવિણાબેન પ્રફુલભાઈ પંડયા જામનગરના પિતા,મોહનલાલ વશરામભાઈ ભટ્ટના જમાઈનું તા. ૧૦ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૧ ને શનિવાર બેસણું સાંજે ૪ થી ૫ દરમિયાન ભગવતી હોલ, રેલનગર મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ કોર્પોરેશન દ્વારા ભવ્ય લોકડાયરો

## ગાયક-લોકસાહિત્યકાર કિર્તીદાન ગઢવી અને હાસ્ય કલાકાર ધીરૂભાઈ સરવૈયા ''મોજડી'' કરાવશે



**અબતક, રાજકોટ**

પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ ૨૫મી જાન્યુઆરીના રોજ કોર્પોરેશન દ્વારા ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાણીતા લોકગાયક અને સાહિત્યકાર કિર્તીદાન ગઢવી અને હાસ્ય કલાકાર ધીરૂભાઈ સરવૈયા રાજકોટવાસીઓને મોજડી કરાવશે.

આ અંગે વધુ માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર અને સમાજ કલ્યાણ સમિતી ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ વધુમાં જણાવ્યું હતું કે આગામી આગામી ૨૬મી જાન્યુઆરીની પુર્વ સંધ્યાએ તા.૨૫ ને શનિવારના રોજ રેસકોર્ષ ગ્રાઉન્ડ, કવિશ્રી રમેશ પારેખ રંગદર્શન ખાતે લોક ડાયરો યોજવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક સુવિધાઓ છેલ્લા ઘણા વર્ષોથી જુદા-જુદા પર્વો તેમજ તહેવારો નિમીતે રાજકોટ શહેરની જનતા માટે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવે છે, જેમાં રાષ્ટ્ર પર્વો પ્રજાસતાક દિન અને સ્વતંત્રતા દિન નિમિતે ધ્વજવંદન સાથે પુર્વ સંધ્યાએ બોલીવુડ નાઈટ, સંગીત સંધ્યા, ધુળેટી નિમીતે હાસ્ય કવિ સંમેલન, દિવાળીના તહેવારો નિમિતે લાઈટીંગ ડેકોરેશન તથા કાર્નિવલ, ધનતેરશ નિમિતે આતશબાજી, જન્માષ્ટમી નિમિતે લાઈટીંગ ડેકોરેશન તથા મટકી ફોડ સ્પર્ધા જેવા અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનો સમાવેશ થાય છે. ઉપરાંત, ફ્લાવર શો, હેકાથોન, મેરેથોન, સાઈક્લોથોન, રન ફોર યુનિટી, તિરંગા યાત્રા જેવા લોક ભોગ્ય કાર્યક્રમો પણ સહયોગી સંસ્થાઓ સાથે યોજવામાં આવે છે.

આ પરંપરાને આગળ વધારતા આગામી પ્રજાસતાક દિનની પુર્વ સંધ્યાએ કાર્યક્રમ અંતર્ગત લોક સાહિત્યકાર કિર્તિદાન ગઢવી અને લોક હાસ્ય કલાકાર ધીરૂભાઈ સરવૈયા જેવા પ્રખ્યાત કલાકારો દ્વારા રાજકોટની જનતાને ''લોકડાયરો'' કાર્યક્રમમાં લોક સાહિત્ય અને હાસ્ય રસમાં તરબોળ કરવામાં આવશે.

દેશ અને દુનિયાના ખૂણે ખૂણામાં વસેલા દરેક ગુજરાતીના હૈયે વસેલુ નામ, કીર્તિદાન ગઢવી એટલે લોકડાયરાથી ''લાડકી'' ગીતની સફર થકી ગુજરાતનું યુવાધન લોકસંગીત તરફ વળ્યું એનું આગવું ઉદાહરણ. તળપદી-કાઠીયાવાડી ભાષાના હાસ્ય કલાકાર તરીકે ઓળખ ધરાવતા ધીરૂભાઈ સરવૈયાએ ગામ-તાલુકામાં યોજાતા કાર્યક્રમોથી શરૂઆત કરી તેઓ આજે હાસ્ય રસીકોમાં જોક્સ 'કિંગ' તરીકે જાણીતા બનેલ છે. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા શહેરીજનોને ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# શુદ્ધ ઘીના નામે વેંચાતા ગાય અને ભેંસના ઘીમાં બેફામ ભેળસેળ

## સિતારામ વિજય પટેલ ડેરી ફાર્મ અને વોલ્ગા ઘી ડેપોમાંથી લેવાયેલા શુદ્ધ ઘીના નમૂનામાં વેજીટેબલ ફેટ, તલનું તેલની ભેળસેળ ખૂલતા નમૂનો નાપાસ



**અબતક, રાજકોટ**

રાજકોટ જાણે ભેળસેળનું એપી સેન્ટર બની ગયું હોય તેમ એકપણ વસ્તુ ભેળસેળ વિનાની શુદ્ધ મળતી નથી. શુદ્ધ ઘીના નામે વેંચાતા ગાય અને ભેંસના ઘીમાં બેફામ ભેળસેળ પરિક્ષણમાં જણાતા નમૂના નાપાસ જાહેર કરવામાં આવ્યા છે.


આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ કોર્પોરેશનના ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના વાણીયાવાડી વિસ્તારમાં બોલબાલા માર્ગ પર ગાયત્રીનગર-૪/૧૦માં આવેલી સિતારામ વિજય પટેલ આઈસ્ક્રીમ એન્ડ ડેરી ફાર્મમાંથી લૂઝ શુદ્ધ ગાયના ઘીનો નમૂનો લેવામાં આવ્યો હતો. પરિક્ષણમાં આ નમૂનો નાપાસ જાહેર કરાયો છે. કારણ કે શુદ્ધ ગાયના ઘીના નામે વેંચાતા ઘીમાં પ્રતિબંધિત પીળો કલર, વેજીટેબલ ફેટ અને તલના તેલની હાજરી મળી આવી હતી. નમૂનો અનસેઈફ અને સબ સ્ટાન્ડર્ડ જાહેર કરવામાં આવ્યો છે. હવે પ્રોસિક્યુકેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત ફૂડ વિભાગની ટીમ દ્વારા કૃષ્ણનગર મેઈન રોડ પરિશ્રમ કોમ્પ્લેક્સમાં વોલ્ગા ઘી ડેપોમાંથી ભેંસનું શુદ્ધ ઘીનો નમૂનો લેવામાં આવ્યો હતો. પરિક્ષણ દરમિયાન વેજીટેબલ ફેટ અને તલના તેલની હાજરી મળી આવતા નમૂનો ફેઈલ ગયો હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

આજે ફૂડ વિભાગની ટીમ દ્વારા સર્વેલન્સ ચેકીંગ દરમિયાન શ્રધ્ધા પાર્ક ડી-માર્ટથી આહિર ચોક અને નંદનવન રોડથી પુનિતનગર મેઈન રોડ સુધીના વિસ્તારમાં ખાણીપીણીની ૩૮ દુકાનોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ૩૮ ખાદ્ય સામગ્રીના નમૂના લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૧૮ વેપારીઓને ફૂડ લાયસન્સ સંદર્ભે નોટિસ આપવામાં આવી હતી. જેમાં પિન્ટુ કેળા વેફર્સ, જય બજરંગ કોલ્ડ પાણીપુરી, નેચરલ પાણીપુરી, શ્રધ્ધા મેડિકલ, હરભોલે કોલ્ડ્રિંક્સ, શ્યામ ખીરૂં, કૈલાશ સોડા શોપ, હિરલ સેલ્સ એજન્સી, શ્યામ ડેરી ફાર્મ, જલિયાણ ટ્રેડર્સ, પાબૂરાજ સ્ટોર્સ, ખોડલ ડેરી, શ્રીકૃષ્ણ નમકીન, ક્રિષ્ના મારવાડી, જય ઘૂઘરા, ક્રિષ્ના કેન્ડી, લાલાની કચ્છી દાબેલી અને દેવનારાયણ ફરાળી સેન્ટરને નોટિસ આપવામાં આવી હતી.

### વરસાદી પાણીના યોગ્ય જતન અર્થે ગીરગંગા ટ્રસ્ટના

# હિટાચી મશીનનું કાલે લોકાર્પણ કરશે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ

## મેટોડા જીઆઈડીસી ઉદ્યોગપતિઓ દ્વારા હીટાચી મશીનની ભેટ અપાય



**અબતક, રાજકોટ**

વરસાદી શુદ્ધ પાણી નું યોગ્ય જતન કરવા ૧૧,૧૧૧ ચેકડેમ રીપેરીંગ ઊંડા ઉંચા તેમજ નવા બનાવવા અને ૧૧,૧૧૧ રિચાર્જ બોર કરવાનો સંકલ્પ કરેલ છે, જેમાંથી ૨૨૫ થી વધુ ચેકડેમ થઈ ચૂક્યા છે, અને ૧૨૫ થી વધુ રિચાર્જબોર થઈ ચૂક્યા છે, હાલમાં અનેક જગ્યાએ ચેકડેમોનું કામ ચાલુ છે, અને વધુમાં વધુ ચેકડેમો ઊંડા કરવાની જરૂરિયાત હોય તેના માટે રાજકોટ મેટોડા જીઆઈડીસી ના ઉદ્યોગપતિ વિનેશભાઈ બાબુલાલ પટેલ (ઓર્બીટ બેરિંગ્સ પ્રા.લી), રાજેશભાઈ નાથાભાઈ કાલરીયા (સનફોર્જ પ્રા.લી.), સુરેશભાઈ ગોરધનભાઈ હીરપરા (યુનિવર્સલ ટેકનો), ચંદ્રકાન્તભાઈ વલ્લભદાસ ભાલારા (બાલાજી મલ્ટી ફ્લેક્ષ પ્રા.લી.), કિરીટભાઈ શિવલાલભાઈ અદ્રોજા (એન્જલ પમ્પ પ્રા.લી.) દ્વારા હિટાચી મશીન (અર્થ મુવર)નુ ટ્રસ્ટને ભેટ આપેલ છે, જેથી ખૂબ જ ઝડપથી કામ કરવામાંમદદરૂપથશે.

આ હિટાચી મશીનનું (અર્થ મુવર) લોકાર્પણ કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને ગુજરાતન ભાજપ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોધરાના વરદ હસ્તે તારીખ ૧૧/૦૧/૨૦૨૫ ને શનિવારે સાંજના ૬:૦૦ કલાકે નવા રીંગ રોડ પર પરસાણા ચોકમાં યુનિટી ફાઉન્ડેશન આયોજિત સર્વે જ્ઞાતિ સમૂહ લગ્ન ખાતે રાખેલ છે. જેમાં અનેક મહાનુભાવો અને સંતો-મહંતો અને દાતાઓ હાજર રહેશે. આજે દિવસે દિવસે વરસાદની સિઝનમાં ફેરફાર થતો જાય છે, અને અચાનક ખૂબ જ વરસાદ પડી જાય છે, જેથી થોડું પાણી જમીનમાં ઉતરે અને ચેકડેમો છીછરા હોય અથવા તૂટેલા હોય તેના હિસાબે પાણી રોકાતું નથી અને ઝાઝા ભાગનું દરિયામાં જતું રહે છે, આવા સમયે ઉદ્યોગપતિઓ અને દાતાઓના આર્થિક સહયોગથી હિટાચી, જેસીબી, ટ્રેક્ટર જેવા સાધનોનું દાન મળે તો ખૂબ જ વિશાળ પ્રમાણમાં કામ થાય અને સૌરાષ્ટ્ર ગુજરાત અને ભારત ભરની ધરતીઓમાં અલગ અલગ જગ્યાએ ચેકડેમો બનવાથી જમીનમાં પાણી ના તળ ઊંચા આવવાથી શુદ્ધ અને મીઠું પાણી હોવાથી પાક ઉત્પાદનમાં ખૂબ મોટો ફાયદો થશે. આ કાર્યને વેગ આપવા માટે પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, ડી.વી. મહેતા, ભરતભાઈ ટીલવા, કિશોરભાઈ કાથરોટિયા, સતીશભાઈ બેરા, ગોપાલભાઈ બાલધા, અશોકભાઈ મોલિયા, મનીષભાઈ માયાણી, તેમજ ઘણા ભાઈઓ આ કાર્ય માં જોડાયેલ છે.

# આ વર્ષે મકર સંક્રાંતિનું વાહન 'વાઘ', વસ્ત્ર 'પીળુ' અને તિલક 'કેશર'

## મંગળવારે સવારે ૮:૫૪ કલાકે કમુરતા ઉતરી જશે, આ વર્ષ ચોમાસામાં વરસાદ પણ સારો પડશે: શાસ્ત્રી રાજદીપભાઈ જોશી

**અબતક,રાજકોટ**

વિક્રમ સંવત ૨૦૮૧ પોષ વદ એકમને મંગળવાર તા.૧૪ના રોજ સવારના ૮.૫૪ કલાકે સૂર્યગ્રહ ધનરાશીમાંથી મકરરાશીમાં પ્રવેશ કરશે અને કમુરતાની પુર્ણાહુતી થશે તે સમયે પુનવર્સુ નક્ષત્ર વિષ્કુભયોગ બાલવકરણ અને ચંદ્ર કર્ક રાશી મા છે

સંક્રાંતિની વિગત પર નજર કરવામાં આવે તો વાહન વાઘ, ઉપવાહન અશ્વ, વસ્ત્ર પીળુ, તિલક કેશર, જાતી સર્પ, વારનામ મોહદરી, ભક્ષણ દુધ પાક, આભુષણ મોળી, પાત્ર રૂપુ, આગમન પર્વથી, મુળ દક્ષિણ અને ગમન પશ્ચિમ તરફ છે.

### સાત પ્રકારે તલનો ઉપયોગ કરવો શુભ છે

૧. તલ ખાવા, ૨. તલના તેલનો શરીરે લેપ કરવો, ૩.તલનો હોમ કરવો, ૪. તલવાળુ પાણી પીવું, ૫. તલવાળા જળથી સ્નાન કરવું, ૬. તલનું દાન દેવું, ૭. કાળાતલ પાણીમાં પધરાવી અને પીપળે પાણી રેડવું.

સંક્રાંતિ જેજે વસ્તુ સાથે સંબંધ ધરાવે તે મોંઘી થાય તથા જે પ્રાણી તથા દિશા સાથે સંબંધ ધરાવે તેને હાની થાય.

આ વર્ષે સંક્રાંતિનું વાહન વાઘ છે ઉપવાહન અશ્વ છે આથી વાઘ તથા અશ્વ પ્રાણીને હાની થાય રોગચાળો ફેલાઈ, હળદર ચણાની દાળ સોનાના ભાવ વધે પાત્ર રૂપુ હોવાથી ચાંદીના ભાવ પણ વધે.

યુવાન લોકોએ પોતાની તંદુરસ્તી જાળવી રાખવી જરૂરી બને મકર સંક્રાંતી ૪૫ મુહુર્ત સમયે છે. આથી વરસાદ સારો થાય.

મકર સંક્રાંતિના દિવસે સવારે ઉઠી અને નિત્યકર્મ કરી સ્નાન ના પાણીમાં લાલ તલ પધરાવી સ્નાન કરવું ત્યારબાદ સૂર્યને અર્ધ આપવું આ દિવસે પિતૃતર્પણ કરાવું પણ શુભ છે.આ દિવસે દુધ પાણી સાકર અને કાળા તલ મીક્ષ કરી અને શિવલીંગ ઉપર ચડાવાથી શની-રાહુ પીડા દુર થાય છે.

આ દિવસે ગાયોને ઘાસ નાખવું પણ ઉત્તમ ગણેલ છે.

### રાશી પ્રમાણે દાનની વિગત

**મેષ,સિંહ,ધન**

કાળાતલ, કાળુ અથવા બ્લુ કાપડ, સ્ટીલનું વાસણ દાન કરવું

**વૃષભ,તુલા, મકર**

ઘઉં, ગોળ, લાલતલ, લાલ કાપકડ, તાંબાનું વાસણ

**મિથુન, વૃશ્ચિક, મીન**

ઘી, ખાંડ, સફેદ તલ, ચોખા, સફેદ કાપડ,

**કર્ક,કન્યા, કુંભ**

ચણાની દાળ, પીળુકાપડ, પીતળનું વાસણ

મકર સંક્રાંતિના દાનનો શુભ સમય સવારે ૮.૫૪ થી સાંજે ૬.૨૩ સુધી.

# કોર્પોરેશનના કોન્ટ્રાક્ટરના નામ મોબાઈલ નંબર અને કામોનો ગેરેન્ટી પિરિયડ બોર્ડ પર મૂકો

## શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ મ્યુનિસિપલ કમિશનરને કરી રજુઆત



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના કોન્ટ્રાક્ટરના નામ, ક્યુઆર કોડ, બારકોડેડ, મોબાઈલ નંબર અને ગેરેન્ટી પિરિયડના બોર્ડની માંગ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ કરી છે.

તેઓએ જણાવ્યું છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાના કોન્ટ્રાક્ટ આપી શહેરમાં કામો ચાલી રહ્યા હોય તેવા દરેક કામોના ઓવરબ્રિજ, અંડરબ્રિજ કે રોડ, રસ્તા ના જે પણ કામો હાલ ચાલી રહ્યા હોય અને વર્તમાનમાં પુરા થાય ત્યારે તે દરેક કોન્ટ્રાક્ટરનું નામ, ક્યુઆર કોડ, બારકોડેડ, મોબાઈલ નંબર, ટેન્ડર ની શરતો મુજબ કામ પૂર્ણ થવાની તારીખ રાજકોટની જનતાને દેખાય તે પ્રકારે સાઈનબોર્ડમાં મુકવા અપીલ કરી છે. રસ્તા કે બ્રિજનું કામ કેટલા કરોડમાં આપવામાં આવેલ તે પણ દર્શાવવું. અને જો રસ્તો ગેરેન્ટી પિરિયડમાં હોય તો એ ગેરેન્ટી પિરિયડ ની તારીખ પણ દર્શાવવી જેથી રાજકોટમાં કયા કોન્ટ્રાક્ટરનું કામ ચોકસાઈ પૂર્વક થાય છે તેની રાજકોટની જનતાને ખબર પડે અને જો રસ્તો કે બ્રિજ ભંગાણ પડે તો જે તે એજન્સી સામે ટેલીફોનિક અને સ્કેનર દ્વારા રોષ વ્યક્ત કરી શકે અને સંબંધિત અધિકારીને તાત્કાલિક ફરિયાદ પણ કરી શકાય. અને ચોકસાઈ પૂર્વકનું થયેલ કામ અંગે પ્રજાજનો પોતાનો પ્રતિભાવ પણ કોન્ટ્રાક્ટરને આપી શકે તો આ બાબતે જે સ્થળોએ હાલ કામ ચાલી રહ્યા હોય તે ઝોનના સીટી ઈજનેર ને વિષય દર્શિત બાબતે અવગત કરી યોગ્ય કરવા અમારી અપીલ છે. જિલ્લા પંચાયતના કામો અંગે કોન્ટ્રાક્ટરોના નામ, કઈ તારીખે રસ્તો બનેલ છે, રસ્તાનું કામ કેટલી રકમ વાપરવામાં આવી છે તે અને કયા પદાધિકારીની ગ્રાન્ટમાંથી રસ્તો બનાવેલ છે તે તમામ વિગતો સાઈનબોર્ડમાં ઉલ્લેખ કરેલો હોય છે. જે પગલે રાજકોટ મહાનગરપાલિકા માં પણ આ બાબતનો ઉલ્લેખ કરવો જરૂરી છે.

# સુકામા જંગલમાં ત્રણ માઓવાદીઓને ઠાર!!!

## સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થતાં આઈઈડી વિસ્ફોટમાં આઠ જવાનો અને તેમના ડ્રાઈવર માર્યા ગયા

**અબતક, રાજકોટ**

છત્તીસગઢના બસ્તરના બળવાગ્રસ્ત સુકમામાં સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી, ચાર દિવસ પછી પાડોશી બીજાપુરમાં આઈઈડી વિસ્ફોટમાં આઠ જવાનો અને તેમના ડ્રાઈવર માર્યા ગયા હતા. આ ઓપરેશનમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ, સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને કોબ્રા સામેલ હતા.

ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ, સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને કોબ્રાની ટુકડીઓ માઓવાદીઓની હાજરી અંગેના ચોક્કસ ઈનપુટ્સ પર સુકમા અને બીજાપુરની સરહદ પર ઓપરેશન પર નીકળી હતી. જ્યારે આ અહેવાલ દાખલ કરવામાં આવ્યો ત્યારે તૂટક તૂટક ગોળીબાર ચાલુ હતો. આ અંગે ડેપ્યુટી સીએમ વિજય શર્માએ જણાવ્યું હતું કે, આ ઘટનામાં ત્રણ માઓવાદી માર્યા ગયા છે. તેમજ હજુ સર્ચ ઓપરેશન ચાલુ છે.'' વર્ષના પ્રથમ નવ દિવસમાં નવ માઓવાદીઓને તટસ્થ કરવામાં આવ્યા છે.

તેમજ તેઓએ વધુમાં જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ સુકમાના જંગલોમાં ''સફળ નકસલવાદી વિરોધી ઓપરેશન'' હાથ ધર્યું છે. બીજાપુરમાં ૬ જાન્યુઆરીના માઓવાદી આઈઈડી વિસ્ફોટ પછી જવાનોમાં ઘણી વ્યથા હતી, એમ તેમણે ઉમેર્યું હતું. આ સાથે બીજાપુરમાં આઈઈડી વિસ્ફોટના કલાકો પછી, અમિત શાહે માર્ચ ૨૦૨૬ સુધીમાં દેશમાંથી માઓવાદી બળવાખોરીને ખતમ કરવાની તેમની પ્રતિજ્ઞાનું પુનરાવર્તન કર્યું હતું.

# કોર્પોરેશનમાં ૧૮મી જનરલ બોર્ડ: પ્રશ્નો મૂકવા માટે 'વિપક્ષ'ની ઉંઘ ન ઉડી !

## ભાજપના ૧૬ કોર્પોરેટરોએ સંકલન સાધી બબ્બે પ્રશ્નો જ પૂછ્યા: ૯ દરખાસ્તો અંગે લેવાશે નિર્ણય

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં આગામી ૧૮મી જાન્યુઆરીના રોજ મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને જનરલ બોર્ડની બેઠક મળશે. જેમાં અલગ-અલગ ૯ દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે. હાલ કડકડતી ઠંડી પડી રહી હોય કોંગ્રેસના કોર્પોરેટરોની ઉંઘ પ્રશ્નો મૂકવા માટે ન ઉડી હોય તેવું લાગી રહ્યું છે. કોંગ્રેસના ચાર પૈકી એકપણ કોર્પોરેટરે બપોર સુધીમાં પ્રશ્નો રજૂ કર્યો નથી. બીજી તરફ ભાજપના ૧૬ કોર્પોરેટરોએ જાણે સંકલન સાધી બબ્બે પ્રશ્નો રજૂ કર્યા હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે ૧૬ નગરસેવકોએ ૩૨ પ્રશ્નો બોર્ડમાં રજૂ કર્યા છે. હાર્દિક ગોહિલના પ્રશ્નની સૌપ્રથમ ચર્ચા થશે.

દર બે મહિને મળતી જનરલ બોર્ડની બેઠકમાં એક કલાકના પ્રશ્નોત્તરી કાળમાં લોકોને અસર કરતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવતી હોય છે. પોતાનો અવાજ સાંભળવામાં આવતો નથી. તેવા આક્ષેપ સાથે દર વખતે જનરલ બોર્ડની બેઠકમાં હંગામો મચાવનાર કોંગ્રેસના ચાર પૈકી એકપણ કોર્પોરેટરની ઉંઘ આજે સવારે ઠંડીના કારણે ઉડી ન હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે કોઈ વિપક્ષી કોર્પોરેટરે પ્રશ્નો પૂછ્યા નથી. જો કે, પ્રશ્ન મૂકવા માટે સાંજ સુધીનો સમય હોય બપોર પછી પણ વિપક્ષી નગરસેવકો પ્રશ્નો રજૂ કરી શકે છે.

ભાજપના કુલ ૧૬ કોર્પોરેટરોએ ૩૨ પ્રશ્નો રજૂ કર્યા છે. જેને અગ્રતાક્રમ આપવામાં આવ્યા છે. સૌપ્રથમ બોર્ડના પ્રશ્નોત્તરી કાળમાં હાર્દિક ગોહિલના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે. ત્યારબાદ રસિલાબેન સાકરીયા, અશ્વિનભાઈ પાંભર, ભારતીબેન પરસાણા, ચેતનભાઈ સુરેજા, કંચનબેન સિધ્ધપુરા, નીતિનભાઈ રામાણી, કિર્તીબા રાણા, જયાબેન ડાંગર, દિલીપભાઈ લુણાગરીયા, જ્યોત્સનાબેન ટીલાળા, મીનાબા જાડેજા, રાણાભાઈ સાગઠીયા, કુસુમબેન ટેકવાણી, વિનુભાઈ સોરઠીયા અને ડો.અલ્પેશ મોરઝરીયાએ પ્રશ્નો રજૂ કર્યા છે. એક કલાકનો પ્રશ્નોત્તરી કાળ એક જ પ્રશ્નની ચર્ચામાં વેઠવી નાંખવામાં આવે છે.

જનરલ બોર્ડમાં વોર્ડ નં.૧૨માં પુનિતનગર ટાંકાની સામે બનાવવામાં આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઈડબલ્યૂએસ કેટેગરીના મનસુખભાઈ છાપીયા ટાઉનશિપના કોમ્યુનિટી હોલને રંજનબેન રાવલ નામ આપવા, અરવિંદભાઈ મણીયાર પુસ્તકાલયમાં કોર્પોરેશનના પ્રતિનિધિની નિમણુંક કરવા, સ્માર્ટ સિટીમાં પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની પ્રતિમા મુકવા, સ્માર્ટ ઘર-૪ અને સ્માર્ટ ઘર-૬માં ડિમોલીશનના અસરગ્રસ્તોને આવાસ ફાળવવા માટે કિંમત નક્કી કરવા અને વોર્ડ નં.૧૧માં પંચશીલનગરની બાજુમાં આવેલા ચોકનું કલ્પેશભાઈ સાગઠીયા ચોક નામકરણ કરવા સહિતની અલગ-અલગ ૯ દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે.

# રાજધાનીમાં ગાઢ ધુમ્મસ છવાયું: ઝીરો વિઝિબિલિટી સાથે ૧૦૦ થી વધુ પ્લેનના શિડ્યુલ ખોરવાયા

## ૧૦૦ થી વધુ પ્લેન ઉપરાંત દિલ્હી અને ઉત્તર ભારતના અન્ય ભાગોમાં ધુમ્મસની સ્થિતિને કારણે દિલ્હી જતી ૨૬ ટ્રેનો મોડી પડી

**અબતક, રાજકોટ**

દિલ્હીમાં આજ સવારે ગાઢ ધુમ્મસને કારણે વિઝિબિલિટી શૂન્ય થઈ ગઈ હતી, જેના કારણે હવાઈ અને રેલ કામગીરીને અસર થઈ હતી. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, દિલ્હીમાં સવારે ૫.૩૦ વાગ્યે ૯.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત હવામાન વિભાગે ‘‘ખૂબ ગાઢ ધુમ્મસ‘‘ની સ્થિતિ સાથે, દિવસ માટે લઘુત્તમ તાપમાન ૬ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ ૨૦ ડિગ્રી સેલ્સિયસ રહેવાની આગાહી કરી છે.

દિલ્હીમાં હવાની ગુણવત્તા ખરાબ થઈ છે, જે 'ગંભીર' શ્રેણીમાં આવી ગઈ છે. સવારે ૭ વાગ્યે, સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડે ૪૦૯નો AQI નોંધાવ્યો હતો, જે ગઈકાલે એ જ સમયે ૨૯૯ હતો. ૪૦૧ અને ૫૦૦ ની વચ્ચેનો AQI 'ગંભીર' હવાની ગુણવત્તા સૂચવે છે, જે રહેવાસીઓ માટે સ્વાસ્થ્ય માટે જોખમ ઊભું કરે છે.

ત્યારે ગાઢ ધુમ્મસના કારણે ઓછી વિઝિબિલિટીને કારણે શુક્રવારે સવારે દિલ્હી એરપોર્ટ પર ૧૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી,

જેના કારણે ફલાઈટ ઓપરેશનને અસર થઈ હતી. ઈન્ડિગોએ સવારે ૫.૦૪ વાગ્યે એક્સ પરની એક પોસ્ટમાં મુસાફરોને એરપોર્ટ પર જતા પહેલા ફલાઈટની સ્થિતિ



તપાસવાની સલાહ આપી હતી.

આ અંગે એરપોર્ટ ઓપરેટર DIAL એ પણ ડ પર સવારે ૫:૫૨ વાગ્યે પોસ્ટ કર્યું હતું, જેમાં જણાવ્યું હતું કે જ્યારે ગાઢ ધુમ્મસને કારણે પ્રસ્થાન પર અસર પડી હતી, ત્યારે CAT III અનુરૂપ ફ્લાઈટ્સ હજુ પણ દિલ્હીથી ઉતરી શકે છે અને ઉપડી શકે છે. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ Flightradar.com અનુસાર, ૧૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી.

જેથી DIAL એ મુસાફરોને અપડેટ કરેલી માહિતી માટે એરલાઈન્સનો સંપર્ક કરવા વિનંતી કરી સાથે કોઈપણ અસુવિધા માટે માફી માંગી હતી.

આ ઉપરાંત ભારતીય રેલ્વે અનુસાર, રાષ્ટ્રીય રાજધાની અને ઉત્તર ભારતના અન્ય ભાગોમાં ધુમ્મસની સ્થિતિને કારણે દિલ્હી જતી ૨૬ ટ્રેનો મોડી પડી છે.

# ધર્મપ્રેમી લોકોને ધર્મરક્ષા નિધિ આપવાનું માટે આહવાન કરતા વિ.હિ.પ.ના સંગઠન મંત્રી મિલિંદ

## વિશ્વ હિન્દુ પરિષદના ધર્મરક્ષા નિધિ અભિયાનનો બહોળી સંખ્યામાં રાજકોટવાસીઓની હાજરી વચ્ચે પ્રારંભ: અભિયાનમાં ૨૦મી સુધીમાં હિન્દુ સમાજને યથાશકિત યોગદાન આપવા અનુરોધ

**અબતક, રાજકોટ**

વિ.હિ.પ. ના રાષ્ટ્રીય વકતા તેમજ સંગઠન મંત્રી મિલિંદજી પરાંડે ના રાજકોટ પ્રવાસ દરમ્યાન માર્ગદર્શન આપવા માટે પ્રબુધ્ધ નાગરીક ગોષ્ઠિ નું આયોજન કરાયું હતું. જેમાં બહોળી સંખ્યામાં રાજકોટની ધર્મપ્રેમીઓએ લાભ લીધો હતો. ૧) હિન્દુ પરંપરાઓની રક્ષા તેમજ હિન્દુ સમાજને સંગઠીત કરવા માટે માર્ગદર્શન આપ્યુ હતું.






હિન્દુ પરંપરાગઓની રક્ષા તેમજ હિન્દુ સમાજને સંગઠીત કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ મિલિંદજી એ રાજકોટની ધર્મપ્રેમી જનતાને ધર્મરક્ષા નિધિ આપવા માટે આહવાન સહ અપીલ કરી હતી. જેને વધાવતા ઉપસ્થિત આગેવાનો, સમાજ શ્રેષ્ઠીઓ, પ્રબુધ્ધ નાગરીકો, ધર્મપ્રેમી જનતા એ આહવાન જીલીને આ ધર્મરક્ષા નીધિમાં સ્થળ પર જ માતબર રકમનુ અનુદાન આપીને અભિયાનનો પ્રારંભ કર્યો હતો. રાજકોટવાસીઓની ઉદારદિલી જોઈ રાષ્ટ્રીય સંગઠન મંત્રી મિલિંદજી પરોડે પણ ખૂબ ભાવવિભોર બની ગયા હતાં.

આ કાર્યક્રમમાં પૂર્વ સાંસદ વલ્ભભાઈ કથીરીયા હાજર રહયાં હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે શાંતુભાઈ રૂપારેલીયા, અશોકસિંહ ડોડીયા, હસુભાઈ ચંદારાણા,ભાવેશભાઈ ઠકકર તેમજ વિ.હિ.પ, ના વનરાજભાઈ ગરેયા, રાજાભાઈ વાવડી, રાજુભાઈ જુંજા, મનોજભાઈ ડોડીયા, હેમલભાઈ ગોહેલ, ભાવેશભાઈ લાઠીયા, આલાપભાઈ બારાઈ, આશીષભાઈ શેઠ, રાહુલભાઈ જાની, દિપકભાઈ ગમઢા, રવિન્દ્રભાઈ બડગુજર, સુશીલભાઈ પાંભર, વિજયભાઈ કારીયા વિગેરે જહેમત ઉઠાવી હતી તેમજ કાર્યક્રમની વ્યવસ્થામાં જે. ડી. સોમૈયા કિશનભાઈ સેલાર, અશ્વિનભાઈ સોલંકી, હર્ષભાઈ વ્યાસ, વિનયભાઈ કારીયા, દિલીપભાઈ દવે, રાજુભાઈ ઉમરાણીયા, બટુકભાઈ વાઘેલા, નવીનભાઈ વાઘેલા, વિનુભાઈ ટીલાવત તથા રાજુભાઈ જોગરાણા, માવજીભાઈ ડોડીયા, દેવાંગભાઈ માકડ, ચમનભાઈ સિંધવ, ચંદુભા પરમાર, નિલેશભાઈ જલુ, રાજદિપસિંહ જાડેજા, રાજાભાઈ વાવડી વિગેરેએ પણ જહેમત ઉઠાવી હતી.

વિશ્વ હિન્દુ પરિષદના પરેશભાઈ રૂપારેલીયાની યાદીમાં જણાવેલ છે કે, ધર્મરક્ષા નિધિ અભિયાન તા. ૨૦ જાન્યુઆરી સુધી ચાલવાનું છે ત્યારે રાજકોટની ધર્મપ્રેમી જનતા અને હિન્દુ સમાજને આ અભિયાન પોતાના સહયોગ.રૂપે શકિત પ્રમાણે અનુદાન આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

જે કોઈ સંસ્થા, મંડળ, ગ્રુપ, લતાવાસીઓ વિગેરે આ અભિયાનમાં જોડાવા માંગતા હોય તેમના માટે વ્યવસ્થા કરી આપવામાં આવશે.

તેના માટે પરેશભાઈ રૂપારેલીયાનો મો. નં. ૯૯ ૭૮ ૨૨ ૪૪૨૨ ઉપર સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત મક્કર સંક્રાંતિના દિવસે રાજકોટ વિવિધ વિસ્તારોમાં એક અભિયાનના ભાગ રૂપે ધર્મરક્ષા નીધિમાં પ્રજાજનો પોતાનું અનુદાન આપી શકે તે માટે વિશેષ વ્યવસ્થાના આયોજન કરવામાં આવનાર છે.

# રૂ.૧૦ હજાર કરોડના હવાલાકાંડનો પર્દાફાશ એકથી વધુ સીએની ભૂંડી ભૂમિકા સામે આવી

## ઈડીની તપાસમાં અનેક ઘટસ્ફોટ : બોગસ કંપનીઓ બનાવી હોંગકોંગ, સિંગાપોર અને થાઈલેન્ડ ખાતે ગેરકાયદે નાણાં મોકલતા’તા

**અબતક, રાજકોટ**

કેન્દ્રીય તપાસ એજન્સી ઈડીએ સીએ અને હવાલા ઓપરેટરોના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. જેમણે છેલ્લા કેટલાક વર્ષોમાં ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું કાળું નાણું દેશની બહાર મોકલ્યું હતું. ૨ જાન્યુઆરીએ થાણે, મુંબઈ અને વારાણસીમાં શોધખોળ દરમિયાન ડિજિટલ અને અન્ય દસ્તાવેજો મળી આવ્યા હતા જેનાથી આરોપીઓની કાર્યપ્રણાલીનો ખુલાસો થયો હતો.

મામલામાં એજન્સીએ ગુરુવારે જણાવ્યું હતું કે મુખ્ય આરોપી જિતેન્દ્ર પાંડેએ સિંગાપોર, હોંગકોંગ અને થાઈલેન્ડમાં હવાલા મારફત પૈસા મોકલવા માટે ૯૮ થી વધુ શેલ કંપનીઓ અને ૨૬૯ બેંક ખાતા ખોલ્યા હતા. વધુમાં ઈડીએ જણાવ્યું હતું કે, તપાસમાં આરટીજીએસ એન્ટ્રી ઓપરેટરોના નેટવર્કનો પણ ખુલાસો થયો હતો જેઓ ભંડોળના મૂળને છુપાવવા માટે શેલ કંપનીઓના અનેક બેંક ખાતાઓ દ્વારા વ્યવહારો કર્યા પછી ભાગીદારી કંપનીઓના ખાતાઓમાં એન્ટ્રી પડાવતા હતા.

અનેક બેંક ખાતાઓની ખરાઈ કરતા જાણવા મળ્યું હતું કે, આરોપીઓએ ૧૨ ખાનગી લિમિટેડ કંપનીઓના ખાતાઓમાં ભંડોળ ટ્રાન્સફર કર્યું હરું જેથી આખરે વિદેશી રેમિટન્સ કરી શકાય. ચીનથી માલની આયાત માટે ચૂકવણીના નામે ભંડોળ દેશની બહાર મોકલવામાં આવ્યું હતું. શેલ કંપનીઓએ લોજિસ્ટિક્સના વ્યવસાયમાં હોવાનું જાહેર કર્યું હતું અને તેના અલગ અલગ ચાર્જ પેટે હવાલા રેકેટ ચલાવતા હતા. શેલ કંપનીઓ બનાવવા તેમજ આરઓસી ફાઈલિંગ સહિતની નિયમનકારી પાલનમાં આરોપીઓને મદદ કરતા ઘણા સીએની શંકાસ્પદ ભૂમિકા પણ બહાર આવી છે તેવું પણ એજન્સીએ જણાવ્યું હતું. ઈડીએ જીતેન્દ્ર પાંડે અને અન્ય લોકો સામે થાણે પોલીસ દ્વારા નોંધાયેલી એફઆઈઆરના આધારે તપાસ શરૂ કરી હતી. તેઓ પર શેલ એન્ટિટીના નામે ખોલવામાં આવેલા બેંક ખાતાઓના વેબ દ્વારા ફ્રેઈટ ચાર્જના બહાને હોંગકોંગ, સિંગાપોર અને થાઈલેન્ડમાં કંપનીઓને રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધુ રકમ મોકલવાનો આરોપ છે, તેવો એજન્સીએ દાવો કર્યો હતો. પાંડે અને અન્ય આરોપીઓની ગયા વર્ષે થાણે પોલીસની ઈઓડબ્લ્યુ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

# વોર્ડ નં. ૨માં કાલે આરોગ્ય વિમા કેમ્પ

## ૭૦ વર્ષથી ઉપરના વડીલો માટે રૂ.૧૦ લાખ સુધીનું આરોગ્ય વિમા કવચ અપાશે

**અબતક,રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દુરંદર્શીપણા થી વડિલોને આરોગ્યવિમા કવચ (૧૦ લાખ સુધીનું) મળી રહે અને ઢળતી ઉંમરે આર્થિક ચિંતા ન રહે તે હેતુથી ’આયુષ્યમાન કાર્ડ નીચે આવરી લેવામાં આવ્યુ છે. આમાં આવકની કોઈ સિમા નથી દરેક વડીલોને આ યોજનાનો લાભ મળે એ હેતુ થી તારીખ.૧૧/૧/૨૦૨૫, શનિવારે, સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ વાગ્યે, મહેશ્વરી વૃધ્ધાશ્રમ, ગીતગુર્જરી સોસાયટી-૮બી, નિલકંઠ મંદિરની બાજુમાં આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમા દરેક વડિલે પોતાનું આધાર કાર્ડ અને તેની સાથે લિંક મોબાઈલ લઈને પ્રત્યેક્ષ હાજરી આપવી જરૂરી છે. દરેક વડિલોનું સ્વાગત આરોગ્ય પોષ્ટિક નાસ્તા થી કરવામાં આવશે. ’રાજકોટ મ્યુકોરપો.ના આરોગ્ય વિભાગના સહયોગ થી આ કેમ્પનું આયોજન વોર્ડનં-૨ના બુથનં-૧૫૫માં થવા જઈ રહ્યુ છે. જેમા શહેર ભાજપના પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રીની માધવભાઈ દવે. ૬૯-રાજકોટના લોકપ્રિય ધારાસભ્ય દર્શિતાબેન શાહ, વોર્ડન-૨ના કોપોરેટર અને દંડક મનિષભાઈ રાડિયા, આજ વોર્ડના કોરપો. અને સ્ટેન્ડિંગ ચેરમેન જયમીનભાઈ ઠાકર, કોર્પોરેટર મિનાબા જાડેજા, વોર્ડનં-૨ના પ્રભારીની કુલદીપસિંહ જાડેજા, તરવરીયા વોર્ડ પ્રમુખ ભાવેશભાઈ ટોપટા, મહામંત્રી કૌશિકભાઈ અહિયા વગેરેના માર્ગદર્શન, અને પ્રત્યેક્ષ હાજરી સાથે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા બુથ પ્રમુખ વિલાસગિરિ ગૌરવામી, ઈન. મિહિર ત્રિવેદી, કિરીટભાઈ રાણીંગા (લાલાભાઈ) અને સમગ્ર બુથ રામિતી (૧૫૫)ની સતત જહેમત ઉઠાવી રહ્યા છે. કોઈપણ વધારાની માહીતી માટે વિલાસગિરે ગૌરવામી બુથ પ્રમુખ(૧૫૫), વોર્ડન-૨.-૯૮૨૪૪ ૬૮૪૨૨, મિહીર ત્રિવેદી-૯૪૨૯૨ ૮૭૭૬૩, કિરીટભાઈ રાણીંગા-૯૯૦૪૦ ૪૬૫૦૦નો સંપર્ક કરી શકો છો.



# બોર્ડની પરીક્ષામાં ૩૦૦થી ઓછા વિદ્યાર્થી હશે તો પણ કેન્દ્ર ફાળવાશે

## શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણ બોર્ડના વિનિયમમાં ઘણા ફેરફાર કરાયા: પરીક્ષા સમિતિમાં હવે સંયુક્ત પરીક્ષા નિયામક અને નાયબ પરીક્ષા નિયામકનો પણ સમાવેશ થશે

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં હવે જો ૩૦૦ કરતાં ઓછા વિદ્યાર્થીઓ હોય તો પણ કેન્દ્ર ફાળવી શકાય તેવો નિર્ણય લેવાયો છે. ૩૦૦થી ઓછી સંખ્યામાં કેન્દ્રની ફાળવણી વખતે ભૌગોલિક સ્થિતિ અને અન્ય સંજોગોને ધ્યાનમાં રાખીને પરીક્ષા સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવશે. આ ઉપરાંત શિક્ષણ બોર્ડની પરીક્ષા સમિતિમાં હવે સંયુક્ત નિયામક અને નાયબ નિયામકનો પણ સમાવેશ કરવાનો નક્કી કરાયું છે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી લેવામાં આવનાર છે. શિક્ષણ બોર્ડની વિવિધ સમિતિઓ પૈકી હાલમાં પરીક્ષા નજીકમાં છે ત્યારે પરીક્ષા સમિતિ દ્વારા વિવિધ નિર્ણયો કરવામાં આવતા હોય છે. જેમાં પરીક્ષા માટે નવા કેન્દ્રને મંજૂરી આપવા તથા ગેરરીતિ ધરાવતા કેન્દ્રોને રદ કરવા સહિતના નિર્ણયો પરીક્ષા સમિતિમાં લેવાતા હોય છે. આગામી પરીક્ષાને લઈ હવે ટૂંક સમયમાં પરીક્ષા સમિતિ દ્વારા આ અંગેની કામગીરી શરૂ કરવામાં આવશે.શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં શિક્ષણ બોર્ડના વિનિયમમાં ઘણા ફેરફાર કર્યાં છે. અત્યાર સુધી બોર્ડની પરીક્ષામાં કેન્દ્ર પર ઓછામાં ઓછા ૩૦૦ પરીક્ષાર્થીઓની સંખ્યા હોવી જોઈએ એવી જોગવાઈ હતી. પરંતુ હવે નવા ફેરફાર મુજબ સ્થળની ભૌગોલિક સ્થિતિ અને અન્ય સંજોગો ધ્યાને લઈને ૩૦૦ કરતાં ઓછા પરીક્ષાર્થીઓ હોય તેવા સંજોગોમાં પરીક્ષા સમિતિ ધારા-ધોરણોમાં છૂટછાટ લઈ શકશે. આ ઉપરાંત પરીક્ષા સમિતિમાં હવે સંયુકત નિયામક (પરીક્ષા) અને નાયબ નિયામક (પરીક્ષા)નો પણ સમાવેશ થશે. અત્યાર સુધીમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષક તેમજ ૬ સભ્યોને મુકવામાં આવતાં હતા. આ સમિતિમાં સભ્ય સચિવ તરીકે પણ સંયુકત અને નાયબ નિયામક રહેશે.ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના માળખા સાથે બોર્ડના વિનિયમોમાં સુધારા કરવામાં આવ્યાં છે. શિક્ષણ બોર્ડ અને સરકારમાં ઘણા બધા અધિકારીઓને સચિવ તરીકે સંબોધવામાં આવે છે. જેથી શિક્ષણ વિભાગે બોર્ડની પરીક્ષાનો કાર્યભાર સંભાળતાં અધિકારીને પરીક્ષા સચિવ તરીકે નહીં પણ નાયબ નિયામક (પરીક્ષા) તેમજ સંયુક્ત નિયામક (પરીક્ષા) તરીકે ઓળખવાનો નિર્ણય કર્યો છે.

# હવેથી યુનિ.ઓમાં સ્પોર્ટ્સની ભરતી માટે ઉમેદવારોએ શારીરિક કસોટી ફરજિયાત આપવી પડશે

## ટેસ્ટના આધારે તેઓ જે તે જગ્યા માટે મેડિકલી ફિટ છે તેવું સર્ટિફિકેટ પણ રજૂ કરવાનું રહેશે

**અબતક, અમદાવાદ**

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા તાજેતરમાં આગામી દિવસોમાં યુનિવર્સિટીઓમાં થનારી ભરતી સહિતના નિયમો માટેનો ડ્રાફ્ટ તૈયાર કરીને મંતવ્યો માટે રજૂ કરવામાં આવ્યો છે. નવી વ્યવસ્થા પ્રમાણે હવે સ્પોર્ટસમાં ડાયરેક્ટર, આસિ. ડાયરેક્ટર કે અન્ય કોઈ જગ્યાઓ ભરવાની હોય તો શારિરીક કસોટી લેવાની રહેશે. આ માટેના નિયમો પણ જાહેર કરવામાં આવ્યા છે.યુજીસી દ્વારા નવા રેગ્યુલેશનમાં એવી તાકીદ કરવામાં આવી છે કે, દેશની જુદી જુદી યુનિવર્સિટીઓમાં સ્પોર્ટસ એજ્યુકેશન માટે અધ્યાપકો, ડાયરેક્ટર, ડે.ડાયરેક્ટર, ડાયરેક્ટર વગેરેની નિયુક્તિ કરવામાં આવતી હોય છે. અત્યાર સુધી આ ભરતી સીધી અને પ્રમોશનના આધારે કરવામાં આવતી હતી, પરંતુ હવે પછી આ જગ્યાઓ પર કોઈપણ પ્રકારની ભરતી કરવામાં આવે તો તેના માટે ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ જરૂરી છે. આ ટેસ્ટના આધારે તેઓ જે તે જગ્યા માટે મેડિકલી ફિટ છે તેવું સર્ટિફિકેટ પણ રજૂ કરવાનું રહેશે. એટલું જ નહીં, જે તે જગ્યા માટે ૧૨ મિનિટ સુધી રન-વોક ટેસ્ટ આપવી ફરજિયાત છે. આ ઉપરાંત ઉમેદવાર ૩૦ વર્ષ સુધીની વયમર્યાદા હોય તો ૧૮૦૦ મીટર, ૪૦ વર્ષની વયમર્યાદા હોય તો ૧૫૦૦, ૪૫ વર્ષથી વધુ વય મર્યાદા હોય તો ૧૨૦૦ અને ૪૫થી વધુ વયમર્યાદા હોય તો ૮૦૦ મીટરની દોડ ફરજિયાત છે.

આ જ રીતે મહિલાઓ માટે પણ ફિઝિકલ ટેસ્ટ ફરજિયાત કરવામાં આવી છે. જેમાં તમામ વયની મહિલા ઉમેદવારો માટે ૮ મિનિટ રન-વોક જરૂરી છે. મહિલા ઉમેદવારની વયમર્યદા ૩૦ વર્ષ સુધીની હોય તો ૧ હજાર મીટર, ૪૦ વર્ષ સુધી હોય તો ૮૦૦ મીટર અને ૪૫ વર્ષ સુધીની હોય તો ૬૦૦ મીટર અને જો ૪૫ વર્ષથી વધુની વય મર્યાદા હોય તો ૪૦૦ મીટરની ટેસ્ટ આપવી ફરજિયાત છે. શારિરીક રીતે વિકલાંગ હોય તેમને આ ટેસ્ટથી મુક્તિ આપવામાં આવશે તેવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે. આમ, હવે કોઈપણ યુનિવર્સિટીમાં સ્પોર્ટસ ડિપાર્ટમેન્ટની જુદી જુદી જગ્યાઓ પર નિયુક્તિ માટે પણ ફિઝિકલ ટેસ્ટ ફરજિયાત કરવામાં આવ્યો છે. મહત્ત્વની વાત એ છે કે, ગુજરાત યુનિવર્સિટીમાં હાલમાં સ્પોર્ટસ ડિપાર્ટમેન્ટમાં કોઈ ડાયરેક્ટર જ નથી. આ જ પરિસ્થિતિ જીટીયુમાં પણ જોવા મળી રહી છે.

# ગાયના છાણાની વસ્તુઓ ઓનલાઈન વેંચશે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન

## હાલમાં બે મ્યુનિસિપલ કેટલ પાઉન્ડમાં રખાયેલા ૬૮૦ પશુઓ દરરોજ અંદાજે ૭,૫૦૦ કિગ્રા ગાયના છાણનું ઉત્પાદન કરે છે

**અબતક, રાજકોટ**

આપણે રોજ અઢળક વસ્તુઓ ઓનલાઈન મંગાવતા હોઈએ છીએ પરંતુ શું તમે ક્યારે ગાયનું છાણ અથવા તો ગાયના છાણમાંથી બનતી વસ્તુઓ ઓનલાઈન મંગાવી છે? શું તમે વિચાર્યું છે કે તે વસ્તુઓ પણ ઓનલાઈન મળી શકે ખરી? તો હા આવી જ એક નવી પહેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહી છે. જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઢોર ઉપદ્રવ અને નિયંત્રણ વિભાગ, જે રખડતા ઢોરની સમસ્યાને કાબૂમાં લેવા માટે પ્રયત્નો કરી રહ્યું છે, તેણે ટકાઉ સાહસ માટેના વિચારને અસર કરી છે. જેથી તેઓ ઈ-કોમર્સ વેબસાઈટ પર લાકડીઓ અને અન્ય ઉત્પાદનો સહિત ગાયના છાણમાંથી બનાવેલ વિવિધ વસ્તુઓનું વેચાણ કરીને ઢોરના કચરાને તકમાં ફેરવવાનું આયોજન કરી રહ્યું છે.

આ પહેલ ગયા વર્ષે લાગુ કરાયેલ અખઈની પશુ નિયંત્રણ નીતિ પર આધારિત છે. જેથી હાલમાં ૬૮૦ પશુઓને બે મ્યુનિસિપલ કેટલ પાઉન્ડમાં રાખવામાં આવ્યા છે. જેથી આ સુવિધાઓ હવે દરરોજ અંદાજે ૭,૫૦૦ કિગ્રા ગાયના છાણનું ઉત્પાદન કરે છે, જેમાં ૬૦૦ કિગ્રા વિવિધ ઉત્પાદનો જેમ કે છાણની કેક, લાકડીઓ અને અન્ય વસ્તુઓમાં પ્રક્રિયા



કરવામાં આવે છે. જે મુજબ છેલ્લા નવ મહિનામાં, પહેલ દ્વારા ૨૧ સ્મશાન ગૃહોને ગાયના છાણની લાકડીઓ સપ્લાય કરવામાં આવી છે, જેમાં આજની તારીખમાં ૩,૭૦૦ કિલોગ્રામનો ઉપયોગ કરવામાં આવ્યો છે.કોર્પોરેશને ધાર્મિક વિધિઓ માટે સ્થાનિક મંદિરોમાં ૫,૫૦૦ ગોબરની કેકનું પણ વિતરણ કર્યું છે. વધુમાં, અખઈએ ૨૦૨૪ માં એક નવીન પ્રયોગ શરૂ કર્યો હતો, જે હેઠળ ગાયના છાણના ઉત્પાદનોનો ઉપયોગ શહેરમાં પાંચ સ્થળોએ હોળીની ઉજવણી માટે બળતણ તરીકે કરવામાં આવશે.

આ અંગે સીએનસી વિભાગના ડાયરેક્ટર નરેશ રાજપૂતે જણાવ્યું હતું કે, ‘‘અમે ગાયના છાણમાંથી બનાવેલ વિવિધ ઉત્પાદનોને ઓનલાઈન વેચવાનું વિચારી રહ્યા છીએ. અમે ગાયના છાણમાંથી ખાતર, લાકડીઓ, પોટ્સ, ઓર્ગેનિક સામગ્રી, માટી સંવર્ધક અને બાયોગેસ બનાવવાનું પણ આયોજન કરી રહ્યા છીએ. વધુમાં, અખઈ ગૌમૂત્રમાંથી દવાઓ બનાવવાની યોજના બનાવી રહી છે, જે ગાયના છાણની કેકનો વ્યાવસાયિક બળતણ તરીકે ઉપયોગ કરવા માટે અને હાલમાં લાકડીઓ બનાવવામાં આવે છે સ્મશાનમાં ગાયના છાણનો ઉપયોગ કરવામાં આવે છે.‘‘

# ભારતીય મહિલા ક્રિકેટ ટીમને પ્રથમ વન-ડે જીતવા ૨૩૯ રનનો લક્ષ્યાંક

## સુકાની ગેબી લેવીસના ૯૨ રન અને લીહપોલના ૫૯ રનની મદદથી આયર્લેન્ડે ૭ વિકેટના ભોગે ૨૩૮ રનનો જુમલો ખડક્યોઃ પ્રેક્ષકોની પણ નોંધપાત્ર હાજરી

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના ખંઢેરી સ્થિત નિરજંન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આજથી ભારતીય મહિલા ક્રિકેટ ટીમ અને આયર્લેન્ડની પ્રથમ વન-ડે જીતવા માટે આયર્લેન્ડની ટીમે ભારતને ૨૩૯ રનનો લક્ષ્યાંક આપ્યો છે.

રાજકોટના આંગણે પ્રથમ વખત મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ રહ્યો હોય





તસ્વીરઃ કરન વાડોલીયા

મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે વન-ડે ટુર્નામેન્ટનો આરંભ થયો છે. પ્રેક્ષકોને વિનામૂલ્યે એન્ટ્રી આપવામાં આવી રહી છે. આજે મેચમાં પ્રેક્ષકોની નોંધપાત્ર હાજરી જોવા મળી હતી.

બેટ્સમેનો માટે સ્વર્ગ મનાતી નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમની પીચ પર આયર્લેન્ડ મહિલા ક્રિકેટ ટીમના ગેબી લેવીસે ટોસ જીતી પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય લીધો હતો. માત્ર ૨૭ રનના સ્કોર પર આયર્લેન્ડની પ્રથમ વિકેટ ધરાશાયી થઈ ગઈ હતી. માત્ર ૫૬ રનના સ્કોર પર આયર્લેન્ડ મહિલા ક્રિકેટ ટીમના ચાર બેટરો પેવેલીયનમાં પરત ફરી ગયા હતા.

જો કે, ત્યારબાદ સુકાની ગેબી લેવીસ અને લીહપોલની જોડીએ બાજી સંભાળી લીધી હતી. બંનેએ પાંચમી વિકેટ માટે બહુ ઉપયોગી ૧૧૭ રનની ભાગીદારી નોંધાવી હતી.

૭૩ બોલમાં ૭ ચોગ્ગાની મદદથી પોલે ૫૯ રન બનાવ્યા હતા. જો કે, તેની વિકેટ રન આઉટના રૂપમાં પડી હતી. ત્યારબાદ સુકાની ગેબી લેવીસે એકલા હાથે ભારતીય બોલરો સામે સંઘર્ષ ચાલુ રાખ્યો હતો. તેણીએ ૧૨૯ બોલમાં ૧૫ ચોગ્ગાની મદદથી ૯૨ રન બનાવ્યા હતા. આયર્લેન્ડની છઠ્ઠી વિકેટ લેવીસના રૂપમાં ૧૯૪ રને પડી હતી. તે દિપ્તી શર્માનો શિકાર બની હતી.

આઠમી વિકેટ માટે આયર્લેન્ડની મહિલા ટીમે મહત્વપૂર્ણ ૩૬ રન જોડ્યા હતા. નિર્ધારિત ૫૦ ઓવરમાં આયર્લેન્ડની ટીમે સાત વિકેટ ગુમાવી ૨૩૮ રન બનાવ્યા હતા. ક્રિસ્ટીના રેલી ૧૫ રન અને જ્યોર્જિના ડેમ્સી ૬ રન બનાવી અણનમ રહી હતી. ભારતવતી પ્રિયા મિશ્રાએ ૫૬ રન આપી બે વિકેટ ખેડવી હતી. જ્યારે ટીટાસ સાધુ, ડેબ્યૂટાન્ટ સયાલી સતગરે અને દિપાલી શર્માએ એક-એક વિકેટો ખેડવી હતી. ભારતીય મહિલા ક્રિકેટ ટીમને પ્રથમ વન-ડે જીતવા માટે ૨૩૯ રનનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. રાજકોટની પીચ પર આ લક્ષ્યાંક ખૂબ જ સરળ માનવામાં આવે છે. બંને ટીમો વચ્ચે આગામી રવિવારે બીજી વન-ડે અને ૧૫મી જાન્યુઆરીએ ત્રીજી વન-ડે રમાશે.









### બંને ટીમો વચ્ચેનો હેડ-ટુ-હેડ રેકોર્ડ

ભારત મહિલા અને આયર્લેન્ડ મહિલા ટીમો વનડેમાં ૧૨ વખત એકબીજા સામે આવી છે. જેમાં ભારતીય મહિલા ટીમનું વર્ચસ્વ જોવા મળી રહ્યું છે. ભારતીય મહિલા ટીમે ૧૨ માંથી ૧૨ વનડે જીતી છે. આયર્લેન્ડ એક પણ મેચ જીતી શક્યું નથી. આ દર્શાવે છે કે ભારતીય મહિલા ટીમ વધુ મજબૂત છે. આ તે જગ્યા છે જ્યાં ભારતીય ટીમને ઘરની ધરતી પર રમવાનો ફાયદો મળી શકે છે.

### મેચ માટે બંને ટીમો

ભારતઃ સ્મૃતિ મંધાના (કેપ્ટન), દીપ્તિ શર્મા (ઉપ-કેપ્ટન), પ્રતિકા રાવલ, હરલીન દેઓલ, જેમિમા રોડ્રિગ્સ, ઉમા છેત્રી (વિકેટકીપર), રિચા ઘોષ (વિકેટકીપર), ટાઇટસ સાધુ, સાયમા ઠાકોર, સયાલી સતઘરે આયર્લેન્ડઃ ગેબી લુઇસ (કેપ્ટન),ક્રિસ્ટીના કુલ્ટર-રેલી, લૌરા ડેલેની, જ્યોર્જીના ડેમ્પ્સી, સારાહ ફોર્બ્સ, આર્લીન કેલી, એમી મેગુઇર, લીહ પોલ, ઓર્લા પ્રેન્ડરગાસ્ટ, ઉના રેમન્ડ-હોએ, ફ્રેયા સાર્જન્ટ

# કોર્પોરેશનના 'પોષણ ઉડાન'માં પુડલા-ઢોકળા જેવી ઘરેલુ વાનગીઓની મહેક

## પોષણ ઉડાનમાં નીત નવી વાહનગી બનાવનાર સ્પર્ધકોને મહાનુભાવોએ કર્યા સન્માનીત



**અબતક,રાજકોટ**

ગુજરાત સરકારના કુપોષણ મુક્ત ગુજરાત અભિગમને સિધ્ધ કરવા મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા તમામ જીલ્લા અને મહાનગરપાલિકામાં 'પોષણ ઉત્સવ-૨૦૨૪-૨૫' અને મકરસંક્રાંતી તહેવારને પોષણમાં સમાવવા માટે 'પોષણ ઉડાન-૨૦૨૫' કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકા ઘટક-૧ની વોર્ડ નં.૪ની આંગણવાડીઓમાં 'પોષણ ઉત્સવ ૨૦૨૪-૨૫' અને 'પોષણ ઉડાન-૨૦૨૪' કાર્યક્રમની ઉજવણી તા.૦૯/૦૧/૨૦૨૪ ગુરુવારના રોજ વેલનાથપરા-૧માં કરવામાં આવેલ હતી.

કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય મેયર નયનાબેન પેઢડીયાના હસ્તે કરવામાં આવેલ. કાર્યક્રમમાં પોષણનું મહત્વ દર્શાવતી વિવિધ વાનગીઓનું વાનગી નિર્દશન કરવામાં આવેલ હતું. જેમાં વર્કર બહેનો દ્વારા વાનગી વૈવિધ્ય દર્શાવવા મિલેટ્સ(શ્રીઅન્ન) અને ટીએચઆરમાંથી બનતી વાનગી તેમજ સરગવામાંથી બનતી વાનગીનું નિર્દશન કરવામાં આવેલ હતું.કેક જેવી મોર્ડન વાનગીથી લઈને પુડલા અને ઢોકળા, મુઠીયા જેવી ઘરેલું વાનગીઓનું પ્રદર્શન કરવામાં આવેલ. જેમાં ૩ વિજેતાઓને વાનગીઓ માટે ઈનામ જાહેર કરવામાં આવેલ હતા અને તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. 'પોષણ ઉડાન' અંતર્ગત વોર્ડની તમામ કિશોરીઓ અને બાળકોને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા લાભાર્થીઓને પંતગ વિતરણ કરવામાં આવેલ અને પતંગ સ્પર્ધા યોજવામાં આવેલ હતી જેમાં ૩ વિજેતાઓને ઈનામ આપવામાં આવેલ છે.


વર્કર બહેનોને પ્રોત્સાહિત કરવા આઈ.સી.ડી.એસ. વિભાગના ચેરમેન દીલીપભાઈ લુણાગરીયાની પ્રેરણાદાયી ઉપસ્થિતિ રહેલ તેમજ વોર્ડ નં.૪ના તમામ કોર્પોરેટર, પ્રમુખ, મહામંત્રી તેમજ વિધાનસભા-૬૮માંથી સંજયભાઈ ઉધરેજા હાજર રહેલ હતા.

કાર્યક્રમમાં રાજકોટ રીજન આર.ડી.ડી. પુર્વીબહેન પંચાલની ખાસ ઉપસ્થિતિ રહેલ તેમજ કાર્યક્રમને સફળ બનાવવાનું માર્ગદર્શન ઇ.ચા. પ્રોગ્રામ ઓફિસર જનકસિંહ ગોહિલ દ્વારા આપવામાં આવેલ હતું. કાર્યક્રમને સફળ બનાવવા સી.ડી.પી.ઓ. જયશ્રીબેન સાકરિયા, મુખ્યસેવિકા તેમજ અન્ય કર્મચારી અને સેજાના તમામ વર્કર બહેનોએ સખત જહેમત ઉઠાવેલ હતી.



## પુન્યની કમાણીના બદલે પૈસાને પ્રાધાન્ય-સહકાર સ્પર્ધા બને, સુખની દૌટમાં મન રઘવાયુ થાય ત્યારે

# સાષ્વત સુખના અનુભવ પ્રાપ્તી માટે દીપકભાઈના સત્સંગનો પ્રારંભ



**અબતક,રાજકોટ**

જીવમાત્રને સુખ ગમે છે અને તે સુખ મેળવવાના પ્રયત્નોમાં જ રચ્યાપચ્યા રહે છે. ખાવુંપીવું, હરવું-ફરવું, ટીવી-સિનેમા જોવા, કોમ્પ્યુટર ગેમ્સ, પાર્ટી, ટોળ ટપ્પા, આવી કંઈ કેટલી રીતોથી સુખ પ્રાપ્ત કરવાની કોશિશો મનુષ્ય કરતો રહે છે. પરંતુ વિનાશી ચીજવસ્તુઓમાં સુખની કલ્પના અંતે તો વિનાશી જ રહેવાનીને? એ સુખ થોડીક ક્ષણો, મિનિટો કે કલાકો જ ટકે છે, જેવું તે પુરું થાય કે જીવનની કડવી વાસ્તિવકતા પાછી આવીને ઊભી રહે છે!

શાશ્વત સુખ પોતાની જ મહીં છે પણ તેનો અનુભવ પોતાને નથી થયો. પોતાના સ્વરૂપની, પોતાના જ આત્માની ઓળખ થાય તો એ અવિનાશી સુખ પ્રાપ્ત થાય છે. કારણ કે સાચું સુખ પોતાના આત્મા થકી જ પ્રાપ્ત થઈ શકે એમ છે. આ કળિકાળમાં આશ્ચર્યરૂપ અક્રમ વિજ્ઞાની પરમ પૂજ્ય દાદા ભગવાન પ્રગટ્યા કે જેમને ૧૯૫૮માં સ્વયંભૂ આત્મપ્રકાશ લાધ્યો. સાથે એવી સિદ્ધિ પ્રાપ્ત થઈ કે તેમને આત્મસાક્ષાત્કારનો જે અનુભવ થયો તે જ અનુભવ તેઓ બીજાને પણ માત્ર બે કલાકના જ્ઞાનપ્રયોગ થકી કરાવી શકતા. આ જ્ઞાનપ્રયોગ પછી પોતાના આત્માની ઓળખ થાય છે, જે માત્ર અનુભવગમ્ય છે. સાકર મીઠી છે એવો અનુભવ જે ચાખે તે માણે. જેઓ આ આત્મજ્ઞાન પામ્યા છે તેમણે એ શાશ્વતસુખની અનુભૂતિ કરી છે. આપ શા માટે વંચિત રહો? આજે પણ પરમ પૂજ્ય દાદા ભગવાન દીક્ષિત અને આત્મજ્ઞાની ડો. નીરુ મા ના સહાધ્યાયી આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈ થકી એ અનુભૂતિનો માર્ગ ખુલ્લો છે.

રાજકોટવાસીઓના પુણ્યોદયે પૂજ્ય દીપકભાઈ આ સપ્તાહના અંતમાં રાજકોટના સત્સંગ પ્રવાસે આવી રહ્યા છે. રાજકોટ મુકામ દરમિયાન તેઓ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર શીતલ પાર્ક ચોક નજીક આવેલ પારિજાત પાર્ટી પ્લોટના ગ્રાઉંડમાં સત્સંગ કરશે.

આ સત્સંગ કાર્યક્રમ અંતર્ગત ૧૦ અને ૧૧ જાન્યુઆરી, શુક્રવાર અને શનિવારે સાંજે ૭ થી ૧૦ પ્રશ્નોત્તરી સત્સંગ અને ૧૨ જાન્યુઆરી રવિવારે સાંજે ૫ થી ૮.૩૦ આત્મસાક્ષાત્કાર પામવા માટેનો અદભૂત ભેદજ્ઞાન પ્રયોગ "જ્ઞાનવિધિ" યોજવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે આ સત્સંગ કાર્યક્રમમાં કોઈ પણ વ્યકિત સત્સંગના વિષયને લગતા અથવા તો પોતાને મુંઝવતા તમામ વ્યવહાર, ધર્મ કે અધ્યાત્મ સંબધિત પ્રશ્નોના સમાધાન પૂજ્ય દીપકભાઈ પાસેથી મેળવી શકે છે.

આ અમૂલ્ય સત્સંગ કાર્યક્રમ નિઃશુલ્ક છે અને તેનો લાભ દરેક ધર્મ/સંપ્રદાયના લોકો લઈ શકે છે. વિવિધ ટીવી ચેનલ્સ પર સત્સંગ કાર્યક્રમ નિહાળતા લાખો જીજ્ઞાસુઓ માટે પૂજ્ય દીપકભાઈને પ્રત્યક્ષ જોવા-સાંભળવાનો આ એક સુવર્ણ અવસર હશે.

અક્રમ વિજ્ઞાન અને જ્ઞાનવિધિની વધુ વિગત www. dadabhagwan. orgવેબસાઈટ ઉપર મેળવી શકાશે.



## સામાજીક સમસ્યાનો આધ્યાત્મીક ઉકેલ, મુંજવતા પ્રશ્નોના ઉત્તર માટે થશે પ્રશ્નોતરી...

## ઉકાણી પરિવારનો ત્રિ-દિવસીય મનોરથ હર્ષોલ્લાસભેર સંપન્ન

# ત્રિ-દિવસીય મનોરથમાં લાખો વૈષ્ણવો ભાવિકો 'ઠાકોરજી'ના દર્શન કરી થયા ધન્ય




## વૃંદાવનધામની થીમ ને ભકતોએ આબેહુબ વખાણી અને મનોરથ ઉત્સવ માણ્યો

અબતક,રાજકોટ

રાજકોટની ભાગોળે ઈશ્વરીયાના દ્વારકાધીશન ફાર્મ ની ૧૨.૫ એકર વિશાળ જગ્યામાં ઉભા કરાયેલા વૃંદાવનધામમાં ઉકાણી પરિવાર આયોજીત ત્રિદિવસીય મનોરથ અને શ્રીનાથદ્વારા ના ધ્વજાજી આરોહણ ઉત્સવમાં રાજકોટના લાખો વૈષ્ણવો અને ધર્મપ્રેમી જનતાએ સહભાગી થઈ ગોકુળીયો માહોલ સર્જી દીધો છે. લાખો વૈષ્ણવો ભાવિકોએ ઠાકોરજીના દર્શન કરી ધન્યતા અનુભવી છે.

બાનલેબ ઉકાણી પરિવાર દ્વારા ત્રીદિવસીય મનોરથ ઉત્સવમાં વૃંદાવન ધામની પાવન ભૂમીમાં સવારે ૮:૩૦ થી અને સાંજે ૪:૩૦ થી ૭:૩૦ દર્શન તથા ધ્વજાજી આરોહણ, છપ્પનભોગ મનોરથ, ગૌચરણ મનોરથ, દિપદાન મનોરથ ના પ્રસંગો ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયા હતા. ગઈ કાલે નાથદ્વારા ના પ.પૂ.ગો.પા. ૧૦૫ વિશાલબાવાના ની નિશ્રામાં દિપદાન મનોરથ ઉજવાયો હતો. વૃંદાવનધામ ખાતે નાથદ્વારાના મોતી મહેલ ના વિશાળ મંદિરને ૫૧૦૦ દિવડાઓથી શણગારવામાં આવ્યુ હતુ. દિવડાઓના ઝગમગાટથી મોતીમહેલનો અદભૂત અને અલૌકિક દ્રશ્ય સર્જાયુ હતુ. રાજકોટવાસીઓએ બહોળી સંખ્યામાં દિપદાન મનોરથના દર્શનનો હાવો લીધો હતો.

ગઈકાલે ઉજવાયેલા દિપદાન મનોરથમાં રાજકોટના વલભ યુથ ઓર્ગેનાઈઝેશનના પૂજય વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારે વૃંદાવનધામ ખાતે પધરામણી કરી 'ધ્વજાજી'ના દર્શન કર્યા હતા. ઉકાણી પરિવારના ડો. ડાયાભાઈ ઉકાણી, મૌલેશભાઈ ઉકાણી, સોનલબેન મૌલેશભાઈ ઉકાણી, નટુભાઈ ઉકાણી, અમીતાબેન નટુભાઈ ઉકાણી, લવ ઉકાણી, રીશા લવ ઉકાણી, જય ઉકાણી, હેમાંશી જય ઉકાણી, ચિ.રાધા અને ચિ. રીશી, વિધી, યુગ સહીતના પરિવારજનોએ પૂ. વિશાલ બાવાના સાનિધ્યમાં દિપદાન મનોરથની ઉજવણી કરી હતી.



પુષ્ટીમાર્ગીગ વૈષ્ણવ સંપ્રદાયમાં પ્રધાન પીઠ ગણાતા શ્રીનાથદ્વારા હવેલીના ગો.તિ. રાકેશ ઈંદ્રદમન મહારાજની આજ્ઞા અને પૂ.ગો.ચિ. વિશાલબાવા ની નિશ્રામાં રાજકોટમાં સ્વયંમ ઠાકોરજીનું સ્વરૂપ ગણાતા ધ્વજાજી તથા મનોરથ ઉત્સવમાં નાથદ્વારાના મુખ્યા નિલેશ સાંચીહર, તિલકાયતના મુખ્ય સલાહકાર અંજન શાહ, શ્રી નાથદ્વારા મંદિરના અધિકારી અનીલ સનાઢ્ય, લીલાધર પુરોહીત, ઉમંગ મહેતા, પુષ્ટી સંપ્રદાયના પ્રચારક મહર્ષિ વ્યાસ, સહીત શ્રી નાથદ્વારા મંદિરની ટીમ જોડાય હતી. પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયમાં ઠાકોરજી વૈષ્ણવોને દર્શન આપવા તેમના ઘેર જાય તેવી પરંપરાના ભાવ સાથે ધ્વજાજી ના રૂપમાં દર્શન આપે છે. જે વૈષ્ણવો નાથદ્વારા ખાતે જઈ શકતા ન હોય તેઓ અહિ શ્રીનાથજી ના દર્શનનો લાભ લઈ ભાવવિભોર બન્યા હતા.

### પરિણય ઉત્સવ નિમિતે ચિ. રાધા અને રિશીને આશીર્વાદ આપતા વ્રજરાજકુમારજી

ઉકાણી પરિવાર ના ગુરુ બ્રહ્મસંબંધ દીક્ષા વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી , ઉકાણી પરિવારના નિમંત્રણને માન આપી ધ્વજાજીની મહોત્સવમાં પધાર્યા હતા.

હજારો વૈષ્ણવોના આશીર્વાદ લેવા ઉમટી પડ્યા હતા !

વ્રજરાજકુમારજી દ્વારા ઉકાણી પરિવારની દીકરી રાધા અને રિશી ને આગામી પરિણય ઉત્સવ નિમિત્તે આશીર્વાદ આપ્યા હતા .



મૌલેશભાઈ ઉકાણી પૂજ્ય વ્રજરાજકુમારજી મહોદય સ્થાપિત વૈશ્વિક સંસ્થા વીવાયઓના ટ્રસ્ટી છે તેમજ પ્રેરિત કૃષ્ણ સંસ્કાર વર્લ્ડ ના પ્રમુખ છે. સાથે શિલ્પા જ્વેલર્સ ના હિરેનભાઈ, ફાલકોન ના જગદીશ ભાઈ, જૂનાગઢ એમએલએ સંજય કોરડીયા ઉપસ્થિત રહ્યા હતા

વ્રજરાજકુમારજી મહોદય દ્વારા દેશ વિદેશમાં ૨૫૦ થી પણ વધુ શ્રીનાથજી ચરિત્ર કથા કરવામાં આવી છે.

પૂજ્યની કથા શ્રાવણ કરી અસંખ્ય લોકો નાથદ્વારા ભાવ થી શ્રીનાથજી ના ચરિત્ર થી પ્રાપ્ત મહાત્મ જ્ઞાન સાથે દર્શનનો આનંદ લે છે

ઉકાણી પરિવારના ઈશ્વરીયા સ્થિત દ્વારકાધીશ ફાર્મ ખાતે ઉભા કરવામાં આવેલા વૃંદાવન ધામ ખાતે ત્રિદિવસીય મનોરથ પ્રસંગે વૈષ્ણવો તથા રાજકોટવાસીઓ કૃષ્ણભકિતના રંગે રંગાયા હોય તેવો માહોલ સર્જાયો છે. વૃંદાવન ખાતે નિર્મિત ગીરીરાજ પર્વત, નાથજીના ના મોતી મહેલ, શ્રીજી બાવાના પ્રેમ મંદિર, શામળાજી મંદિર, ડાકોર મંદિર, દ્વારકાધીશ મંદિરની આબેહુબ પ્રતિકૃતી ના દર્શન માટે ભાવીકો મોટી સંખ્યામાં ઉમટી પડયા છે. વૃંદાવનધામ ખાતે ઠાકોરજી ના દર્શન તથા મનોરથ ઉત્સવમાં ત્રણ દિવસ માં અંદાજે ૨ લાખ જેટલા ભાવિકોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

રાજકોટની ભાગોળે ઈશ્વરીયા ખાતે વુદાવનધામમાં ત્રિદિવસીય મનોરથમાં તથા વૃંદાવનધામ નિહાળવા સામાજીક રાજકીય મહાનુભાવો, પૂજય વૈષ્ણવાચાર્યો, વૈષ્ણવ સંપ્રદાયના અગ્રણીઓ, દરેક સમાજના શ્રેષ્ઠીઓ, મહાનુભાવો, ઉદ્યોગપતિઓ, વિવિધ સંસ્થાઓના હોદેદારો, અધિકારીઓ, અને વિશાળ સંખ્યામાં રાજકોટની ધર્મપ્રેમી જનતાએ આ અદભૂત અવસરનો હાવો લઈ મૌલેશભાઈ ઉકાણી તથા અને ઉકાણી પરિવારને શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા હતા. રાજકોટના કાલાવડ રોડ પર ઉકાણી પરિવાર દ્વારા ઈશ્વરીયામાં ખાસ ઉભા કરાયેલા વૃંદાવનધામની થીમને લોકોએ આબેહુબ વખાણી અને મનોરથ ઉત્સવ માયો હતો. વૃંદાવન ખાતે નિર્મિત ગીરીરાજ પર્વત, નાથજીના ના મોતી મહેલ, શ્રીજી બાવાના પ્રેમ મંદિર, શામળાજી મંદિર, ડાકોર મંદિર, દ્વારકાધીશ મંદિરની આબેહુબ પ્રતિકૃતી ને નિહાળવા લોકો ઉત્સાહ અને રોમાંચ સાથે ફોટોગ્રાફી તથા સેલ્ફી લઈ આ અવસને યાદગાર બનાવ્યો હતો.

### મનોરથ ઉત્સવને 'સોનેરી સંભારણું' બનાવવા બદલ રાજકોટની ધર્મપ્રેમી જનતાનો આભાર માનતા મૌલેશભાઈ ઉકાણી

ગુજરાતના હર્બલ જાયન્ટ તરીકે ઓળખાતા દિગ્ગજ ઉદ્યોગપતિ અને બાનલેબ ના મેનેજીંગ ડાયરેકટર મૌલેશભાઈ ઉકાણી પરિવાર દ્વારા યોજાયેલા ત્રિદિવસીય મનોરથ ઉત્સવમાં ઈશ્વરીયા ખાતે ભવ્યાતિભવ્ય 'વૃંદાવન ધામ' ને નિહાળવા ત્રણ દિવસમાં રાજકોટની ધર્મપ્રેમી જનતાએ સહભાગી બની મનોરથ ઉત્સવને સોનેરી સંભારણું બનાવ્યુ હતું.

ઉકાણી પરિવારની લાડકવાયી દિકરી ચિ. રાધાના લગ્નોત્સવ પૂર્વ યોજાયેલા ત્રિદિવસીય મનોરથ અને નાથદ્વારાની ધ્વજાજીના દર્શન કરી રાજકોટના વૈષ્ણવો અને ધર્મપ્રેમી જનતાએ આ અલૌકિક અવસરનો મોટી સંખ્યામાં ધર્મલાભ લીધો છે. ઉકાણી પરિવાર દ્વારા સ્વજનો, મિત્રવર્તુળ, મોંઘેરા મહેમાનો, સગા સંબંધીઓ, રાજકીય સામાજીક આગેવાનો ઉપરાંત આ ભવ્ય દિવ્ય મનોરથ ઉત્સવમાં રાજકોટની જનતાને પણ જાહેર આમંત્રણ પાઠવી આ અણમોલ અવસરમાં ધર્મપ્રેમીઓને સહભાગી કર્યા હતા. ત્રણ દિવસના મનોરથ પ્રસંગે રાજકોટની જનતાએ પણ ઉમંગ અને ઉત્સાહ સાથે જોડાયને ઠાકોરજીની ધ્વજાજીના દર્શન તથા વુંદાવનધામની પ્રતીકૃતિઓ નિહાળી અભિભૂત બની મૌલેશભાઈ ઉકાણી તથા ઉકાણી પરિવાર પર શુભેચ્છા વર્ષા કરી છે. ત્યારે દાનવીર ઉદ્યોગપતિ મૌલેશભાઈ ઉકાણી એ ઈશ્વરીયાના વૃંદાવન ધામ ખાતે યોજાયેલા મનોરથમાં જોડાય પ્રસંગને ઐતિહાસીક અને સોનેરી સંભારણું બનાવવા બદલ રાજકોટની ધર્મપ્રેમી જનતાનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

# ગળા કાપતી પતંગની દોરીઓનો વપરાશ અટકાવવા જાગૃતતા રેલી

## આરટીઓએ અર્પિત એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટના સંયુકત ઉપક્રમે અલગ અલગ નાટકો થકી આપ્યો સંદેશ







તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

અબતક, રાજકોટ

ઉત્તરાયણ પર્વની આખા રાજ્યમાં ઉત્સાહભેર ઉજવણી થતી હોય છે પણ આ પર્વે ગળા કાપતી દોરીઓના લીધે અનેક પરિવારોના માળા વિખાઈ જતાં હોય છે. ઉપરાંત પશુ પક્ષીઓને પણ જીવલેણ ઈજાઓ પહોંચતી હોય છે ત્યારે આ પ્રકારની ગળા કાપતી દોરીઓનો ઉપયોગ અટકે તેવા ઉદેશ્ય સાથે આરટીઓ તંત્ર દ્વારા અર્પિત એજ્યુકેશનલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે જાગૃતતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ નાટકો થકી પ્રજાને આવી દોરીનો ઉપયોગ નહિ કરવા સંદેશ આપવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ આરટીઓ કે એમ ખપેડના નેતૃત્વમાં

(અનું. આઠમાં પાને)

### પતંગ કોઈનો જીવ ન હણે તે આપણા સૌની જવાબદારી : કે.એમ.ખપેડ



આરટીઓ કે એમ ખપેડે જણાવ્યું હતું કે, ઉતરાયણનો તહેવાર લોકો ખૂબ સારી રીતે ઉજવતા હોય છે. ત્યારે ઉતરાયણના તહેવારમાં ઘણી વખત એવા બનાવ બનતા હોય છે જેના કારણે ઘણા લોકો બેઘર બનતા હોય છે. અનેક લોકો ઈજાગ્રસ્ત થતાં હોય છે. ઉપરાંત આપણો પરિવાર છે તેમ પક્ષીઓનો પણ પરિવાર છે જેથી તેમની જિંદગી બચાવવાની જવાબદારી આપણી હોય છે.

દોરાથી બચવા વાહન ચાલકોએ મફલર, હેલ્મેટ અને નેકબેન્ડ પ્રોટેકશનનો ઉપયોગ કરવો જોઈએ.

### પતંગ ચગાવતી વેળાએ અનિચ્છનીય બનાવ ન બને તેનું ધ્યાન રાખવું : ડીસીપી પૂજા યાદવ



ડીસીપી પૂજા યાદવે જણાવ્યું હતું કે, ઉતરાયણના તહેવારમાં કોઈના ગળા ન કપાય, કોઈ પક્ષી કે પશુઓને ઈજા ન પહોંચે તેના માટે ચાઈનીઝ દોરીઓ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. લોકોએ પતંગ ચગાવવા ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવો જોઈએ છે. પતંગ ચગાવતી વખતે પશુ-પક્ષીઓનું ધ્યાન રાખવું જોઈએ. મહિલાઓની સાથે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેનું ધ્યાન રાખવું જોઈએ.

દાણા જોવા બાબતે ડખ્ખો :સામસામે વિંછીયા પોલીસમાં ફરિયાદ

# તેં મારી પત્નીનો હાથ કેમ પકડ્યો? કહી ઝઘડો કર્યા બાદ ભુવા પર છરી-પાઈપ વડે હુમલો

## સાત શખ્સોએ વિંછીયાના ઢેઢુકી ગામે મોડી રાત્રે સાત શખ્સો હથિયાર સાથે તૂટી પડ્યા : પત્ની - પુત્રને પણ માર માર્યો

## પરિણીતાએ ભુવા વિરુદ્ધ શારીરિક અડપલાં કર્યાની વળતી ફરિયાદ નોંધાવી

**અબતક, રાજકોટ**

વિંછીયાના ઢેઢુકી ગામે તે મારી પત્નીનો હાથ કેમ પકડ્યો કહી ભુવા સાથે પાંચેક દિવસ પૂર્વે બોલાચાલી થયાં બાદ ભુવા અને તેમની પત્ની પર સાત શખ્સોએ છરી, ધોકા, પાઈપ વડે હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. જ્યારે સામાપક્ષે પરિણીતાએ ભુવા વિરુદ્ધ શારીરિક અડપલાં કર્યાની વળતી ફરિયાદ નોંધાવી છે.

વિંછીયાના ઢેઢુકી ગામમાં રહેતા ચકુભાઈ પોલાભાઈ સાકળીયા (ઉ.વ.૬૫) નામના ખેડૂતે વિંછીયા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં વિશાલ સામંત મેણીયા અને છ અજાણ્યા શખ્સોનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત તા. ૦૮/૦૧/ ૨૦૨૫ ના રોજ સાંજે હું તથા મારી પત્ની મંજુબેન અમારી વાડીના મકાને સુતા હતા. બાદમાં રાત્રીના બે વાગ્યાં આસપાસ ખુબ દેકારો થતાં હું જાગી ગયેલ હતો. તયારે મારા ઘરની ઓસરીમાં પત્ની તથા બીજા ત્રણ શખ્સો ઉભેલા હતા અને મારી પત્નીને કહેતા હતા કે ક્યાં ગયા ભૂવા અમારે દાણા જોવરાવવા છે. બાદમાં મારી પત્નીની સાડી ખેંચી નાખેલ અને તેની સાથે ઝપાઝપી કરવા લાગેલ હતા જેથી મે કહેલ કે તમે બધા કોણ છો? ત્યારે અજાણ્યા શખ્સો પૈકી કોઈકે પૂછ્યું હતું કે, આ જ ભુવા છે ને?જેથી મારા ભાણાનો દીકરો વિશાલભાઈ સામતભાઈ મેણિયા (રહે. દેવપરા નવાગામ, ચોટીલા,સુરેન્દ્રનગર) એ કહેલ કે હા આજ ભૂવા છે એમ કહેતા બે અજાણ્યા શખ્સોએ લોખંડના પાઈપ વડે જમણા કાંડા અને ડાબા હાથ પર મારી દીધેલ હતો.

બાદમાં વિશાલે પાઈપ વડે મને બંને હાથ તથા પીઠના ભાગે માર માર્યો હતો. દરમિયાન અન્ય ચાર અજાણ્યા શખ્સો ધસી આવેલ હતા. જેમાંથી એકના હાથમા ધારિયું, બીજાના હાથમાં છરી અને અન્ય બેના હાથમા લાકડીઓ હતી. એક શખ્સે છરી વડે મારા ડાબા હાથમાં ઘા ઝીંકી દીધો હતો જયારે અન્ય એક શખ્સે લાકડી વડે માર માર્યો હતો. એક શખ્સે માથાના ભાગે ઘા ઝીંકતા હું ઢળી પડ્યો હતો બાદમાં મને ઢસડીને ઓસરીમાંથી ફળીયામાં લઈ ગયેલ હતા. દરમિયાન મારો પુત્ર પનજી આવી જતાં હુમલાખોરોએ તેને પણ પાઈપ વડે માર માર્યો હતો. હુમલાના પગલે થયેલા દેકારાને લીધે મારો બજાઈ તેજાભાઈ અને ભત્રીજો જુવાનસિંહ, પુત્ર જેન્તી આવી જતાં વચ્ચે પડી બચાવેલ હતા અને હુમલાખોરો સફેદ કલરની કારમાં નાસી ગયાં હતા. પરિજનોએ મને જસદણ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડતા બંને હાથમા ફ્રેક્ચર થયાનું સામે આવ્યું હતું.

બનાવના કારણ અંગે ફરિયાદીએ જણાવ્યું હતું કે, આજથી વિસેક દિવસ પહેલા મારા ભાણા સામતભાઈનો ફોન આવેલ હતો કે, સુરેશભાઈની પત્નીનો દવાખાને રિપોર્ટ સારા નથી આવતા નથી તેથી તમે દાણા જોઈ દયો જેથી મેં કહ્યું કે મેં દાણા જોવાનું બંધ કરે કરેલ છે તું દાદાને માનતા કર અને સારું થઈ જાય તો માનતા કરવા આવજો. બાદમા પાંચેક દિવસ પહેલા સુરેશભાઈ તથા તેમની પત્ની દાદાએ માનતા કરવા આવેલા ત્યારે મારા ઘરે આવ્યા હતા. મારી ઘરે દુધ ન હોય જેથી સુરેશભાઈ દૂધ લેવા ગયેલ અને દૂધ લઈને આવતા મને કહેવા લાગ્યા કે, તમે મારી પત્નીનો હાથ કેમ પકડ્યો એવા ખોટા આરોપ લગાડી બોલાચાલી કરી હતી.

સામાપક્ષે પરિણીતાએ ભુવા વિરુદ્ધ શારીરિક અડપલાંની ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી મુજબ પરિણીતા તેના પતિ સાથે માનતા કરવા ગઈ હતી ત્યારે દૂધ લેવા ગયેલા પતિની ગેરહાજરીમાં ભુવાએ પરિણીતાનો હાથ પકડી છાતીના ભાગે હાથ ફેરવી શારીરિક અડપલાં કર્યા હતા. જે વાતની જાણ પરિણીતાએ પતિને કરતા બોલાચાલી થઈ હતી. મામલામાં વિંછીયા પોલીસે ભુવા વિરુદ્ધ ઈવીલ એન્ડ અઘોરી પ્રેક્ટીસીસ એન્ડ બ્લેક મેજીક એક્ટ તેમજ શારીરિક અડપલાં સહીતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

# સોનીબજારમાં બાકીદારો પર ત્રાટકતી ટેક્સ બ્રાન્ચ

## ટેક્સ રિકવરીની કામગીરી અંતર્ગત ૧૫ મિલકતોને તાળાઃ બે નળ જોડાણ કપાયા

**અબતક, રાજકોટ**



કોર્પોરેશનની વેરા વસૂલાત શાખા દ્વારા આજે હાથ ધરવામાં આવેલી ટેક્સ રિકવરીની કામગીરી અંતર્ગત શહેરના અલગ-અલગ વિસ્તારોમાં બાકીદારોની ૧૫ મિલકતોને સીલ કરી દેવામાં આવી હતી. જ્યારે ૨૦ મિલકતો સામે સીલીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવતા બાકીદારોએ સ્થળ પર જ વેરો ભરપાઈ કરી દીધો હતો.

વોર્ડ નં.૭માં સોનીબજાર વિસ્તારમાં બાલાજી ચેમ્બર હરિઓમ કોમર્શિયલ કોમ્પ્લેક્સ, ગોપાલ મેન્સન અને માધવ કોમ્પ્લેક્સમાં બાકીદારોની ૧૦ મિલકતોને સીલ કરી દેવામાં આવી હતી. આ ઉપરાંત વોર્ડ નં.૨માં જામનગર રોડ, રૈયા રોડ, વોર્ડ નં.૩માં દાણાપીઠ, વોર્ડ નં.૫માં કુવાડવા રોડ, વોર્ડ નં.૬માં માર્કેટીંગ યાર્ડ વિસ્તાર, વોર્ડ નં.૭માં સોનીબજાર ઉપરાંત ગરેડીયા કુવા રોડ, કડીયાનવલાઈન, ધર્મેન્દ્ર રોડ, ન્યૂ જાગનાથ, વોર્ડ નં.૮માં અમિન માર્ગ, કાલાવડ રોડ, વોર્ડ નં.૧૩માં ૧૫૦ ફૂટ રીંગ રોડ, ચામુંડાનગર, ગોંડલ રોડ, વોર્ડ નં.૧૪માં કેનાલ રોડ, લક્ષ્મીવાડી, વોર્ડ નં.૧૫માં કાંતિ ઉદ્યોગનગર, વોર્ડ નં.૧૮માં કોઠારીયા રોડ પર ટેક્સ રિકવરીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત ૧૫ મિલકતો સીલ કરી દેવામાં આવી છે.

# આંતરરાષ્ટ્રીય કુર્મી સેનાના કાર્યાલયનું રવિવારે ઉદ્ઘાટન

## પાટીદાર સમાજના એકીકૃત સામાજીક સંગઠન માટે કામગીરી કરવામાં આવશેઃ 'અબતક' સાથેની મુલાકાતમાં સમગ્ર માહિતી આપી

**અબતક, રાજકોટ**



તસ્વીરઃ દર્શન વાડોલીયા

સમગ્ર દેશમાં અને વિદેશમાં વસવાટ કરતા પટેલ પાટીદાર કુમી કુનબી મરાઠા કમ્મા ખડાયાત, ગુર્જર ના નામથી પ્રચલિત કિશાન જાતિની સામાજીક એકતા માટે નવનિર્મિત સંગઠન આંતરરાષ્ટ્રીય કૂમી સેના ના વહીવટી કાર્યાલયનો આગામી ૧૨ જાન્યુઆરી રવિવારના રોજ સ્વામી વિવેકાનંદનાં જન્મ દિન પર રાજકોટ ખાતે શુભારંભ કરવામાં આવી રહ્યો છે. આંતર રાષ્ટ્રીય કુર્મી સેના ના કાર્યાલયનું સમાજના શ્રેષ્ઠીઓ અને નવ યુવાનોની હાજરીમાં ઉદઘાટન કરવામાં આવશે.

'અબતક' સાથેની મુલાકાતમાં અશોકભાઈ દલસાણીયા, જિજ્ઞેશ કાલાવડીયા, ચિરાગ કાકડીયા, કેતન તાળા વિજય શિયાળી, નરેન્દ્ર પટેલ હરેશ બુસા, ધવલ વડલીયા, ભાસ્કર પટેલ, સંજય ખીરસરિયા, કૌશિક ગોવાણી, પ્રિન્સ પટેલ, ચિરાગ જસાણી, મયુર સાવલીયાએ વધુ માહીતી આપી હતી.

કુર્મી સેનાના યુવાનો દ્વારા ઉદઘાટન સમારોહને લઈને વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે. કુર્મી સેના દ્વારા ૧૨ જાન્યુઆરીના રોજ આ પ્રસંગે એક ખસા હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવશે.

પ્રવર્તમાન સમયમાં શહેરોમાં મધ્યમ વર્ગ આર્થિક ભીંસને કારણે મુશ્કેલી નો સામનો કરી રહેલ છે. અને તેને કારણે સામુહિક આપઘાતના બનાવો પણ મોટી સંખ્યામાં સામે આવી રહ્યા છે. આ બાબતે સંગઠન દ્વારા સક્રિય કામગીરી કરવામાં આવશે. સમાજના યુવાનોમાં શારીરીક અને બૌદ્ધિક ક્ષમતા કેળવવા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવું. ખેતી, વ્યાપાર, ઉદ્યોગ, આરોગ્ય શિક્ષણ જેવા વિવિધ ૧૫ ક્ષેત્રોમાં નકકર કામગીરી માટે બુદ્ધિજીવી અને અનુભવી લોકોની સમીતી બનાવવી, સમાજમાં વૈચારિત જાગૃતિ માટે પુસ્તકો, મેગેઝિન પ્રસિધ્ધ કરી સાહિત્ય ક્ષેત્રે નકકર કામગીરી કરવી સમાજનાં લેખકો કવિઓ, સાહિત્યકારો કલાકારોને પ્લેટફોર્મ પુરુ પાડયું.

સમાજના જરુરીયાત મંદ લોકો માટે દાતાઓના સહયોગથી વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવી વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. કુમી સેના સહતિના કાર્યકરો આ ઉદઘાટન સમારોહને લઈને જહેમત ઉઠાવી રહ્યા છે. કુર્મી સેનાનું કાર્યાલય સહજાનંદ કોમ્પલેકસ ચશ્મા ઘર ઉપર મવડી ચોકડી પાસે રાજકોટ ખાતે શરુ થવા જઈ રહ્યું છે. જયાં સમાજનાં જરુરીયાત મંદ લોકો માટે અવાજ ઉઠાવવામાં આવશે.

# ૨૫,૦૦૦ બાંગ્લાદેશીઓને ઘર ભેગા કરવા ગૌહાટી હાઈકોર્ટનું ફરમાન

## નોંધણી અધિનિયમ હેઠળ નોંધણી કરાવવામાં નિષ્ફળ ગયેલા લગભગ ૫ હજાર લોકોને પરિવાર સાથે દેશનિકાલનો સામનો કરવો પડશે

**અબતક, રાજકોટ**

આસામમાં આશરે ૨૫,૦૦૦ બાંગ્લાદેશી વસાહતીઓને ટ્રિબ્યુનલ્સ દ્વારા વિદેશી જાહેર કર્યા પછી આસામમાં રહેતા હજારો બાંગ્લાદેશી વસાહતીઓને દેશમાંથી બહાર કાઢવાનો ખતરો છે. ગુરુવારે ગૌહાટી હાઈકોર્ટનો નિર્ણય ઈમિગ્રન્ટ્સ સંબંધિત એક કેસમાં આવ્યો. વાસ્તવમાં, આ કેસ એવા ઈમિગ્રન્ટ્સ સાથે સંબંધિત છે જેઓ ૧૯૬૬ અને ૧૯૭૧ વચ્ચે રાજ્યમાં આવ્યા હતા, પરંતુ તેઓ ફોરેનર્સ રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસર પાસે પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શક્યા ન હતા. ટ્રિબ્યુનલ્સ દ્વારા વિદેશી જાહેર કર્યા પછી, નોંધણી કરાવવી જરૂરી છે.

રિપોર્ટ્સ અનુસાર, કોર્ટનો આ નિર્ણય એક બેગમ ઝાન નામની અપીલ પરથી આવ્યો છે, જેમણે એફ આર આર ઓ સાથે નોંધણી કરવા માટે એક્સટેંશનની માંગ કરી હતી. આ મહિલાને ૨૯ જૂન, ૨૦૨૦ ના રોજ બારપેટા ફોરેનર્સ ટ્રિબ્યુનલ દ્વારા વિદેશી જાહેર કરવામાં આવી હતી, પરંતુ તે નોંધણી કરાવવામાં નિષ્ફળ રહી હતી. હવે તેણે હાઈકોર્ટમાં નોંધણી માટે સમય વધારવાની અરજી કરી હતી, જેને કોર્ટે ફગાવી દીધી છે. હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં આપેલા નિર્ણયને ટાંક્યો છે. નોંધણી કરાવવામાં નિષ્ફળ ગયેલા લગભગ ૫ હજાર લોકોને તેમના પરિવારના સભ્યો સાથે દેશનિકાલનો સામનો કરવો પડી શકે છે. દેશનિકાલની ધમકીનો સામનો કરી રહેલા લોકોની સંખ્યા લગભગ ૨૫ હજાર છે. હાઈકોર્ટનું કહેવું છે કે જાનના કેસમાં તે સમય વધારવાની મંજૂરી આપી શકે નહીં, કારણ કે તે સુપ્રીમ કોર્ટના નિર્ણયથી બંધાયેલ છે. જે અંગે જઈ બેન્ચના બહુમતી ન્યાયાધીશોએ એવું માન્યું હતું કે આ જૂથમાં (૧૯૬૬ થી ૧૯૭૧) વસાહતીઓ, જેમણે નિર્ધારિત સમયમર્યાદામાં નોંધણી કરાવી નથી, તેઓ નાગરિકતા માટેની પાત્રતા ગુમાવશે. જસ્ટિસ જે.બી. પારડીવાલાએ અસંમતિ દર્શાવી, એવી દલીલ કરી કે તે ઈમિગ્રન્ટ્સને સમયમર્યાદા પછી પણ નોંધણી કરવાની મંજૂરી આપવી જોઈએ.

# હવે ડિગ્રી-ડિપ્લોમા સહિતની કોલેજોમાં વર્ષમાં બે વખત પ્રવેશ પ્રક્રિયા થઈ શકશે

## ઈજનેરીમાં જૂન-જુલાઈની મુખ્ય પ્રવેશ પ્રક્રિયા બાદ હજારો બેઠકો ખાલી પડી રહી છે અને ડ્રોપઆઉટ વધવા સાથે ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો પણ ઓછો હોવાથી એઆઈસીટીઈ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો

**અબતક, નવી દિલ્હી**

યુજીસીની ગાઈડલાઈન મુજબ કેટલીક યુનિવર્સિટીઓ દ્વારા વોકેશનલ કોર્સીસમાં વર્ષમાં બે વખત પ્રવેશની પ્રક્રિયા શરુ કરવામાં આવી છે, ત્યારે એઆઈસીટીઈ દ્વારા ટેકનિકલ કોલેજોમાં પણ વર્ષમાં બે વખત પ્રવેશ માટેની છૂટ આપવામાં આવી છે. એઆઈસીટીઈ દ્વારા આ માટે સર્ક્યુલર કરવામાં આવ્યો છે અને ટેકનિકલ કોલેજોમાં વર્ષમાં બે વખત યુજી અને પીજીના પ્રવેશ માટેના નિયમો નક્કી કરવામાં આવ્યાં છે. જેમાં ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરીથી માંડી વિવિધ ટેકનિકલ કોર્સમાં જુલાઈના સેશનમાં પ્રવેશ અપાયા બાદ ખાલી રહેતી બેઠકો પર જાન્યુઆરીમાં પણ મેરિટ આધારીત પ્રવેશ પ્રક્રિયા કરવાની જોગવાઈ કરાઈ છે. હાલ ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરીમાં જૂન-જુલાઈની મુખ્ય પ્રવેશ પ્રક્રિયા બાદ હજારો બેઠકો ખાલી પડી રહી છે અને ડ્રોપઆઉટ વધવા સાથે ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો પણ ઓછો હોવાથી એઆઈસીટીઈ દ્વારા ટેકનિકલ કોલેજોમાં બે વખત પ્રવેશ માટે ખાસ છૂટ આપવામાં આવી છે. કાઉન્સિલ દ્વારા ટેકનિકલ યુનિવર્સિટીઓ, ડિમ્ડ યુનિ.ઓ અને ઓટોનોમસ કોલેજોને મંજૂરી અપાઈ છે. જેમાં ઈજનેરી સહિતના ટેનિકલ પીજી કોર્સીસમાં માં ગેટ સ્કોર ૩ વર્ષ માટે લાયક રહેશે અને જેના આધારે જુલાઈ-જાન્યુઆરી એમ બંને વખત પ્રવેશ અપાશે. જ્યારે યુજી ડિગ્રી ઈજનેરી-ડિપ્લોમા ઈજનેરી, ડિઝાઈન, બીસીએ અને બીબીએ સહિતના કોર્સીસમાં જુલાઈના સેશનની પ્રવેશ પ્રક્રિયા બાદ ખાલી રહેતી બેઠકોમાં જાન્યુઆરીના સેશનમાં મેરિટ આધારિત પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. અગાઉના જુલાઈના સેશનમાં પ્રવેશ મેળવી ચૂકેલા વિદ્યાર્થીઓને જે તે કોલેજમાં બીજી વારના પ્રવેશ સમયે પ્રથમ તક આપવાની રહેશે. કોલેજો-યુનિ.ઓએ બે વખત પ્રવેશ કરતાં ખાસ એકેડેમિક કેલેન્ડરનું જળવાશે તેનું ધ્યાન રાખવાનું રહેશે. પીજી ઈજનેરી-ટેક્નોલોજીકલ કોર્સીસમાં જો કોલેજો નવા પ્રોગ્રામ શરુ કરવા માંગતી હોય તો કાઉન્સિલ દ્વારા પોર્ટલ ખોલવામા આવશે. કોલેજોએ અરજી કરવાની રહેશે.

# પરમ કથ્થક કેન્દ્ર દ્વારા રવિવારે કથ્થક નૃત્ય શૈલીને ઉજાગર કરનાર કાર્ય 'વિરાસત' રજુ થશે

## શાસ્ત્રીય ગીત સંગીતના ધુરંધરો કલાના ઓજસ પાથરશે

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી શહેરના પરમ કથક કેન્દ્ર દ્વારા શાસ્ત્રીય નૃત્ય શૈલી કથક નૃત્યની પરંપરાગત અભિવ્યકિત વિરાસત કાર્યક્રમનું આયોજન રવિવારે તા.૧૨ જાન્યુઆરીના સવારે ૧૦.૩૦ કલાકે શહેરનાં હેમુ ગઢવી ઓડીટોરીયમ ખાતે કરવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતર્ગત પરમ કથક કેન્દ્ર સંસ્થાના શિષ્યો દ્વારા કથક નૃત્યની પ્રસ્તુતિ થશે. જેમાં હારમોનિયમ અને ગાયન ઋષિકેશ પંડયા દ્વારા તબલા ઉપર કુણાલ વ્યાસ તથા સારંગી ઉપર અર્પિત માંડવીયા સંગત કરશે.

કાર્યક્રમના મુખ્ય મહેમાનોમાં વરિષ્ઠ નાટયવિદ ભરત યાજ્ઞીક, તપસ્વી સ્કુલનાં સંસ્થાપક અને કેળવણીકાર અમિષ દેસાઈ, રાજકોટ જીમખાના કલબનાં સેક્રેટરી હરિચંદ્રસિંહ જાડેજા, બાલભવનના ઓફીસ સુપ્રિ. કીરીટ વ્યાસ, વરિષ્ઠ નાટયકાર કૌશિક સિંધવ તથા નિર્લોક પરમાર, આકાશવાણી રાજકોટના ભાવના શિંગાળા, ધારાશાસ્ત્રી અંશ ભારદ્વાજ તેમજ સૌરાષ્ટ્ર કચ્, વિવિધ લક્ષી સહકારી મંડળી અમુલના આનંદભાઈ જોશીની વિશેષ ઉપસ્થિત રહેશે.

આ સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના નૃત્ય નિર્દેશન તેમજ સંચાલન ગૌરવ પુરસ્કૃત પલ્લવી વ્યાસની છે. નિઃશુલ્ક આયોજીત તથા આ કાર્યક્રમમાં કથક પ્રેમીઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રામ ચરિત માનસ મંદિરની સેવા માટે અનુદાન આપવા દાતાઓને અપીલ

**અબતક,રાજકોટ**

રાજકોટની ભાગોળે મોરબી રોડ પર રતનપર ખાતે દર્શનીય યાત્રાધામ શ્રીરામચરિતમાનસ મંદિર દ્વારા સદ્દગુરુ રણછોડદાસજી બાપુ, હરિચરણદાસજી મહારાજ તથા જયરામદાસજી મહારાજના શુભાશિષથી છેલ્લા ૩૦ વર્ષોથી વિવિધ ધાર્મિક,સામાજિક, સેવાકીય પ્રવૃત્તિઓનું સંચાલન થાય છે. શહેરના ભીડ-કોલાહલથી દૂર પ્રદૂષણથી મુક્ત શાંત રમણીય, નૈસર્ગિક સૌંદર્યથી ભરપૂર દેવસ્થાનમા અપાર શાંતિની અનુભુતિ માટે સહપરિવાર સંસ્થાની મુલાકાત લેવા તથા ગૌશાળાની ગાયોની ગૌસેવામાં કાયમી અન્નક્ષેત્રમાં સ્વજનોની સ્મૃતિમાં તિથિભોજનમાં તથા સંસ્થાની વિવિધ સેવા પ્રવૃત્તિઓમાં આર્થિક સહયોગ આપીને સહભાગી થવા સર્વે શ્રેષ્ઠીઓ, દાતાઓ, ભાવિકોને સિયારામ મંડળીએ હાર્દિક અનુરોધ કરેલ છે .

# બહેનના છુપાવેલા આંતરજ્ઞાતિય લગ્ન 'ઘાતકીપણું' ગણાય!!

## ભાવનગર કોર્ટે પત્ની દ્વારા કરાયેલી છૂટાછેડાની અરજી મંજુર કરીઃ મામલો હાઈકોર્ટના શરણે

**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે એક મહિલાને નોટિસ ફટકારી છે જેણે ક્રૂરતાનો ઉલ્લેખ કરીને ફેમિલી કોર્ટ દ્વારા છૂટાછેડા મેળવ્યા હતા. મહિલાએ એવી દલીલ કરી હતી કે, તેના પતિની બહેને તેમની જાતિની બહાર લગ્ન કર્યા હતા અને આ માહિતી તેનાથી છુપાવવામાં આવી હતી. પતિના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, આ દંપતીના અરેન્જ મેરેજ ૨૦૧૮ માં થયા હતા.

પત્નીને ખબર પડી કે તેની નણંદએ અન્ય જ્ઞાતિમાં લગ્ન કર્યા છે જેને તે સામાજિક જાતિ વંશવેલોમાં નીચી ગણાતી હતી. તેના બે દિવસ પછી તેણે પોતાનું વૈવાહિક ઘર છોડી દીધું હતું. ૨૦૨૦ માં, મહિલાએ ભાવનગર ફેમિલી કોર્ટમાં ક્રૂરતાનો દાવો કરીને છૂટાછેડા માટે અરજી કરી હતી. તેણીએ કહ્યું કે તેના પતિએ તેની બહેનના આંતરજાતિય લગ્ન વિશે માહિતી છુપાવી હતી.

જ્યારે તેણે બે બહેનો હોવાનો ઉલ્લેખ કર્યો હતો, ત્યારે તે ત્રીજી બહેનનો ખુલાસો કર્યો ન હતો. તેણી આ ત્રીજી બહેનને ફક્ત લગ્ન દરમિયાન મળી હતી. સામા પક્ષે પતિએ વૈવાહિક અધિકારો પુનઃસ્થાપિત કરવાની વિનંતી કરતો દાવો દાખલ કર્યો હતો, તેની પત્નીને પાછા ફરવા માટે ફરજ પાડવા માટે કોર્ટના હસ્તક્ષેપની માંગ કરી હતી.

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ ભાવનગર ફેમિલી કોર્ટે પત્નીની છૂટાછેડાની અરજી મંજૂર કરતી વખતે પતિની અરજી ફગાવી દીધી હતી. પતિએ બે અલગ-અલગ અપીલો દ્વારા આ નિર્ણયનો વિરોધ કર્યો હતો અને છૂટાછેડાના આદેશને રદ કરવા માટે હાઈકોર્ટને વિનંતી કરી હતી. પ્રારંભિક સુનાવણી પછી, ન્યાયાધીશ બિરેન વૈષ્ણવ અને ડી એમ દેસાઈએ જણાવ્યું હતું કે પડકાર હેઠળના ચુકાદા અને હુકમનામાનું અવલોકન કરવાથી સૂચવવામાં આવશે કે પત્નીની અરજી જે મુખ્ય આધારો પર સ્વીકારવામાં આવી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે અપીલકર્તા પતિએ ક્રૂરતા આચરી છે, તે એ છે કે અપીલકર્તાની એક બહેને બીજા સમુદાયના કોઈ વ્યક્તિ સાથે લગ્ન કર્યા હતા. મહિલાને જારી કરાયેલી નોટિસ બાદ હાઈકોર્ટે બંને અપીલોની સંયુક્ત સુનાવણી ૨૦ જાન્યુઆરીના રોજ નક્કી કરી છે.

# નવી શાળા શરૂકરવાની અરજી માટે ૬૦ દિવસનો સમય આપોઃ સંચાલક મંડળ

## શાળા શરૂ કરવા માટે ચેક લિસ્ટ અને દસ્તાવેજો માટે સમય જતો હોવાથી ૬૦ દિવસની, ૧૫ જાન્યુઆરી સુધી અરજી કરવાની મુદતમાં વધારો કરવાની માગણી

**અબતક, રાજકોટ**

રાજ્યમાં નવા શૈક્ષણિક સત્રથી નવી પ્રાથમિક શાળાઓ શરૂ કરવા માટે અરજીની મુદત વધારવામાં આવે તેવી માગણી સંચાલક મંડળ દ્વારા કરવામાં આવી છે. નવી શાળા શરૂ કરવા માટે ચેક લિસ્ટ અને દસ્તાવેજો માટે સમય જતો હોવાથી ૬૦ દિવસની, ૧૫ જાન્યુઆરી સુધી અરજી કરવાની મુદતમાં વધારો કરવાની માગણી કરવામાં આવી છે.સંચાલક મંડળ દ્વારા જણાવાયું છે કે, રાજ્યમાં નવી પ્રાથમિક શાળા શરૂ કરવા માટેની મુદત ઓછામાં ઓછી ૬૦ દિવસની હોવી જોઈએ. વર્તમાન અને નવી ખાનગી પ્રાથમિક શાળામાં અરજી કરવા અંગે ચેક લિસ્ટ તથા વિવિધ પુરાવા અને દસ્તાવેજો જોડવાના હોય છે, જે એકત્ર કરવામાં સમય જતો હોવાથી મુદત લંબાવવા માટે રજૂઆત કરવામાં આવી છે. જે ટ્રસ્ટ સોસાયટી કે ફાઉન્ડેશન નવી શાળા શરૂ કરવા માગતી હોય અને તેમની પાસે માલિકીનું બિલ્ડિંગ હોય તો ત્યાં મંડળોને નવી શાળા માટે અરજી કરવામાં કોઈ મૂંઝવણ આવતી નથી, પરંતુ જે ટ્રસ્ટ પાસે માલિકીનું મકાન નથી અને ભાડાના મકાનમાં શાળા શરૂ કરવા માગે છે તેવા મંડળો ૧૫ વર્ષનો રજિસ્ટર ભાડા કરાર કરાવવો અને ભાડાનું મકાન મેળવવું ખૂબ મુશ્કેલ બને છે. ૧૫ વર્ષના ભાડા કરારમાં તેમ ડ્યૂટી ૧૨% લાગતી હોવાથી બમણો ખર્ચ થાય છે. જેથી નવી શાળા માટે ભાડાના મકાન ઉપલબ્ધ થતા નથી. નવી શાળા માટે ફાયર એનઓસી અંગે પણ રજૂઆત કરવામાં આવી છે. જેમાં ફાયર એનઓસીની જોગવાઈ સંદર્ભે શાળા મંડળ અરજી કરે અને સત્તા મંડળ અરજી જમા કરે તેની પહોંચને નવી શાળાની અરજી વખતે માન્ય રાખવા માટે પણ માગણી કરવામાં આવી છે.સંચાલક મંડળ દ્વારા માગણી કરવામાં આવી છે કે, નવા શૈક્ષણિક વર્ષ એટલે કે ૨૦૨૫-૨૬ માટે નવી શાળાઓ શરૂ કરવા માટેની અરજીઓ કરવાની મુદત ૩૦ દિવસ લંબાવી ૧૫ જાન્યુઆરી સુધી છૂટ આપવી જોઈએ. આ ઉપરાંત જૂની શાળાઓના વર્ગ વધારા, માધ્યમ ફેર અને સ્થળ ફેર માટે જે તે વખતના નિયમો અનુસાર જોગવાઈ કરવા માટે પણ રજૂઆત કરાઈ છે.

ડ્રગ્સ પકડાવનારને ઈનામ આપવાની પોલીસી રંગ લાવી

# સરકારના નવતર પ્રયોગ થકી ત્રણ વર્ષમાં ૧૬૧૫૫ કરોડનું ૮૭૬૦૭ કિલો ડ્રગ્સ ઝડપાયું

## ડ્રગ્સના દૂષણને ડામવા માટે ગુજરાત સ્પેશ્યલ નાર્કો રિવોર્ડ સ્કીમ લાગુ કરનાર દેશનું પ્રથમ રાજ્ય: બાતમી આપનાર ૨૦ ટકા સુધી રોકડ ઈનામ

**અબતક, રાજકોટ**

દેશ માટે વિકાસ મોડેલ બની ગયેલું ગુજરાત જાણે ડ્રગ્સની પણ રાજધાની બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં ૧૬૧૫૫ કરોડનું ૮૭૬૦૭ કિલો ડ્રગ્સ પકડયું છે.



ડ્રગ્સ જેવા માદક પદાર્થોનું દૂષણ આજે મહાનગરો ઉપરાંત ગામડાંઓ સુધી પહોંચી ગયું છે ત્યારે ગુજરાત સરકાર આ દૂષણને ડામવા માટે પ્રતિબધ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ૨૦૨૧માં કેફી દ્રવ્યો પકડાવનારાને ઈનામ આપતી પ્રથમ નાર્કો રિવોર્ડ પોલિસી અમલમાં મૂકી હતી જેના પરિણામે ડ્રગ્સની જપ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે. ઑક્ટોબર ૨૦૨૧માં રિવોર્ડ પોલિસી લોન્ચ થઈ ત્યારથી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં રૂ ૧૬,૧૫૫ કરોડની કિંમતનું ૮૭,૬૦૭ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી દ્વારા ગુજરાત યુવાનોને કેફી દ્રવ્યોની ચુંગાલમાંથી છોડાવવાની અને ડ્રગ્સ પેડલરોને સકંજામાં લેવાની દિશામાં આગળ વધ્યું છે.

નાર્કો રિવોર્ડ પોલિસી લોન્ચ કરતી વખતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ એવું જણાવ્યું હતું કે, ડ્રગનું દૂષણ આપણા સમાજને નબળો પાડશે અને યુવાનો તેનાથી દૂર રહે એ જરૂરી છે. ડ્રગ્સ અસ્થાયી રૂપે હાઈ ફીલિંગ આપી શકે છે પરંતુ લાંબા ગાળે તે આપણા શરીરને ભયંકર નુકસાન કરે છે. કોઈ જગ્યાએ ડ્રગ્સ વેચાતું હોય અને એ અંગે યુવાનોને જાણ થાય તો તેમણે પોલીસ અને રાજ્યના ગૃહ વિભાગને માહિતગાર કરવા જોઈએ.''

ગુજરાત પોલીસે ડ્રગ્સ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે અને એટલે જ તે ડ્રગ્સ પકડવામાં દેશભરમાં અગ્રેસર છે. ગુજરાત માદક પદાર્થોના દુરુપયોગને રોકવાના હેતુથી બાતમીદારો માટે રિવોર્ડ પોલિસી શરૂ કરનારું પહેલું રાજ્ય છે. ડ્રગ્સને નેસ્તનાબૂદ કરવાના પ્રયાસોમાં પોલીસ, કર્મચારીઓ/અધિકારીઓ અને બાતમીદારો પણ મહત્વનો ભાગ ભજવે છે. બાતમીદારોના જોખમને ધ્યાનમાં લેતાં અને રાજ્યમાં કેફી પદાર્થોનો વ્યાપાર અટકાવવા માટે ગુજરાત સરકારે પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ બાતમીદારોને પ્રોત્સાહન આપવા માટે નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી શરૂ કરી હતી. આ રિવોર્ડ પોલિસીનું અમલીકરણ સરકારના ગૃહ વિભાગ હેઠળ થાય છે.

એનડીપીએસ ઍક્ટ, ૧૯૮૫ની જોગવાઈઓ હેઠળ જપ્ત કરેલા પદાર્થોની ગેરકાયદેસર કિંમતના ૨૦% સુધીની રકમ રિવોર્ડને પાત્ર હોય છે. સરકારી કર્મચારીઓ માટે તેમની સમગ્ર કારકિર્દી દરમ્યાન આ રિવોર્ડની મહત્તમ મર્યાદા રૂ. ૨૦ લાખ છે, જયારે એક જ કેસમાં કોઈ વ્યક્તિગત કર્મચારી કે અધિકારીને આપવામાં આવતી મહત્તમ રકમ રૂ. ૨ લાખ સુધીની છે. કોઈ ખાનગી વ્યક્તિએ ઑફિસ વર્કમાં મદદ કરી હોય તેને દરેક કેસ દીઠ રૂ.૨૫૦૦નો પુરસ્કાર આપવામાં આવે છે. કોઈ બાતમીદાર કે સરકારી કર્મચારીનું મૃત્યુ થઈ જાય તો તેમનો રિવોર્ડ તેમના કાનૂની વારસદાર કે નોમિનીને આપવામાં આવી શકે છે. આ રિવોર્ડ સંપૂર્ણપણે ઈનામ તરીકે ચૂકવવામાં આવે છે અને સક્ષમ

(અનુ. આઠમા પાને)

### નાર્કો રિવોર્ડ પોલિસી અંતર્ગત આ કેસમાં રિવોર્ડ આપવામાં આવે છે?

બાતમીદારો, જેમણે આપેલી માહિતી નાર્કોટિક્સ ડ્રગ્સ અને સાયકોટ્રોપિક પદાર્થો તેમજ એનડીપીએસ ઍક્ટ ૧૯૮૫ હેઠળ ગેરકાયદે હસ્તગત કરેલી મિલકતની જપ્તી તરફ દોરી જાય છે.

એનડીપીએસ ઍક્ટ ૧૯૮૫ હેઠળ અધિકૃત અધિકારીઓ, જેઓ ગેરકાયદે પદાર્થોની જપ્તી કરે છે, સફળ ઈન્વેસ્ટિગેશન/પ્રોસિક્યુશન હાથ ધરે છે અને પોસ્ટ ઈન્વેસ્ટિગેશન કાર્ય દ્વારા ગુનો સાબિત કરે છે.

અન્ય વિભાગના અધિકારીઓ, જેઓ એન.ડી.પી.એસ. ઍક્ટ ૧૯૮૫ની જોગવાઈઓનું ઉલ્લંઘન સામે લાવવામાં મદદ કરે છે.

### રિવોર્ડની રકમ શેના આધારે નક્કી થાય છે?

બાતમીદારે જપ્તીના સંદર્ભમાં આપેલ માહિતીની વિશિષ્ટતા અને ચોકસાઈ, લેવામાં આવેલ જોખમ અને તેનું પ્રમાણ વગેરે બાબતો રિવોર્ડની રકમ નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવે છે. તો સરકારી કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા સફળ જપ્તી થઈ હોય તેવા કિસ્સાઓમાં તેમણે કરેલા વિશેષ પ્રયત્નો, કાર્યવાહીમાં લીધેલું જોખમ, સતર્કતા, પ્રતિબંધિત પદાર્થ સાથે સંકળાયેલા લોકોની ધરપકડ થઈ છે કે કેમ વગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે. જે અધિકારી કે કર્મચારી તેની સામાન્ય ફરજના ભાગરૂપે મેળવેલા પુરાવા રજૂ કરે તેને કોઈ રિવોર્ડ આપવામાં આવતો નથી.

# દિવ્યાંગો હવે ઘરે બેઠા રેલવે કન્સેશન કાર્ડ બનાવી શકશે

## રાજકોટ ડિવિઝન દ્વારા દિવ્યાંગો માટે ઓનલાઈન અરજીની સુવિધા ઉભી કરાય

**અબતક, રાજકોટ**

દિવ્યાંગ વ્યકિતઓ હવે ઘરે બેઠા રેલવેના કન્સેશન કાર્ડ મેળવી શકશે આ માટે રાજકોટ ડિવિઝન દ્વારા ઓનલાઈન અરજીની સુવિધા ઉભી કરવામાં આવી છે.

ટ્રેનોમાં મુસાફરી કરતા દિવ્યાંગ વ્યક્તિઓને રેલવે દ્વારા જારી કરાયેલા પાસના આધારે ટિકિટ પર છૂટ આપવામાં આવે છે. આ પાસ મેળવવા માટે દિવ્યાંગજનોને ડીઆરએમ ઓફિસમાં આવવું પડતું હતું, પરંતુ હવે દિવ્યાંગજનો ઘરે બેઠા પાસ મેળવી શકે તે માટે દિવ્યાંગજન કાર્ડ એપ શરૂ કરવામાં આવી છે. દિવ્યાંગોએ ઓનલાઈન પોર્ટલ પર અરજી કરવી પડશે, ડીઆરએમ ઓફિસ આવવાની જરૂર નથી. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાએ માહિતી આપી હતી કે પશ્ચિમ રેલ્વેના રાજકોટ ડિવિઝનમાં દિવ્યાંગો માટે આ સુવિધા ઉપલબ્ધ થઈ ગયી છે.

ટ્રેનમાં મુસાફરી કરતા દિવ્યાંગો માટે આ રાહતના સમાચાર છે. ભારતીય રેલ્વેએ દિવ્યાંગો માટે કન્સેશન સર્ટિફિકેટ બનાવવા માટે એક પોર્ટલ તૈયાર કર્યું છે, જે દિવ્યાંગોને કન્સેશન સર્ટિફિકેટ મેળવવામાં મદદરૂપ થશે. આ કાર્ડ મેળવવા માટે, એપમાં જરૂરી વિગતો ભરો, જેમાં આઈડી પ્રૂફ, મોબાઈલ સાથે લિંક કરેલ આધાર કાર્ડ, સિવિલ સર્જન તરફથી અપંગતા પ્રમાણપત્ર, રહેણાંક પ્રમાણપત્ર, જન્મ પ્રમાણપત્ર, હોસ્પિટલ દ્વારા જારી કરાયેલ રેલ્વે કન્સેશન પ્રમાણપત્ર, પાસપોર્ટ સાઈઝ ફોટો, રેશન કાર્ડ કાર્ડની એક નકલ સબમિટ કરવાની રહેશે. ડીઆરએમ ઓફિસના અધિકારીઓ ફોર્મનું નિરીક્ષણ કરશે. દિવ્યાંગજન એપનો ઉપયોગ કરીને, વ્યક્તિ પોતાના મોબાઈલ પર ઈ-દિવ્યાંગજન કાર્ડ ડાઉનલોડ કરી શકશે. આ પોર્ટલની મદદથી, દિવ્યાંગ લોકો તેમના ઘરેથી કન્સેશનલ સર્ટિફિકેટ માટે ઓનલાઈન અરજી કરી શકશે. હવે તેમને આ કામ માટે રેલવેના ડીઆરએમ ઓફિસ કાર્યાલયમાં આવવાની જરૂર રહેશે નહીં.

દિવ્યાંગજનોએ સૌપ્રથમ રેલવે વેબસાઈટ divyangjanid.indianrail.gov.in પર પોતાનું રજીસ્ટ્રેશન કરાવવું પડશે. ઓનલાઈન અરજી પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી, રેલ્વે ટિકિટ રાહત નું પ્રમાણપત્ર ફક્ત ઓનલાઈન જ જારી કરશે. દિવ્યાંગ કાર્ડ માટે ઓનલાઈન અરજી કરવા માટે મેડિકલ કાર્ડની નકલ પણ અપલોડ કરવાની રહેશે. આ સિસ્ટમને સરળ બનાવવા માટે, દિવ્યાંગ લોકો ભારત સરકારના ઓનલાઈન પોર્ટલ www.swavlambancard.gov.in પર અરજી કરીને પણ તેમનું મેડિકલ કાર્ડ મેળવી શકે છે. અરજદારે તમામ દસ્તાવેજોની સ્વ-પ્રમાણિત સોફ્ટ કોપી અપલોડ કરવાની રહેશે. કન્સેશન સર્ટિફિકેટ પર ઉલ્લેખિત ડોક્ટરનું નામ, નોંધણી નંબર અને દિવ્યાંગતાની પ્રકૃતિ પણ લખવી જરૂરી રહેશે.

રેલ્વે કન્સેશન કાર્ડની સુવિધા મેળવતા તમામ દિવ્યાંગ વ્યક્તિઓને જાણ કરવામાં આવે છે કે જેમના કાર્ડ પહેલાથી જ બની ગયા છે તેમણે અરજી કરવાની જરૂર નથી. ફક્ત તે જ દિવ્યાંગ વ્યક્તિઓએ અરજી કરવી જેઓ નવું કાર્ડ બનાવવા માંગે છે અથવા જેમના કાર્ડની મુદત પૂરી થઈ ગઈ છે. રાજકોટ ડિવિઝન ના ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમારે દિવ્યાંગજનો ને રેલ્વે કન્સેશન કાર્ડ મેળવવા માટે આ ઓનલાઈન પોર્ટલ સુવિધાનો લાભ લેવા માટે વિનંતી કરી છે.

# કલેક્ટર કચેરીમાં હવે આઉટ સોર્સિંગથી કારકુનની ખાલી જગ્યાઓ ભરાશે નહીં

## બે રોજગાર યુવાનોની રજૂઆત બાદ મહેસુલ વિભાગે લીધો નિર્ણય

**અબતક, રાજકોટ**

રાજ્યની તમામ કલેક્ટર કચેરીઓમાં કારકુન સંવર્ગની વર્ગ-૩ની ખાલી જગ્યાઓ નિયમીત ભરતીથી કરવાના બદલે ૧૧ મહિનાના કરાર આધારે આઉટ સોર્સીંગથી કરવાનો આદેશ રાજ્ય સરકારના મહેસુલ વિભાગ દ્વારા આપવામાં આવ્યો હતો. જેની સામે વિરોધ ઉભો થયો હતો. શિક્ષિત બેરોજગારોએ આવો નિર્ણય ન લેવા કરેલી રજૂઆત સફળ રહી છે. કલેક્ટર કચેરીમાં કારકુનની જગ્યા કરાર આધારિત ન ભરવા મહેસુલ વિભાગ દ્વારા પરિપત્ર પ્રસિધ્ધ કરાયો છે.

નાણા વિભાગના ઠરાવથી રાજ્યની કલેક્ટર કચેરીઓમાં મંજૂર થયેલ કારકુન સંવર્ગની જગ્યાઓ પૈકી ખાલી જગ્યાઓ સામે આઉટસોર્સથી માનવબળની સેવાઓ લેવા સર્વે કલેક્ટરઓને મંજૂરી આપવામાં આવી હતી. વહીવટી કારણોસર આ ઠરાવની અમલવારી હાલ પૂરતી મોકૂફ રાખવાની બાબત વિચારણા હેઠળ હતી.

ગંભીરતાપૂર્વકની વિચારણાના અંતે આ ઠરાવની અમલવારી અન્ય સૂચનાઓ ન મળે ત્યાં સુધી હાલ પૂરતી મોકૂફ રાખવાનું ઠરાવવામાં આવે છે.

રાજ્યમાં શિક્ષીત બેરોજગાર યુવાનોની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. બીજી તરફ રાજ્ય સરકારના અલગ-અલગ વિભાગોમાં નવું મહેકમ મંજૂર કરવાના બદલે મંજૂર થયેલ મહેકમમાં પણ ખાલી પડેલી જગ્યાઓ નિયમીત પ્રક્રિયા હાથ ધરી ભરવાના બદલે રાજ્ય સરકાર દ્વારા આઉટ સોર્સીંગથી ભરવામાં આવે છે. જેનાથી બેરોજગારી ઘટતી નથી. કલેક્ટર કચેરીમાં કારકુનની જગ્યાઓ આઉટ સોર્સીંગથી ભરવાના નિર્ણય લેવાયાના તઘલઘી નિર્ણય સામે વ્યાપક વિરોધ ઉઠતા સરકારે ઝુંકવું પડ્યું છે.

# અમદાવાદની ઝેબર સ્કૂલમાં ૮ વર્ષની બાળકીનું મોત: હાર્ટ એટેક આવ્યો હોવાનો સંચાલકોનો દાવો

## સવારના સીડી ચઢીને આવી ત્યારે છાતીમાં દુ:ખાવો થતા લોબીની ચેર પર બેસી ગઈ અને થોડી ક્ષણમાં જ ઢળી પડી

## હોસ્પિટલ ખસેડાતા મૃત જાહેર કરાઈ: સ્કૂલમા ક્રાઈમ બ્રાન્ચની ટીમે અને બોડકદેવ પોલીસે ડોગ સ્કવોડ સાથે તપાસ હાથ ધરી

**અબતક, અમદાવાદ**

અમદાવાદના થલતેજમાં આવેલી જાણીતી ઝેબર સ્કૂલમાં ગાર્ગી રાણપરા નામની ૮ વર્ષની બાળકીનું મોત થયું છે. સવારના ૮ વાગ્યે સીડી ચઢીને આવી રહી હતી ત્યારે છાતીમાં દુખાવો થયો હતો. જેથી તેણી લોબીની ચેર પર બેસી ગઈ અને પછી થોડી ક્ષણમાં જ ઢળી પડી હતી. ત્યાર બાદ વિદ્યાર્થિનીને ઝાયડસ હોસ્પિટલમાં ખસેડી સારવાર શરૂ કરાઈ હતી. જો કે હોસ્પિટલે વિદ્યાર્થીનીને મૃત જાહેર કરી હતી. કાર્ડિયાક એરેસ્ટ હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. અસારવા સિવિલ હોસ્પિટલમાં મૃત બાળકીનું પીએમ કરવામાં આવી રહ્યું છે. પોલીસે શાળાએ પહોંચી સીસીટીવી મેળવી તપાસ શરૂ કરી છે.વિદ્યાર્થિનીના





પેરેન્ટ્સ હાલ મુંબઈ છે. તેમજ સ્કૂલમા ક્રાઈમ બ્રાન્ચના ટીમ અને બોડકદેવ પોલીસે ડોગ સ્કવોડ સાથે તપાસ કરી હતી. બોડકદેવની એક શાળા ઝેબર સ્કુલમાંથી બાળકીનો મૃતદેહ મળી આવ્યો છે. ૮ વર્ષની બાળકીનું શંકાસ્પદ મોત નિપજતા ચકચાર મચી ગઈ છે. વાલીઓ દ્વારા શાળા પર પહોંચીને હોબાળો મચાવવામાં આવ્યો છે. સમગ્ર મામલે પોલીસ તપાસ કરી રહી છે.

(અનુ. આઠમા પાને)

### સ્કૂલ સ્ટાફની ગાડીમાં સારવાર માટે ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી

ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રનના પ્રિન્સિપાલ શર્મિષ્ઠા સિન્હાએ જણાવ્યું કે, ગાર્ગી તુષાર રાણપરા ધોરણ ૩માં અભ્યાસ કરતી બાળકીને છાતીમાં દુખાવો શરૂ થયો હતો. છાતીમાં દુખાવો થતાં બાળકી અચાનક બેસી ગઈ હતી. તેમજ શ્વાસ લેવામાં તકલીફ થતાં તાત્કાલિક સારવાર માટે ૧૦૮ને ફોન કર્યો હતો. એમ્બ્યુલન્સ આવવામાં વિલંબ થતો હોવાથી સ્ટાફની ગાડીમાં સારવાર માટે ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૧૮માં કુલપતિ તરીકે ડો.ઉત્પલ જોષીએ ચાર્જ સંભાળ્યો

## ડો.ઉત્પલ જોષી સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં ભૂતપૂર્વ વિધાર્થી અને ગુજરાત યુનિવર્સીટીના ભૌતિક શાસ્ત્ર ભવનના પ્રોફેસર તરીકે ફરજ બજાવી ચુક્યા છે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર પદેથી ડો. કમલ ડોડીયાને હટાવીને હવે સરકારે કાયમી કુલપતિની નિમણૂક કરી છે. સરકારે ગુજરાત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો.ઉત્પલ જોશીની નિમણૂક આ પદ પર કરી છે. છેલ્લા કાયમી

(અનુ. આઠમા પાને)

### છેલ્લા બે વર્ષથી ઈન્ચાર્જથી ગાડુ ચાલતું હતું

વર્ષ ૨૦૨૨માં કાયમી કુલપતિ પદેથી નીતિન પેથાણી નિવૃત થયા ત્યારથી રાજ્ય સરકારે સૌરાષ્ટ્રની સૌથી મોટી યુનિવર્સિટી માટે કાયમી કુલપતિની નિમણૂક કરી નહોતી. જુલાઈમાં પ્રોફેસર કમલસિંહ ડોડિયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવા ઈન્ચાર્જ કુલપતિ તરીકે ચાર્જ સોંપવામાં આવ્યો હતો. છેલ્લા કાયમી કુલપતિ નીતિન પેથાણીનો કાર્યકાળ ફેબ્રુઆરી ૨૦૨૨ માં સમાપ્ત થયો ત્યારથી યુનિવર્સિટીનું સંચાલન ઈન્ચાર્જ વાઈસ-ચાન્સેલર દ્વારા કરવામાં આવતું હતું.

# પ્લાસ્ટિક વેસ્ટ લઈ આવો અને જેકેટ લઈ જાઓ: વિદ્યાર્થીઓ માટે ખાસ ઓફર

## વિદ્યાર્થીઓ પ્લાસ્ટિકનો કચરો શાળામાં લાવશે, જ્યાં તેને રિસાયકલ કરીને જેકેટમાં રૂપાંતરિત કરવામાં આવશે

**અબતક, અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરમાં પ્લાસ્ટિકના કચરાના નિકાલમાં શાળાઓના વિદ્યાર્થીઓને સામેલ કરવાનો નિર્ણય લીધો છે. સ્કૂલના વિદ્યાર્થીઓ પ્લાસ્ટિકનો કચરો શાળામાં લાવશે, જ્યાં તેને રિસાયકલ કરીને જેકેટમાં રૂપાંતરિત કરવામાં આવશે. આ જેકેટ વિદ્યાર્થીઓને આપવામાં આવશે. સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના વિદ્યાર્થીઓ ઘરે ઉત્પન્ન થતો પ્લાસ્ટિકનો કચરો, જેમ કે ખાલી પ્લાસ્ટિક બોટલ અથવા અન્ય વસ્તુઓ, શાળામાં લાવશે. આ કચરાનો રિસાયકલ કરીને જેકેટ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવશે, જે પ્લાસ્ટિકનો કચરો જમા કરનારા વિદ્યાર્થીઓ ને આપવામાં

(અનુ. આઠમા પાને)

### પ્લાસ્ટિકની બોટલથી બનાવવામાં આવેલ જેકેટમાં બીજું શું ખાસ?

- આ કપડાં સંપૂર્ણપણે ગ્રીન ટેક્નોલોજી પર આધારિત છે
- સાથે જ આ બોટલો રહેણાંક વિસ્તારો અને દરિયામાંથી એકત્ર કરવામાં આવે છે.
- મહત્વનું છે કે કપડાં પર એક ક્યુઆર કોડ હોય છે જેને સ્કેન કરીને તેનો સંપૂર્ણ ઈતિહાસ જાણી શકાય છે.

# મોબાઈલ પ્રતિબંધ પ્રાથમિક શાળાઓમાં ફરજીયાત કરાશે: શિક્ષણ મંત્રી

## સોશિયલ મીડિયા અને સ્માર્ટ ફોનની નકારાત્મક અસરો દુર કરવા રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં ગાઈડલાઈન જાહેર કરાશે: મંત્રી પ્રફુલ પાનશેરિયા

**અબતક, રાજકોટ**

સમગ્ર દેશમાં કેટલાક સમયથી બાળકોમાં સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનનો વ્યાપ વધી રહ્યો છે, જેના કારણે બાળકોમાં વાંચન શક્તિ અને રમત ગમતનો વ્યાપ પણ ઘટી રહ્યો છે, જેની ચિંતા કરીને રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સ્વર્ણિમ સંકુલ - ૨ ગાંધીનગર ખાતે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ સુનયના તોમર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે આજે બાળકોને સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનની નકારાત્મક અસરોથી બાળકોને કઈ રીતે દૂર રાખી શકાય તે અંગે ગંભીર ચર્ચા કરવામાં આવી હતી.

બાળકો - વાલીઓ અને શિક્ષકો માટે ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ટીચર યુનિવર્સિટી તેમજ સિવિલના સાયકાટ્રીસ્ટની સાથે પરામર્શ કરીને એક પરિપત્ર બહાર પાડવામાં આવશે અને બાળકોના ભવિષ્યની ચિંતા કરીને એક અભિયાન સ્વરૂપે શરૂ કરવામાં આવશે.

રાજ્ય શિક્ષણમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, બાળકોનો સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનનો વધુ ઉપયોગ તેમની શારીરિક અને માનસિક શક્તિને અસર કરી રહ્યો છે, બાળકો મોબાઈલનો ઉપયોગ ઓછો કરે અને રમત ગમત પ્રત્યે વધુ ધ્યાન આપે તે માટે વાલીઓ તેમજ શિક્ષકો માટે નિયમ બનાવાશે. જેમાં શિક્ષકોને ક્લાસરૂમમાં મોબાઈલના ઉપયોગ પર પ્રતિબંધ, અને પ્રાથમિક શાળાના બાળકો મોબાઈલ લઈને શાળામાં ન આવે તે માટેના કડક પગલા લેવામાં આવશે.

વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, બાળકોના સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનના ઉપયોગને બદલે તેમને વાંચન - રમત ગમત જેવી પ્રવૃતિઓમાં જોડાયેલા રહે તે માટે શાળાઓના શિક્ષકોને માહિત ગાર કરવામાં આવશે, સાથોસાથ મંત્રીએ બાળકોના માતા-પિતાને વિનંતી કરી હતી કે, બાળકોની સામે પોતે સોશિયલ મીડિયાનો ઉપયોગ ન કરે, માતા-પિતા પોતે પોતાના બાળકના ભવિષ્યની ચિંતા કરીને સોશિયલ મીડિયાથી બાળકને દૂર રાખે.



સમગ્ર ભારતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ ઉચ્ચતર અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશભાઈ પટેલ અને શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં બાળકો સોશિયલ મીડિયાથી દૂર રહી પોતાના જીવનમાં વાંચન અને રમત ગમતને સ્થાન આપે તે માટે શિક્ષકો અને વાલીઓ - બાળકો માટે માર્ગદર્શિકા બહાર પાડનારું ગુજરાત પ્રથમ રાજ્ય હશે અને અન્ય રાજ્યો ગુજરાતથી પ્રેરણા લેશે તેવી મંત્રીએ આશા વ્યક્ત કરી હતી.

વધુમાં મંત્રીએ એન.જી.ઓ, ધાર્મિક સંસ્થાઓ, તેમજ સામાજિક કાર્યકરો તેમજ મીડિયાના મિત્રોને બાળકોને સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનથી દૂર રહે તે માટેના મહાભિયાનમાં જોડાવા વિનંતી કરી હતી, તેમજ ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ટીચર યુનિવર્સિટી સરકાર સાથે મળીને કઈ રીતે આ મહાભિયાન લોકો સુધી વધુને વધુ પહોચે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. દરેક શાળામાં શોર્ટ ફિલ્મ મારફતે બાળકોના વાલીઓને સોશિયલ મીડિયાના ઉપયોગો અને તેના નુકશાન વિષે માહિતગાર કરવામાં આવશે, વાલીઓ અને શિક્ષકો જો જાગૃત હશે તો જ

(અનુ. આઠમા પાને)

ધ ગ્રાન્ડ
ઠાકર
ભાટી ફ્યુઝન રેસ્ટોરન્ટ
ગુજરાતી થાળી
શિયાળામાં તથા મકરસંક્રાંતિ નિમિત્તે
રજવાડી ઊંધિયુ
જ્યુબેલી બાગ સામે, જવાહર રોડ, રાજકોટ.
વેઈટીંગ માટે : 96871 89099
બેન્કવેટ માટે : 75674 89696
પાર્સલ માટે : 95744 50010
73995 15151
રાજકોટ | મોરબી | અમદાવાદ
સિવાય કોઈપણ શહેરમાં કોઈપણ અમારી બ્રાંચ નથી.
ભળતા નામથી ચેતવું.